ગુજરાતી

# બાલભારતી



ધોરણ – છઠ્ઠું

# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ञ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક : જા.ક્ર.મરાશૈસપ્રપ/અવિવિ/શિપ્ર/૨૦૧૫-૧૬/૧૬૭૩
તારીખ : ૦૬.૦૪.૨૦૧૬

25ERHB

તમારા સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

# ગુજરાતી

# બાલભારતી

## ધોરણ-છઠ્ઠું

નામ : ............................................

શાળા : ............................................




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૬
પુનર્મુદ્રણ : ૨૦૨૨

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ
શ્રીમતી સ્મિતા દવે
શ્રી. ઇલેશકુમાર આર. ગાંધી

ગુજરાતી અભ્યાસજૂથ સદસ્ય : સુશ્રી. ઈલા શુક્લ
શ્રીમતી ભગવતી એ. પંડ્યા
ડૉ. દીપ્તિ શુક્લ
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ : શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

ચિત્રાંકન : શ્રી. વિલાસ કેરકર, મુંબઈ

મુખપૃષ્ઠ : કુ. રેશ્મા બર્વે, પુણે

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે, મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સચિન મહેતા, નિર્મિતિ અધિકારી
શ્રી. નિતિન વાણી, સહાયક નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : ગુજરાતી વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

કાગળ : ૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ

મુદ્રણાદેશ : N/PB/2022-23/2,000

મુદ્રક : M/S. S GRAPHIX (I) PVT. LTD., THANE

પ્રકાશક
શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ-૨૫.

# પ્રસ્તાવના

'રાષ્ટ્રીય શૈક્ષણિક રૂપરેખા-૨૦૦૫' અને 'બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો હક્ક અધિનિયમ - ૨૦૦૯' અનુસાર મહારાષ્ટ્ર રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ-૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ સરકારમાન્ય અભ્યાસક્રમની કાર્યવાહી ૨૦૧૩-ના શાલેય વર્ષથી ક્રમશઃ શરૂ થઈ ગઈ છે. આ સરકારમાન્ય અભ્યાસક્રમ ઉપર આધારિત ધોરણ છઠ્ઠાની 'ગુજરાતી બાલભારતી'નું પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતા અમને આનંદ થાય છે.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા બાળકેંદ્રી બની રહે, સ્વયંઅધ્યયન ઉપર ભાર આપવામાં આવે, અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયા આનંદદાયી બની રહે તેવો વ્યાપક દૃષ્ટિકોણ નજર સામે રાખી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રાથમિક શિક્ષણના જુદાજુદા તબક્કે વિદ્યાર્થીઓએ ચોક્કસ કઈ કઈ ક્ષમતા પ્રાપ્ત કરવાની છે તે અધ્યયન-અધ્યાપન કરાવતી વખતે સ્પષ્ટ થવી જોઈએ, તે માટે આ પાઠ્યપુસ્તકમાં ભાષાવિષયક અપેક્ષિત ક્ષમતા વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ વયોજૂથના વિદ્યાર્થીઓના ભાવવિશ્વને ધ્યાનમાં રાખીને પાઠ અને કવિતાનો સમાવેશ પાઠ્યપુસ્તકમાં કરેલો છે. ભાષિક કૌશલ્યોના વિકાસ માટે નવીનતાસભર સ્વાધ્યાય, ઉપક્રમ અને પ્રકલ્પો આપેલા છે. દરેક કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા પ્રસ્તાવના અંતર્ગત નિરીક્ષણ કરીએ, ગાઈએ, વાર્તા સાંભળીએ, રમીએ, ઉખાણા ઉકેલીએ, ચર્ચા કરીએ, કૃતિ કરીએ, વિચારો અને કહો જેવી કૃતિઓ આપેલી છે. શબ્દસંપત્તિના વિકાસ માટેના નાવિન્યતાથી સભર સ્વાધ્યાયો આપ્યા પછી સંભાષણ કૌશલ્યના વિકાસ માટેની કૃતિઓ બોક્સમાં આપેલી છે. ત્યારપછી વિષયવસ્તુને આધારિત આપેલા સ્વાધ્યાયો કરવાથી વિદ્યાર્થીઓની આકલનક્ષમતાને ખીલવાની પૂરેપૂરી તક મળશે. વિદ્યાર્થીઓની સર્જનશક્તિને તેમજ કલ્પનાશક્તિને વધુ વેગવાન બનાવવા દરેક કૃતિમાં વિવિધતાસભર પ્રકલ્પો આપેલા છે. આ પ્રકલ્પની ઉપર વિદ્યાર્થીઓની સ્વમત અભિવ્યક્તિને વાચા આપે તેવી પ્રવૃત્તિઓ આપેલી છે. 'હું વાંચું ... તમે પણ વાંચો' શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓની વાંચનભૂખને સંતોષે તેવી આકર્ષક, જાણવા જેવી અને મૂલ્યનિષ્ઠ માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. પાઠ્યપુસ્તકમાં આપેલી આ પ્રવૃત્તિનો મૂળ ઉદ્દેશ છે કે વિદ્યાર્થીઓ પુસ્તકાલય તરફ સ્વયંપ્રેરણાથી દોડી જવા ઉત્સુક બને, તત્પર બને. આ ઉદ્દેશ સિદ્ધ કરવા શિક્ષક નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે તેવી અપેક્ષા છે. દરેક કૃતિઓનું અધ્યયન કરાવવાનું માર્ગદર્શન અધ્યાપન સંકેત હેઠળ આપેલું છે. તેમજ દરેક કૃતિના અંતે તે કૃતિનો મુખ્ય સંદેશ સુવિચાર રૂપે આપવાનો પ્રયાસ કર્યો છે. દરેક બે કૃતિઓ પછી શબ્દરમત, સ્વયંઅધ્યયન, રૂઢિપ્રયોગો-કહેવતોના ઉપક્રમ, ભાષિક સમજ અંતર્ગત આવશ્યક વ્યાકરણ, આપેલા છે. જેથી કૃતિઓના સળંગ અધ્યયનની નીરસતા ટાળી શકાય. દરેક કૃતિઓના સર્જકોનાં સંક્ષિપ્ત પરિચય પાઠ્યપુસ્તકના અંતે આપેલા છે.

ગુજરાતી ભાષા સમિતિના તેમજ અભ્યાસજૂથના સદસ્યો અને ચિત્રકારના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. પાઠ્યપુસ્તક ક્ષતિરહિત અને વધારેમાં વધારે ગુણવત્તાસભર બને તે માટે મહારાષ્ટ્રના દરેક ભાગમાંથી પસંદ કરેલાં શિક્ષક, કેટલાંક શિક્ષણતજ્જ્ઞો પાસે પુસ્તકનું સમીક્ષણ કરાવવામાં આવ્યું છે. આવેલી સૂચના અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કર્યા પછી આ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

ગુજરાતી ભાષા સમિતિ, અભ્યાસજૂથના સદસ્ય, નિમંત્રિત તજ્જ્ઞો, સંબંધિત સમીક્ષકો અને ચિત્રકાર આ બધાનું મંડળ અંતઃકરણપૂર્વક આભારી છે. વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ આ પુસ્તકનું સ્વાગત કરશે, તેવી આશા છે.

પુણે
તારીખ : ૯ મે, ૨૦૧૬, અખાત્રીજ
ભારતીય સૌર : ૧૯, વૈશાખ, ૧૯૩૮

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો,

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન અધિનાયક જય હે
ભારત ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા.
જનગણમંગલદાયક જય હે ભારત ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

## પ્રતિજ્ઞા

"ભારત મારો દેશ છે. બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે."

## ધોરણ છઠ્ઠું – ગુજરાતી અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
| --- | --- |
| **દરેક વિદ્યાર્થીઓને (ભિન્ન રૂપથી સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત, સામૂહિક રીતે કાર્ય કરવાનો અવસર અને પ્રોત્સાહન મળે તે માટે –**<br>• પોતાની ભાષામાં વાચવાની તથા ચર્ચા કરવાની તક હોય.<br>• ઉપયોગમાં લેવાતી ભાષાની વિશિષ્ટતા વિશે ચર્ચા કરવાની તક હોય.<br>• સક્રિય અને જાગૃત બનાવતી રચનાઓ, વર્તમાનપત્ર, પત્રિકાઓ, ફિલ્મ, દૃશ્ય-શ્રાવ્ય સામગ્રીને જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની અને ચર્ચા કરવાની તક હોય.<br>• સમૂહમાં કાર્ય કરવાની અને એકબીજાના કાર્યો વિશે ચર્ચા કરવાની, મત આપવા-લેવાની, પ્રશ્ન કરવાની સ્વતંત્રતા હોય.<br>• ગુજરાતીની સાથે-સાથે પોતાની ભાષાની સામગ્રી વાંચવા-લખવાની સુવિધા (બ્રેઈલ/સાંકેતિક રૂપમાં પણ) અને તે વિશે વાતચીત કરવાની સ્વતંત્રતા હોય.<br>• પોતાના પરિસર, સમય અને સમાજ સંબંધિત રચનાઓને વાંચવાની અને તેના વિશે ચર્ચા કરવાની તક હોય.<br>• પોતાની ભાષા દૃઢ કરતાં કરતાં લેખન સંબંધી પ્રવૃત્તિઓનું આયોજન થાય, જેમકે – શબ્દ રમત.<br>• ગુજરાતી ભાષામાં સંદર્ભ અનુસાર ભાષા વિશ્લેષણ (વ્યાકરણ, વાક્ય સંરચના, વિરામચિહ્નો વગેરે) કરવાની તક હોય.<br>• કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને વિકસીત કરનારી પ્રવૃત્તિઓ, જેમકે – અભિનય, નાટક, કવિતા, પઠન, સર્જનાત્મક લેખન, વિવિધ વિષયો પર સંવાદ વગેરેનું આયોજન થાય અને તેમની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય (સ્ક્રીપ્ટ) અને અહેવાલ લેખનની તક હોય.<br>• સાહિત્ય અને સાહિત્યિક તત્ત્વોની સમજૂતી વધારવાની તક હોય. | **વિદ્યાર્થી –**<br>06.05.01 વિવિધ પ્રકારના અવાજ (જેમકે – વરસાદ, હવા, રેલ, બસ, ફેરિયો વગેરે) સાંભળવાનો અનુભવ, કોઈ વસ્તુના સ્વાદનો અનુભવ પોતાની રીતે મૌખિક/સાંકેતિક ભાષામાં રજૂ કરે છે.<br>06.05.02 સાંભળેલી, જોયેલી વાતો (જેમકે – સ્થાનિક સામાજિક ઘટનાઓ, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ વિશે વિના સંકોચ વાત કરે છે અને પ્રશ્ન પૂછે છે.<br>06.05.03 જોયેલી, સાંભળેલી રચનાઓ/ઘટનાઓ, મુદ્દાઓ વિશેની વાતચીતને પોતાની રીતે આગળ વધારે છે. જેમકે – કોઈ વાર્તાને આગળ વધારવી.<br>06.05.04 રેડિયો, ટી.વી., વર્તમાનપત્રો, ઈંટરનેટ પર જોયેલા/ સાંભળેલા સમાચારોને પોતાના શબ્દોમાં કહે છે.<br>06.05.05 વિવિધ પ્રસંગ/સંદર્ભમાં કહેવાતી બીજાની વાતોને પોતાની રીતે કહે છે, જેમકે – આંખે જોઈ ન શકતા સાથીનો યાત્રા – અનુભવ.<br>06.05.06 પોતાના પરિસરમાંના લોકકથા, લોકગીતો વિશે માહિતી મેળવી તેના વિશે ચર્ચા કરે છે.<br>06.05.07 પોતાનાથી અલગ ભાષા, ખોરાક, પોશાક રહેઠાણ સંબંધી વિવિધતાઓ વિશે વાતચીત કરે છે.<br>06.05.08 કોઈ પાઠ્યપુસ્તકને ઉપલક દૃષ્ટિએ વાંચીને તેના વિષય વસ્તુનું અનુમાન કરે છે.<br>06.05.09 કોઈ પાઠ્યપુસ્તકને ઝીણવટથી તપાસી તેમાં કોઈ વિશેષ મુદ્દો શોધે છે, અનુમાન કરે છે, અર્થઘટન કરે છે. |

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| • શબ્દકોશનો પ્રયોગ કરવા માટે પ્રોત્સાહન તથા સુલભ પરિસર હોય.<br>• સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા પ્રસંગોએ પ્રસંગોચિત લોકગીતોનો સંગ્રહ કરવાની, તેની ગીતમય રજૂઆત કરવાની તક હોય. | 06.05.10 ગુજરાતી ભાષાની વિવિધ પ્રકારની વાંચન સામગ્રી (વર્તમાનપત્ર, પત્રિકા, વાર્તા, માહિતી પ્રધાન સામગ્રી, ઇંટરનેટ પર પ્રકાશિત થતી સામગ્રી વગેરે) સમજીને વાંચે છે અને તેના વિશે પોતાની પસંદ, નાપસંદ, મત, ટિપ્પણી આપે છે.<br>06.05.11 ભાષાની વિશિષ્ટતા પર ધ્યાન આપીને તેની પ્રશંસા કરે છે જેમકે - કવિતામાં લય, પ્રાસ, છંદ તથા વાર્તા, નિબંધમાં રૂઢિપ્રયોગ, કહેવતો વગેરે.<br>06.05.12 વિવિધ વિષયો પર લખેલી સાહિત્યિક સામગ્રીને યોગ્ય આરોહ-અવરોહ અને યોગ્ય ગતિ સાથે વાંચે છે.<br>06.05.13 ગુજરાતી ભાષાની વિવિધ પ્રકારની રચનાઓ વાંચે છે.<br>06.05.14 નવા શબ્દો પ્રત્યે જિજ્ઞાસા વ્યક્ત કરે છે અને તેમના અર્થ શોધવા માટે શબ્દકોશનો ઉપયોગ કરે છે.<br>06.05.15 વિવિધ કળાઓ જેમકે - હસ્તકળા, વાસ્તુકળા, કૃષિકળા, નૃત્યકળા વગેરે સંબંધિત સામગ્રીમાં વપરાતી ભાષા પ્રત્યે જિજ્ઞાસા વ્યક્ત કરી તેની પ્રશંસા કરે છે.<br>06.05.16 બીજા દ્વારા વ્યક્ત કરાયેલ અનુભવોને આવશ્યકતા-નુસાર લખવા, જેમકે - સાર્વજનિક સ્થળોએ (જેમકે - ચોક, બસસ્થાનક, રેલ્વેસ્ટેશન વગેરે) સાંભળેલી વાતો લખવી.<br>06.05.17 ગુજરાતી ભાષામાં વિવિધ પ્રકારની સામગ્રી (વર્તમાનપત્ર, પત્રિકા, વાર્તા, માહિતી પ્રધાન સામગ્રી, ઇન્ટરનેટ પર પ્રકાશિત થતી સામગ્રીને સમજીને વાંચે છે અને તેના વિશે પોતાની પસંદ, નાપસંદ, ટિપ્પણી લેખિત અથવા બ્રેઈલ ભાષામાં વ્યક્ત કરે છે.<br>06.05.18 વિવિધ વિષયો, ઉદ્દેશો માટે યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરીને લખે છે.<br>06.05.19 વિવિધ પ્રસંગે/સંદર્ભે કહેવાતી બીજાની વાતને પોતાની રીતે લખે છે.<br>06.05.20 વિવિધ સંદર્ભે વિવિધ ઉદ્દેશો માટે લખતી વખતે શબ્દો, વાક્યરચના, રૂઢિપ્રયોગ વગેરેનો યોગ્ય ઉપયોગ કરે છે. |

# અનુક્રમણિકા



| અ.ક્ર. | પાઠ/કવિતા | કવિ/લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | જીવન અંજલિ થાજો | કરસનદાસ માણેક | ૧ |
| ૨. | અમારી કામધેનુ | ચંદ્રકાંત પંડ્યા | ૪ |
| | શબ્દરમત | --- | ૧૦ |
| ૩. | થાયે છે થેઈ થેઈકાર | પ્રહલાદ પારેખ | ૧૧ |
| ૪. | બુદ્ધિની કરામત | જીવરામ જોષી | ૧૫ |
| | સ્વયં અધ્યયન (ઉપક્રમ) | | ૨૧ |
| ૫. | લોકગીત | --- | ૨૨ |
| ૬. | ગુજરાતની પ્રવાસભૂમિ | ડૉ. મીનાક્ષી ઠાકર | ૨૬ |
| | રૂઢિપ્રયોગો (ઉપક્રમ) | --- | ૩૨ |
| ૭. | સરદાર કથા | સાંઈરામ દવે | ૩૩ |
| ૮. | ગોબરગૅસ | દિલિપ રૉય | ૩૭ |
| | ભાષિક સમજ (ક્રિયાવિશેષણ) | --- | ૪૭ |
| ૯. | નીંદરભરી | ઝવેરચંદ મેઘાણી | ૪૮ |
| ૧૦. | ડૉ. નીલકંઠરાય છત્રપતિ | યશવંત મહેતા | ૫૨ |
| | શબ્દરમત (ઉપક્રમ) | --- | ૬૧ |
| ૧૧. | સ્વચ્છતા માટે થેંક્યું | પ્રદીપકુમાર એસ. દોશી | ૬૨ |
| ૧૨. | અદ્ભુત નિશાનબાજ | ચીમનભાઈ દવે | ૬૬ |
| | કહેવત (વાર્તા) | --- | ૭૩ |
| ૧૩. | મારો ચગે રે પતંગ | બાલમુકુંદ દવે | ૭૪ |
| ૧૪. | પાતળ (પતરાળાં) | સાને ગુરૂજી<br>અનુવાદક : શ્રી નટવરલાલ દવે | ૭૯ |
| | ક્રિયાવિશેષણના પ્રકાર | --- | ૮૫ |
| ૧૫. | ચલ મન મુંબઈ નગરી | નિરંજન ભગત | ૮૮ |
| ૧૬. | બે રૂપિયા | વિનોદીની નીલકંઠ | ૯૧ |
| | ભાષિક સમજ (ઉપક્રમ) | --- | ૯૭ |
| | કવિ-લેખક પરિચય | --- | ૯૮ |
| | પરમવીર ચક્ર | --- | ૧૦૧ |



જે કૃતિના સર્જકનાં નામો લખેલાં નથી તેનાં નામોની જાણ થતાં જ તે સર્જક પ્રત્યે કૃતજ્ઞતા પાઠ્યપુસ્તક મંડળ વ્યક્ત કરશે.

પાના નં. ૧૦૪ ઉપરનાં ચિત્રનું નિરીક્ષણ કરો.
આ ચિત્રનું ઉર્દૂ કવિ ''નિદા ફાઝલી'' આવું વર્ણન કરે છે.



## બાળકો શાળાએ જઈ રહ્યાં છે.



થઈ સવાર
જમીન ઉપર ફરીથી શિસ્તમાં
આકાશ પોતાનું શિર ઝૂકાવી રહ્યું છે
કે બાળકો શાળાએ જઈ રહ્યા છે ...



નદીમાં સ્નાન કરીને સૂરજ
સોનેરી મલમલની પાઘડી બાંધી
સડકની કિનારે ઊભો રહી
મલકાય છે
કે બાળકો શાળાએ જઈ રહ્યા છે ...



**આ જ ચિત્ર માટે તમે કંઈ લખશો ?**
**નીચેની જગ્યામાં કવિતા કે નિબંધ રૂપે સાતથી આઠ વાક્યો કે પંક્તિ લખો.**

# ૧. જીવન અંજલિ થાજો

♦ ચાલો નિરીક્ષણ કરીએ.







જીવન અંજલિ થાજો !
    મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો ;
દીન દુઃખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ના ધરાજો !
    મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો !
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
    મારું જીવન અંજલિ થાજો !
વણથાકેલાં ચરણો મારાં નિત તારી સમીપે ધાજો !
હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો !
    મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો ;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !
    મારું જીવન અંજલિ થાજો !

– કરસનદાસ માણેક



## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો.**

૧) ખોબો – .................... ૨) પાણી – ....................
૩) સત્ય – .................... ૪) પગથી – ....................
૫) ફૂલ – .................... ૬) વિષ – ....................
૭) અમી – .................... ૮) હૃદય – ....................
૯) કુંડાળું – .................... ૧૦) દીવો – ....................

**સ. ૨ લોહવું'માંના 'હ'નો લોપ થવાથી 'લો'વું બને. તેવી રીતે નીચેના શબ્દોમાંથી 'હ'નો લોપ કરી બનતા શબ્દ લખો.**

૧) મહેમાન – .................... ૨) નાહવું – ....................
૩) વહેંચવું – .................... ૪) પહેરવું – ....................
૫) બહેન – .................... ૬) કહેવું – ....................

**સ. ૩ નીચેના શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો :**

દા. ત. જળ – તરસ્યાંને જળ પીવડાવવું એ પુણ્યનું કાર્ય છે.
૧) અંજલિ ૨) નૈયા ૩) દીન–દુઃખિયાં ૪) પુષ્પ
૫) અમૃત ૬) સ્પંદન ૭) ચરણ ૮) જીવન

**સ. ૪ નીચેના શબ્દસમૂહ માટેનો એક શબ્દ કાવ્યમાંથી શોધો.**

૧) થાકેલા ન હોય તેવા – ....................................................
૨) પાણીમાં કાંકરી નાંખતા ઊઠતા તરંગો – ........................................
૩) હૃદયમાં થતી લાગણીની અનુભૂતિ – ..........................................
૪) જેને પીવાથી અમર થવાય તેવું પીણું – ........................................
૫) જંગલ કે ખેતર વચ્ચેથી જતો સાંકડો રસ્તો – ..................................

♦ **સંભાષણ :** ૧) 'સર્વધર્મ સમભાવ' દર્શાવતી તમને આવડતી પ્રાર્થનાનું ગાન કરો.
૨) સવારે ઊઠીને તરત જ બોલવામાં આવતા શ્લોકનું પઠન કરો.

**સ. ૫ અધૂરી પંક્તિ પૂરી કરો.**

૧) વણથાકેલાં ચરણો ....................................................
૨) ઝેર જગતનાં ....................................................
૩) હૈયાના પ્રત્યેક ....................................................
૪) વમળોની વચ્ચે ....................................................

સ. ૬ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ભૂખ્યાનું | કેડી |
| તરસ્યાંનું | દીપક |
| દીન–દુઃખિયાંનાં | ભોજન |
| કાંટાળી | જળ |
| શ્રદ્ધાનો | આંસુ |



સ. ૭ કાવ્યમાં આવતાં જોડાક્ષરયુક્ત શબ્દોની યાદી બનાવો.

સ. ૮ તમને જરૂરિયાતમંદને જે મદદ કરવી ગમતી હોય તે ટૂંકમાં જણાવો.

સ. ૯ તમારા ઘરમાં ગવાતી પ્રાર્થના લખો.

## પ્રકલ્પ



- વર્તમાનપત્રોમાંથી દિવ્યાંગ લોકોની ઉપલબ્ધિનાં ચિત્રો કે લેખોનાં કાતરણો લગાવી એક નાનકડું આલ્બમ તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો



જીવન એક પ્રવાસ છે માટે પ્રવાસી બનો.
જીવન એક કર્તવ્ય છે માટે કર્તવ્યનિષ્ઠ બનો.
જીવન એક સંગ્રામ છે માટે શૂરવીર બનો.
જીવન એક સુગંધ છે માટે ગુલાબ બનો.
જીવન એક વૃક્ષ છે માટે બીજ બનો.
જીવન એક અભ્યાસ છે માટે અનુભવી બનો.
જીવન એક સંગીત છે માટે મધુર સૂર છેડો.
જીવન એક મેળો છે માટે સૌ સાથે ભળો.






**અધ્યાપન સંકેત :** ચિત્રોને લગતા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓને પ્રાર્થનાના અધ્યયન માટે સજ્જ કર્યા પછી પ્રાર્થનાનું મહત્ત્વ સ્પષ્ટ કરવું. પરોપકાર, દયા, ત્યાગ, સહકાર જેવાં મૂલ્યોના સિંચન માટે શક્ય તેટલું પરોક્ષ રીતે એટલે કે જાણીતી પ્રાચીન વાર્તાઓનાં ઉદાહરણો આપી તેના ઉપરથી મૌખિક ચર્ચા કરી પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરવું–ગમે તેવી મુશ્કેલીના સમયમાં હિંમત હારવી નહિ અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અતૂટ રાખી મહેનત કરવી. તે સમજાવવા માટે નરસિંહ મહેતા, મીરાંબાઈના પ્રસંગો કહેવા. ટૂંકમાં કોઈ પણ બોધ પ્રત્યક્ષ ન આપતાં વાર્તા કે પ્રસંગ કહી તેના ઉપરથી પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓ પાસેથી જ ઉત્તરો મેળવવા.

**જરૂરિયાતમંદને મદદ કરવા સદા તત્પર રહો.**

# ૨. અમારી કામધેનુ

♦ **ચાલો નિરીક્ષણ કરીએ.**










અમારે ત્યાં એક ગાય હતી. ધરમપુરના મહારાજાએ બાપુને દાનમાં આપવા માંડી ત્યારે બાપુએ કહેલું, ''હું બ્રાહ્મણનો દીકરો ; ગાયનું દાન મને ન ખપે.'' એટલે એમણે મારી મોટી બહેનને આપેલી. સફેદ રંગની કાઠિયાવાડી એ ગાય ટંકે આઠ શેર દૂધ આપતી. એને શિંગડાં નહોતાં એટલે ઘરમાં સૌએ એનું નામ 'બોડી' પાડેલું. બોડી ગાય ઘણી ઊંચી ઓલાદની, કદમાં નાની અને દેખાવે સુંદર. અમારા કુટુંબની એ કામધેનુ હતી. ગમે ત્યારે દૂધની જરૂર પડે, વેળા–કવેળાએ થોડું ઘાસ કે ચંદી ખવડાવો એટલે દોહવા દે. બીજી ગાયને દોહતી વખતે પગ બાંધવા પડે, નહિ તો લાત મારે. બોડી ગાય તો એટલા ગરીબડા સ્વભાવની કે નાનું છોકરું આંચળમાં હાથ નાખી ખેંચે ને દૂધની સેર કાઢે તોય કશું ન કરે. ઘરના સૌને એ ઓળખે. પારકાંને એ બહુ છૂટ ન લેવા દે. પગ ઊંચો કરી દૂર ખસી જાય. ઘણીવાર ગમ્મત ખાતર મેં પણ એનાં આંચળ ખેંચીને વાડકી ભરીને મારા જેટલું દૂધ કાઢ્યું હશે. બા–બાપુ અને ઘરનાં સૌ એને બહુ લાડ કરે. તેનો દરરોજ ખરેરો કરે. ડોકમાં હાથ ફેરવો તો ડોક ઊંચી કરી હાથ ફેરવવા દે. એને ખાસ લીલું ઘાસ અને સારી રીતે ભરેલો બાફણાંનો ટોપલો મળે. એનું દૂધ પણ મીઠું અને ગાઢું. મા મને દરરોજ સવારમાં એનું દૂધ જ આપે. ક્યારેક તો બા



દોહતી હોય ત્યારે વાટકો લઈને હું ત્યાં ઊભો રહું અને બા તાજું ફીણવાળું શેડકઢું દૂધ ભરી દે તે હું ગટગટાવી જાઉં. ગામના લોકો પણ ગાયમાતાને બહુ માન આપે. ગૌશાળામાં જાય ત્યારે શ્રદ્ધાળુ લોકો તેને માથે હાથ મૂકી આશકા લે. વાર–તહેવારે સ્ત્રીઓ ને કુમારિકાઓ એનું પૂજન કરે. સંક્રાંતિને દિવસે લોકો એને ઘૂઘરી ખવડાવે. આમ, બોડી ગાય ગામ આખાની લાડકી.

બોડી ગાય અમારા ઘરની સ્વજન હોય એમ અમે એને ચાહીએ. એને ચોખ્ખાઈ બહુ ગમે. પીઠ, પગ, જીભથી ચાટીને ચોખ્ખાં રાખે. ગમે ત્યાં ગંદામાં બેસે નહિ. ગંદું કદીય ખાય નહિ. એનાં વાછરડાં પણ સુંદર. વાછરડાંને એ ચાટી–ચાટીને ચોખ્ખાં રાખે. અમે એને બહુ વહાલ કરીએ, એની સાથે રમીએ, એને નવડાવીએ. લીલો ચારો કાપીને અમારા હાથે ખવડાવીએ.

બોડી ગાયનાં છાણ–મૂત્રની પણ બહુ માંગ રહેતી. બા ગાયનાં આંચળ ધૂએ કે ગાય મૂતરે તે ઝીલવા હું લોટી લઈને ઊભો રહું. બા દરરોજ વસ્ત્રગાળ કરી મને ગૌમૂત્ર પિવડાવે. ગૌમૂત્રથી વિદ્યા વધે, રોગ ન થાય એવું સૌ કહે ; એટલે સ્વાદમાં જરા વિચિત્ર લાગે છતાં હું શ્રદ્ધાપૂર્વક પી જતો. બા ગૌમૂત્ર શરીરે ચોળે, પછી નવડાવે. ઘરમાં કોઈને ખસ થઈ હોય કે ગડગૂમડ થયાં હોય તો ગૌમૂત્ર રામબાણ ઈલાજ.

સારા–નરસા પ્રસંગે લોકો બોડીનું છાણ લેવા આવતાં. બા સાંજ સુધી એનું છાણ સંઘરી રાખે. બળેવને દિવસે બ્રાહ્મણો જનોઈ પહેરતાં પહેલાં શરીરે બોડીના છાણ મૂત્ર ચોળીને નહાય ; એટલે તે દિવસે તો એની પડાપડી થાય.

જાનવરને મમતા આપો, પછી જુઓ એ શું નથી આપતાં ? બા કહેતી કે, એકવાર ઘરમાં ચોર આવેલા તે દિવસે બોડી ગાયે બરાડા પાડીને ફળિયાનાં સૌને જગાડ્યાં હતાં ને ચોર નાસી ગયા હતા. બાપુની ઠાઠડી નીકળી ત્યારે એણે કેટલાય ધમપછાડા કરી, ખીલેથી છૂટી નાસભાગ કરેલી.

બોડી ગાય કુટુંબની ખરેખર કામધેનુ હતી. બાપુજી પાસે ઘણાએ એ ગાયના મોં માગ્યા પૈસા આપીને ખરીદવાની માગણી કરેલી, પણ

બાપુજી કહેતા, ‘‘હું બ્રાહ્મણનો દીકરો થઈને ગાય વેચું ? દીકરીને વેચવા જેટલું પાપ એ ગણાય’’. બાપુજીના અવસાન પછી બોડી ગાય અને ભેંસ અમારા ગુજરાનનું સાધન હતી. ભેંસ હતી તે વરસને આંતરે મરી ગઈ હતી. બીજી ભેંસ ખરીદવાની બાની આર્થિક સ્થિતિ નહોતી. ખેતર વેચાઈ ગયું ત્યારે બોડી ગાય ઉપર જ અમારું કુટુંબ નભતું. એના દૂધની લાયણીના મહિને પચ્ચીસેક રૂપિયા આવતા. સોંઘારતનો જમાનો, બોડીનો બહુ ખર્ચ નહિ. નાનો ભાઈ અને નાની બહેન એટલાં જ ઘરમાં, એટલે અમારું પેટિયું નીકળતું. બા કોઈને ત્યાં રાંધી, મજૂરી કરી ખોટ પૂરે, અમને ભણાવે છતાં મુખ્ય સાધન તો બોડી – એજ અમારી કામધેનુ.

એકવાર બોડીને જાનવર કરડ્યું. બાએ કેટલાયે ઉપાયો કરાવ્યા. બધા નિષ્ફળ ગયા. આખું શરીર ફૂલી ગયું ને આખરે તે મરી ગઈ ! બા સગી દીકરી મરી ગઈ હોય તેમ રડી. તે દિવસે ખાધું પણ નહિ. બોડી ગાય અમારા કુટુંબનું કોઈ પૂર્વજન્મનું ઋણ અદા કરવા આવી હોય તેમ કસોટીના સમયમાં એ જ અમારો સહારો બની હતી. ક્યાંયે હાથ લાંબો કરવાની વેળા બાને એણે નહોતી આવવા દીધી. એનું કાર્ય પૂરું કરી એ ગઈ, તે જ વર્ષે મારો કોલેજનો અભ્યાસ પૂરો થયો ; મને નોકરી મળી – એ પણ કેવો યોગાનુયોગ !

બાએ બોડીને ચાંલ્લો કર્યો. ફૂલચોખા ચડાવી ભીની આંખે પ્રણામ કર્યાં. બાપુની જૂની વાડીમાં જ એક પીપળા નીચે ખાડો ખોદાવીને દટાવી. એ પીપળો આજે ‘બોડી પીપળો’ તરીકે ઓળખાય છે. વટસાવિત્રીને દિવસે ગામની સ્ત્રીઓ વડની સાથોસાથ એ પીપળાનું પૂજન પણ કરે છે. બોડી ગાયનું સંભારણું એ રીતે આજે પણ કાયમ છે !

– ચંદ્રકાંત પંડ્યા



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) વિપ્ર – ......................
૨) સમય – ......................
૩) ધારા – ......................
૪) ઉતરાણ – ......................
૫) રક્ષાબંધન – ......................
૬) મોજૂદ – ......................
૭) નનામી – ......................
૮) આજીવિકા – ......................
૯) કરજ – ......................
૧૦) આધાર – ......................

**સ. ૨ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
| --- | --- |
| રામબાણ ઈલાજ | વસ્તુ મેળવવા દોડાદોડી કરવી. |
| પડાપડી થવી | મદદરૂપ થવું. |
| ઋણ અદા કરવું | અકસીર ઈલાજ. |
| સહારો બનવું | કરજમાંથી મુક્ત થવું. |

સ. ૩ નમૂના પ્રમાણે શબ્દો બનાવો : દા. ત. માગવું - માગણી

૧) કાપવું – ....... ૨) ભરવું – ....... ૩) વાવવું – ...... ૪) માપવું – .........

સ. ૪ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

૧) ઘઉં–જુવાર–બાજરીને ગોળ સાથે બાફી ગાય–ભેંસ માટે બનાવાતી વાનગી – ..............................

૨) પાળેલાં પ્રાણીને દોહીને કાઢેલું તાજું, હુંફાળું દૂધ – ..............................

૩) નિષ્ફળ ન જાય તેવો ઉપાય – ................................

૪) ઇચ્છા અનુસાર દૂધ આપનારી ગાય – ...........................................

સ. ૫ એક શબ્દમાંથી અનેક શબ્દ બનાવો.

૧) ધરમપુર ૨) રામબાણ ૩) કામધેનુ

સ. ૬ કૌંસમાંના વિશેષણનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. દા.ત. મીઠું - દૂધ

(સુંદર, ભીની, ખાટું, મોટી, સફેદ, નાનો)

૧) ........ – આંખ ૨) ......... – દહીં ૩) .......... – વાડી

૪) ........ – રંગ ૫) ......... – ભાઈ ૬) .......... – છોકરી

સ. ૭ અર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો.

ઉદા. – મનની વાત પોતાનાને કહી શકાય.

જવાબ – મનની વાત પારકાને કહી શકાય નહિ.

૧) અભ્યાસ નિયમિત કરો.

૨) હંમેશાં તાજો ખોરાક ખાવો.

૩) સારાં કાર્યો કરવાથી પુણ્ય મળે.

૪) મહેનત કરવાથી કાર્ય સફળ થાય છે.

૫) પહેલાના વખતમાં સોંઘારત હતી.

સ. ૮ શબ્દની આગળ 'ક' મૂકતા શબ્દનો અર્થ બદલાઈ જાય છે. ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

દા. ત. વેળા - કવેળા

૧) પૂત – ............ ૨) ટાણે – ............ ૩) મોત – .............

♦ સંભાષણ

૧) ઘરમાં કૂતરો કે બિલાડી જેવા પાળેલાં પ્રાણીનું કેવી રીતે ધ્યાન રાખશો, તે કહો.

૨) ગૌશાળામાં ગાયોની લેવામાં આવતી કાળજી વિશે જણાવો.

### સ. ૯ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

૧) કામધેનુ એટલે .................
   અ) સર્વ ઇચ્છા પૂરી કરનારી ગાય.
   બ) બધાં જ કાર્યો પૂર્ણ કરનારી ગાય.
   ક) સૌને દૂધ આપનારી ગાય.

૨) વસ્ત્રગાળ એટલે .................
   અ) ઝીણા વસ્ત્રમાં સૂકવીને બાંધેલું.
   બ) ઝીણા વસ્ત્રમાં વીંટીને મૂકેલું.
   ક) ઝીણા વસ્ત્રમાં ગાળીને તૈયાર કરેલું.

૩) શેડકઢું એટલે ....................
   અ) તરત જ ગાળેલું તાજું ગરમ દૂધ.
   બ) તરત જ દોહેલું તાજું ફીણવાળું દૂધ.
   ક) તરત જ ગરમ કરેલું તાજું દૂધ.

### સ. ૧૦ પૂછેલી માહિતી પાઠના આધારે લખો.

૧) લેખકના ઘરનાં સભ્યો : ..........................................................
૨) બોડી ગાયની વિશિષ્ટતા : ......................................................
૩) બોડી ગાયના દૂધની વિશિષ્ટતા : ...............................................
૪) ગૌમૂત્રથી થતા ફાયદા : ........................................................

### સ. ૧૧ (અ) યોગ્ય ક્રિયાપદ લખો.

(ખવડાવે, નવડાવે, ધોવડાવે, પીવડાવે)

૧) બા ગાય – વાછરડાંને ...........................................................
૨) સંક્રાંતને દિવસે ગાયને ઘૂઘરી .................................................
૩) બા મને ગૌમૂત્ર ..................................................................
૪) ગાયની ગમાણ મારી પાસે .......................................................

**(બ) નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) બાએ બોડીને ચાંદલો કર્યો. ૨) ધરમપુરના મહારાજાએ દાનમાં ગાય આપી.
૩) બોડીને જાનવર કરડ્યું. ૪) લીલી ચાર અમારા હાથે ખવડાવીએ.

સ. ૧૨ તમારા શબ્દોમાં લખો.



૧) 'બોડીગાય અને ચોખ્ખાઈ' વિશે ટૂંકમાં લખો.
૨) ગૌમૂત્રથી થતા ફાયદા જણાવો.
૩) 'ગાય કામધેનુ છે' સ્પષ્ટ કરો.

## પ્રકલ્પ



♦ 'ગૌહત્યા પ્રતિબંધ' વિશે ઈન્ટરનેટ પરથી માહિતી મેળવી નીચેના મુદ્દાને આધારે પ્રકલ્પ તૈયાર કરો.

૧) ગૌહત્યા પ્રતિબંધનું કારણ ૨) તે માટેના પ્રયત્નો ૩) તેની અવગણના કરવાથી આવતું પરિણામ. ૪) તે માટે તમારા પોતાના વિચારો.

## હું વાંચું ..... તમે પણ વાંચો



તિરુવનંતપુરમના અનંતપદ્મનાભ સ્વામી મંદિરમાં દર છ વર્ષે એક દીપોત્સવ થાય છે. એક મોટા ચોગાનમાં ખાડા ખોદવામાં આવે છે. દરેક ખાડામાં એક હાથી એક લાકડાનો સ્તંભ રોપે અને બધા રોપાઈ જાય પછી એ સ્તંભો પર મંડપ બાંધીને ઉત્સવ થાય. ચંદ્રશેખર નામના હાથીએ સ્તંભ તો ઊંચક્યો પરંતુ ખાડા પાસે જતાં તેણે સ્તંભ ન મૂકતાં પીછેહઠ કરી. ઘણા પ્રયત્નો છતાં તેણે સ્તંભ ખાડામાં રોપ્યો નહીં. સંચાલકોએ મુહૂર્ત વીતી જવાના ભયે મજૂરો પાસે કાષ્ટસ્તંભ રોપવાનું નક્કી કર્યું. ખાડા પાસે જતાં તેમની નજરે અંદર બિલાડીનું બચ્ચું દેખાયું. તેમણે બચ્ચું બહાર કાઢ્યું. જેવું બચ્ચું બહાર આવ્યું કે ચંદ્રશેખર હાથીએ કોઈ પણ સંકેત મળ્યા વિના જ વ્યવસ્થિત રીતે વજનદાર કાષ્ટસ્તંભ રોપ્યો કોણ વધુ સમજદાર અને દયાવાન ?



**અધ્યાપન સંકેત :** શરૂઆતમાં આપેલાં ચિત્રોને લગતા પ્રશ્નો પૂછીને પ્રાણીઓના ઉપયોગ વિશે બાળકો પાસેથી વિસ્તૃત માહિતી કઢાવવી. સાથે સાથે નાળિયેરીને શા માટે કલ્પવૃક્ષ કહેવાય છે તેની ચર્ચા કરવી.

ગાયની વિશેષતા વિશે વિશદ ચર્ચા કર્યા પછી પ્રસ્તુત કૃતિમાં ગાયને કામધેનુ શા માટે કહી છે તેનું સ્પષ્ટીકરણ કરવું.

પ્રાણીઓના અવાજ, તેની ખાવા-પીવાની રીત, વિશેષતા વગેરેને આધારે વિવિધ પ્રવૃત્તિઓ કરાવી પ્રાણીઓની ઉપયોગિતાનો સ્પષ્ટ ચિતાર આપવો. મૂંગાં પ્રાણીઓ પણ ગુજરાન ચલાવવાનું સાધન બની શકે છે તેની સમજ આપ્યા પછી તેમના પ્રત્યે જીવદયા રાખવી. આમ જીવદયાના મૂલ્યનું પરોક્ષ રીતે આરોપણ કરી તેને વિકસાવવા યથોચિત પ્રેરણા આપવી.

**મૂંગાં પ્રાણીઓ પ્રત્યે મમતા રાખો.**

## શબ્દરમત

♦ વચ્ચે ‘રૂ’ આવે તેવા શબ્દો વિચારીને લખો. બધા જ શબ્દો ૩ અક્ષરના છે.

૧) પક્ષીઓનો રાજા – વિષ્ણુનું વાહન.

૨) ગુજરાતમાં નર્મદા કિનારે આવેલું શહેર.

૩) સૂર્યનું એક નામ.

૪) પાણીના અધિષ્ઠાતા દેવ.

૫) મરાઠી ભજનનો એક પ્રકાર.

૬) અષ્ટવિનાયકમાં ગણપતિના જુદાજુદા આઠ હોય.

૭) સાપ અને વાંદરાના ખેલ બતાવનાર.

૮) પવનપુત્ર હનુમાનનું એક નામ, કારની એક બ્રાંડ.

૯) પુના પાસે આવેલો એક ઐતિહાસિક કિલ્લો.

૧૦) છોકરીનું એક નામ.

♦ છેલ્લે ‘લી’ આવે તેવા શબ્દો વિચારીને લખો.

૧) મુંબઈનું એક ઉપનગર.

૨) મીઠી ચટણી બનાવવા જરૂરી એક ખાટું ફળ.

૩) મહિષાસુરનો વધ કરનાર માતાજી.

૪) કોઈપણ વસ્તુની તત્પરતા હોવી.

૫) રાજસ્થાનમાં આવેલી પર્વતોની હારમાળા.

૬) આસો મહિનાના છેલ્લા દિવસનો તહેવાર.

૭) સંગીતનો એક રાગ.

૮) ક્રિકેટમાં બોલિંગનો એક પ્રકાર.

૯) તું અહીંયા, રમવા આવ મજાની – નાનું પ્રાણી.

૧૦) ભાષા લખવાની ઢબ.



# ૩. થાયે છે થેઈથેઈકાર

♦ ચાલો ગાઈએ.

૧) આ ગગનદુવારે મેઘ પધાર્યા,
લઈને કુટુંબકબીલો જી ;
આ ઝરમર વરસે જળ વર્ષાના,
રે કોઈ ઝીલો ઝીલોજી.



આ ઝરણાં છલકે, સરિતા મલકે,
સાગર છેલછબીલો જી ;
શી મ્હોરી વનની વનરાઈ ને,
મ્હોર્યા માનવદિલોજી.

*– સુરેશ દલાલ*

થાયે છે થેઈથેઈકાર,
ધરા ને ગગનમાં થાયે છે થેઈથેઈકાર !
બોલે છે મોરલા મલ્હાર,
કે આઘેરી સીમમાં થાયે છે થેઈથેઈકાર !



વાદળના પડદાની આગળ આ વીજળી નાચે, ને થાચે ચમકાર
આવે અવાજ ઓલાં ઝરણાંની ઝાંઝનો ને ઝાડવાં વગાડે કરતાલ !
ધરાને ગગનમાં થાચે છે થેઈથેઈકાર !
કેવું અજબ છે આ વર્ષાનું જંતર ! એને બાંધ્યા છે લખલખતાર ;
એ રે અનેકમાંથી એક જ ઊઠે છે આ હૈયાને હલાવતો ઝંકાર !
ધરાને ગગનમાં થાચે છે થેઈથેઈકાર !
વાગે છે પાવા પવન કેરા ધીરા ધીરા, વાદળનો ઘેરો ઘમકાર ;
શ્યામલના સૂર કેરી, ધરતીને આવરીને ચાલી રહી છે વણજાર !
ધરા ને ગગનમાં થાચે છે થેઈથેઈકાર !

– પ્રહલાદ પારેખ

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) ધરતી | – ...................... | ૨) આકાશ | – ...................... |
| ૩) મયુર | – ...................... | ૪) તરુ | – ...................... |
| ૫) પુષ્કળ | – ...................... | ૬) જાદુ | – ...................... |
| ૭) વાંસળી | – ...................... | ૮) દિલ | – ...................... |
| ૯) અવાજ | – ...................... | ૧૦) સમીર | – ...................... |

**સ. ૨ વચન બદલો.**

| | | | |
|---|---|---|---|
| ૧) મોરલા | – ...................... | ૨) પડદો | – ...................... |
| ૩) ઝરણું | – ...................... | ૪) ઝાડવાં | – ...................... |
| ૫) અનેક | – ...................... | ૬) પાવા | – ...................... |

**સ. ૩ નમૂના પ્રમાણે લખો. દા. ત. થૈ...થૈ... - થૈથૈકાર**

૧) હા...હા... – .................. ૨) જય..જય..– ......................

**સ. ૪ નીચેનામાંથી પ્રકૃતિનું ઘટક ના હોય તેવો શબ્દ જુદો તારવો.**

૧) ધરા, ગગન, પડદો, વાદળ – ......................................

૨) વીજળી, ઝરણું, પવન, વણઝાર – ......................................

૩) જંતર, વર્ષા, ઝાડવાં, ધરતી – ......................................

**સ. ૫ શુદ્ધ જોડણી દર્શાવતો શબ્દ જુદો તારવો.**

૧) મલ્હાર મલ્લાર મલાર મલહાર – ......................................

૨) સ્યામલ સયામલ શયામલ શ્યામલ – ......................................

૩) વિજળિ વીજળી વિજળી વીજળિ – ......................................

♦ સંભાષણ : વરસાદના આગમનથી ખેડૂતોને થતી ખુશી જણાવો.

સ. ૬ યોગ્ય રીતે જોડી બનાવો.

| (અ) | (બ) |
|---|---|
| મોરલાના | જંતર |
| ઝાડવાંની | મલ્હાર |
| ઝરણાંની | પાવા |
| પવનના | કરતાલ |
| વર્ષાનું | ઝાંઝ |

સ. ૭ અધૂરી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

૧) કેવું અજબ – ......................................................

૨) વાગે છે પાવા – ......................................................

૩) વાદળના પડદાની – ......................................................

સ. ૮ વર્ષાઋતુને ધ્યાનમાં રાખી નીચેના વિશે ૨-૨ વાક્યો લખો.

૧) ધરતી ૨) સીમ ૩) વાદળ ૪) વીજળી ૫) વૃક્ષ

સ. ૯ તમારા પોતાના શબ્દોમાં લખો.



૧) વરસાદમાં પલળવાનો આનંદ.

૨) 'વર્ષાઋતુ' વિષય ઉપર નિબંધ.

## પ્રકલ્પ



♦ ''પાણી બચાવો'' આ સંકલ્પના સ્પષ્ટ થાય તેવા નીચે આપેલાં જેવા અન્ય ચિત્રો દોરીને અથવા વર્તમાનપત્રમાંથી કાપીને નાનું આલ્બમ બનાવો.



## હું વાંચું ..... તમે પણ વાંચો



### અષાઢી સાંજ

અષાઢી સાંજના અંબર ગાજે,
અંબર ગાજે ! મેઘાડંબર ગાજે – અષાઢી
માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે ધીરી ઢેલડ ડોલે – અષાઢી
ગરવા ગોવાળિયાના પાવા વાગે,
પાવા વાગે સૂતી ગોપી જાગે – અષાઢી
વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે ભાભી ઝરમર ઝીલે – અષાઢી
ભાભીની રાતીચોળ ચૂંદડી ભીંજે,
ચૂંદડી ભીંજે, ખોળે બેટો રીઝે – અષાઢી
અષાઢી સાંજના અંબર ગાજે,
અંબર ગાજે મેઘાડંબર ગાજે.

– *ઝવેરચંદ મેઘાણી*



**અધ્યાપન સંકેત :** શરૂઆતમાં આપેલું વર્ષાગીત કે અન્ય કોઈ પણ વર્ષાગીતના સમૂહગાન પછી પ્રસ્તુત કૃતિનું અધ્યયન–અધ્યાપન કરવું. વિષયવસ્તુને સ્પર્શતો સુંદર ચાર્ટ બનાવીને ક્રમિક પ્રશ્નોની મદદથી કાવ્યનો સૂર સ્પષ્ટ કરવો. સમૂહગાન કરાવી કાવ્યના આનંદની અનુભૂતિ કરાવવી.

વિદ્યાર્થીઓએ અનુભવેલી બાબતોને લગતા પ્રશ્નો પૂછી પ્રસ્તુત કૃતિનું અધ્યયન વિદ્યાર્થીઓને સ્વયં કરવાનો મોકો મળે તેવી ભૂમિકા શિક્ષકે બજાવવી.

પર્યાવરણના રક્ષણ માટે વિદ્યાર્થીઓને જાગૃત કરી તે માટેના પ્રયત્નો કરવા પ્રેરણા આપવી.

**પાણી અને વાણીનો સદુપયોગ કરો. વેડફો નહિ.**

# ૪. બુદ્ધિની કરામત

◆ ચાલો વાર્તા સાંભળીએ.



અકબર–બીરબલની વાર્તાઓ ખૂબ પ્રસિદ્ધ છે. એક વખત અકબર રાજા દરબાર ભરીને બેઠા હતા. વાતાવરણ શાંત હતું, બધા હળવાશ અનુભવતા હતા, તેવામાં રાજા અકબરના મગજમાં એક તુક્કો આવ્યો. તેણે બીરબલને પ્રશ્ન પૂછ્યો કે, 'આપણા દિલ્હી શહેરમાં કેટલા કાગડા હશે?' બીરબલે એક પળનો પણ વિલંબ ન કરતાં જવાબ આપ્યો કે, 'ત્રણ હજાર, ચારસો ત્રેપન'. જવાબ સાંભળીને અકબર રાજાને નવાઈ લાગી કે આટલો ચોક્કસ જવાબ તે કેવી રીતે આપી શકે ? તેથી તેણે બીરબલને પૂછ્યું કે, 'શું તેં ખરેખર કાગડા ગણ્યા છે? બીરબલે જવાબમાં હા કહી. તેથી રાજાને વધુ નવાઈ લાગી. તેથી તેણે ફરી પૂછ્યું કે, 'જો તારી ગણતરી પ્રમાણે કાગડા ઓછા થશે તો ?' તો બીરબલે બેધડક જવાબ આપ્યો કે, 'તેટલા કાગડા બહારગામ ગયા હશે'. અકબરે પૂછ્યું, 'પણ જો વધારે થશે તો ?' તો બીરબલે જવાબ આપ્યો કે, 'તેઓ મહેમાન બનીને આપણા શહેરમાં આવ્યા હશે.'

બીરબલની આવી ચતુરાઈ જોઈ આખો દરબાર દંગ થઈ ગયો.

---

ભોજરાજાની ધારાનગરીમાં એક ગરીબ દંપતી રહેતું હતું. ઘણી મહેનત કરવા છતાં તેઓ બે પાંદડે થયાં નહોતાં. માંડમાંડ ગુજરાન ચાલતું. વારંવાર નિરાશ થઈ જતા પતિને એકવખત તેની પત્નીએ કહ્યું કે, 'કવિ કાલિદાસ ખૂબ દયાળુ છે, તમે તેની પાસે જાઓને. તે નક્કી કંઈ કરી આપશે.'

પતિને આ વાત ગમી. તે કાલિદાસ પાસે ગયો. બધી વાત કરી. કવિએ તેને કહ્યું કે, 'કાલે ભોજરાજાની સભામાં આવજો અને જે આવડે તે બોલજો.' ગરીબ પતિએ કહ્યું, 'મને બોલતાં નહિ આવડે.' તો કવિએ જે આવડે તે કરવા કહ્યું. પરંતુ પેલા ગરીબ પતિને તો કંઈ જ આવડતું નહોતું. તે કંઈ જ ભણ્યો નહોતો. અંતે કાલિદાસે તેમને કહ્યું કે, 'એ સમયે જે મનમાં આવે તે કરજો.' ભલે, એમ કરીશ. તેમ કહી પેલો ચાલ્યો ગયો. બીજા દિવસે સભામાં હાજર થઈ ગયો. પરંતુ ન કાંઈ બોલ્યો કે ન ચાલ્યો. રાજા ભોજને નવાઈ લાગી. તેથી રાજાએ તેને કહ્યું, 'મહાશય, કંઈક બોલો. પંડિત હો તો પંડિતાઈ બતાવો. કવિ હો તો કવિતા સંભળાવો. ચતુર હો તો બુદ્ધિની કોઈ વાત કહો અને કલાકાર હો તો કલા બતાવો.'

પણ પેલો ગરીબ તો મૂંગો જ રહ્યો. આખી સભા હસુ હસુ થઈ રહી. રાજા ભોજને પણ નવાઈ લાગી. તેણે ફરી કહ્યું, 'તમે શું કરવા સભામાં આવ્યા છો ? કંઈ બોલી

બતાવો અથવા કરી બતાવો.' ત્યાં જ પેલો ગરીબ ઝટ દઈને રાજા પાસે પહોંચી ગયો અને ફડાક કરતો એક લાફો રાજાને મારી દીધો.

રાજાના સેવકો દોડી આવ્યા, હો હા થઈ પડી. પેલા ગરીબને પકડી લીધો. પ્રધાનજીના ગુસ્સાનો પાર ન રહ્યો, તેણે

'તમે રાજા ભોજના શત્રુ છો?' પેલો કહે, 'ના.' 'તમોએ તેમનું અપમાન કરવા તમાચો માર્યો?' પેલાએ કહ્યું, 'ના.'? અમે તો ... પણ કવિએ તેને બોલવા દીધો નહિ અને પોતે જ બોલ્યા, 'તમે રાજાના શત્રુ નથી. તેનું અપમાન કરવાનો પણ તમારો ઈરાદો નથી. તો સમજવું જોઈએ કે તમાચો શા માટે માર્યો?' આટલું બોલી કવિ ચૂપ



કહ્યું, 'આવું ઘોર અપમાન કરનારને સખત સજા કરવી પડશે.' નગરશેઠે તો સભાના ચોકમાં તેને ચાબૂકથી ફટકારવા કહ્યું. કવિ કાલિદાસ પણ વિચારમાં પડી ગયા કે આ ગરીબ માણસે તો ઉપાધિ કરી મૂકી. હવે શું કરવું ? તેઓ સૂનમૂન બેઠા હતા. રાજા ભોજે કવિ સામે જોયું તો કવિ હસ્યા. નવાઈ લાગવાથી રાજાએ પૂછ્યું, 'કેમ હસ્યા ?' ત્યારે કાલિદાસે કહ્યું, 'આ માણસે આપને તમાચો માર્યો. તેને મોતની સજા પણ ઓછી પડે. પણ સમજવું જોઈએ કે, તેણે આપને તમાચો કેમ માર્યો ? આપ કહો તો એને પૂછું.' રાજાએ સંમતિ આપી. કવિએ પૂછવાનું શરૂ કર્યું.

થઈ ગયા. પેલો ગરીબ માણસ તો ખરેખર ડરી ગયો. તેની તો બોલતી જ બંધ થઈ ગઈ.

ત્યાં જ કવિ હસ્યા અને બોલ્યા, 'કંઈ સમજ્યા મહારાજ?' રાજા ભોજે ના પાડી. તેથી કવિએ કહ્યું, 'માટીની હાંડલીની પરીક્ષા કરવા તેના પર ટકોરા મારીએ છીએ, સોનારૂપાના ઘાટ ઘડવા તેના પર હથોડા મારીએ છીએ તેમ ઉત્તમ માણસની પરીક્ષા પણ આમ જ કરાય. આ કોઈ ચતુર માણસ છે. તેણે આપને તમાચો મારી આપના ગુણની પરીક્ષા કરી છે. રાજાએ પૂછ્યું, 'કેવી રીતે ?' ત્યારે કવિએ સમજાવ્યું કે, 'માણસની શોભા રૂપ છે, રૂપની શોભા ગુણ છે, ગુણની

શોભા જ્ઞાન છે, જ્ઞાનની શોભા ક્ષમા છે. બધા ગુણ હોય પણ ક્ષમાનો ગુણ ન હોય તો રૂપ, ગુણ અને જ્ઞાન નકામા છે. આપનામાં બધા ગુણ છે કે નહિ તેની પરીક્ષા કરવા આ બુદ્ધિમાન માણસે આપને તમાચો માર્યો. આપ રાજા છો. ભરી સભામાં તમાચો મારનારને આપ મોતની સજા કરો, ગુસ્સે થાઓ, પરંતુ આપ જરાય ગુસ્સે થયા નથી. શાંત છો. આપે આપનામાં રહેલા ક્ષમાના ગુણને સાબિત કરી દીધો છે. ક્ષમાનો ગુણ જેનામાં હોય તેનામાં બીજા ગુણો આપોઆપ આવી જાય છે.'

પેલો ગરીબ માણસ તો ચૂપ જ થઈ ગયો. રાજા ભોજ રાજી થયા. ગરીબને પંડિત માની લઈ મોટું ઈનામ આપ્યું. તે પણ ઈનામ લઈ રાજી થતો ઘેર ગયો. પત્નીએ પૂછ્યું કે, 'તમે સભામાં શું બોલ્યા ? ' તો પતિએ જવાબ આપ્યો કે, 'રાજા ભોજે મને કંઈ કહેવા કે કરવા કહ્યું. કાલિદાસે મને કહેલું કે સભામાં તમને જે સૂઝે તે કરજો. હું શું કરવું તેનો વિચાર કરતો હતો ત્યાં ભોજરાજાના કાન ઉપર મેં એક માખી જોઈ. તે માખીને ઉડાડવા મેં હાથની ઝાપટ મારી. માખી ઊડી ગઈ અને હાથનો તમાચો રાજાને વાગી ગયો. પરંતુ કવિ કાલિદાસે તેનો અર્થ જુદી રીતે સમજાવ્યો અને મને આ ઈનામ મળ્યું.

જોયુંને મિત્રો ! બુદ્ધિની કરામત કેવી જાદુઈ છે.

– જીવરામ જોષી



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) દીન – ........................ ૨) કૃપાળુ – ........................
૩) દરબાર – ........................ ૪) આશ્ચર્ય – ........................
૫) વિદ્વાન – ........................ ૬) ચાલાક – ........................
૭) મૌન – ........................ ૮) નોકર – ........................
૯) પરવાનગી – ..................... ૧૦) દુશ્મન – ........................

**સ. ૨ અર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો.**

દા.ત. – સુદામા ગરીબ હતા.

જવાબ – સુદામા તવંગર નહોતા.

૧) હિત શાળામાં હાજર હતો.

૨) આપણે કોઈને શત્રુ માનવા નહિ.

૩) સમાજમાં બુદ્ધિહીન માણસોની કિંમત નથી.

૪) રાક્ષસોનો સ્વભાવ ક્રૂર હોય છે.

૫) કોઈનું અપમાન કરો નહિ.

સ. ૩ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.

| (અ) | (બ) |
|---|---|
| ઉદા. : મારવું – માર્યું | ઉદા. દેવું – દીધું |
| ૧) કરવું – ...................... | ૧) લેવું – ...................... |
| ૨) ભરવું – ...................... | ૨) ખાવું – ...................... |
| ૩) સરવું – ...................... | ૩) પીવું – ...................... |
| ૪) ફરવું – ...................... | ૪) બીવું – ...................... |
| **(ક)** | **(ડ)** |
| ઉદા. : પંડિત – પંડિતાઈ | ઉદા. શ્રદ્ધા – શ્રદ્ધાળુ |
| ૧) ચતુર – ...................... | ૧) દયા – ...................... |
| ૨) ગરીબ – ...................... | ૨) માયા – ...................... |
| ૩) માણસ – ...................... | ૩) કૃપા – ...................... |
| ૪) કઠણ – ...................... | ૪) હૂંફ – ...................... |

સ. ૪ યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| ૧) હો હા થવી | જરૂરિયાત પૂરી થવી. |
| ૨) હસુ હસુ થવું | મનમાં ને મનમાં ખુશ થવું. |
| ૩) બે પાંદડે થવું | ચૂપ થઈ જવું. |
| ૪) બોલતી બંધ થઈ જવી | ચર્ચા થવી/ચકચાર જાગવી. |

♦ સંભાષણ

૧) તમે કોઈને માફી આપી હોય તેવો પ્રસંગ યાદ કરીને કહો.

૨) તમારા મિત્ર વિશેના અનુભવની ચર્ચા કરો.

૩) તમારા નાના ભાઈ–બહેનને પિતાના ગુસ્સાથી તમે બચાવ્યા હોય તેવા પ્રસંગની મૌખિક રજૂઆત કરો.

સ. ૫ શું કહેશો તે કહો.

૧) કલા બતાવે તેને – ..............................................

૨) બુદ્ધિની વાત કરે તેને – ..............................................

૩) પંડિતાઈ બતાવે તેને – ..............................................

૪) કવિતા રચે તેને – ..............................................

### સ. ૬ કૃતિને આધારે નીચેની સાંકળ પૂર્ણ કરો.

૧) માણસની શોભા – ..................................................

૨) રૂપની શોભા – ..................................................

૩) ગુણની શોભા – ..................................................

૪) જ્ઞાનની શોભા – ..................................................

### સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

૧) ભોજરાજાની ધારાનગરીમાં ..................................................

(ક) શ્રીમંત દંપતી રહેતું હતું.

(ખ) ગરીબ દંપતી રહેતું હતું.

(ગ) ચતુર દંપતી રહેતું હતું.

૨) આવું ઘોર અપમાન કરનારને ..................................................

(ક) માફ કરી દેવો પડશે.

(ખ) ચાબુક ફટકારવા પડશે.

(ગ) સખત સજા કરવી પડશે.

૩) કાલિદાસે મને કહેલું કે સભામાં ..................................................

(ક) તમને જે સૂઝે તે કરજો.

(ખ) તમને જે ગમે તે કરજો.

(ગ) તમને આવડે તે કરજો.

૪) ગરીબ માણસે ખરેખર તો ..................................................

(ક) ગુસ્સામાં લાફો માર્યો હતો.

(ખ) માખી ઉડાડવા ઝાપટ મારી હતી.

(ગ) દયા મેળવવા તમાચો માર્યો હતો.

### સ. ૮ કૃતિ વાંચો અને શોધો.

૧) ગરીબ દંપતી રહેતું હતું તે સ્થળ – ..................................................

૨) ગરીબ માણસે જેને લાફો માર્યો તે વ્યક્તિ – ........................................

૩) ચતુર અને દયાળુ કવિ – ..................................................

૪) ગરીબ માણસને કાલિદાસ પાસે મોકલનાર – ........................................

સ. ૯ તમારા શબ્દોમાં જવાબ લખો.



૧) તમને આવડતી હોય તેવી અકબર–બીરબલની વાર્તા લખો.

૨) કોઈ એક રમૂજી પ્રસંગ અથવા ટૂચકો લખો.

## પ્રકલ્પ



♦ ઈન્ટરનેટની મદદથી આપણા હાસ્યલેખકોની નામાવલિ તૈયાર કરો. તેમાંના કોઈ પણ એક લેખક વિશે ટૂંકમાં લખી તક્તો તૈયાર કરો.

## હું વાંચું ... તમે પણ વાંચો.



### ખડખડાટ હસો !

૧) શિક્ષક : રવિ, આ નકશો જોઈ તેમાંથી અમેરિકા ખંડ શોધી કાઢ.
રવિ : આ રહ્યો અમેરિકા ખંડ.
શિક્ષક : પૂજા, હવે તું કહે કે અમેરિકા ખંડ કોણે શોધ્યો હતો ?
પૂજા : રવિએ, સર !

૨) ''પણ કાકા ! તમે ત્રણ જોડી ચશ્મા શા માટે રાખો છો ?''
''એક જોડી દૂરનું જોવા, બીજી જોડી નજીકનું જોવા અને ત્રીજી જોડી આ બંનેને શોધવા માટે છે.

૩) સુથાર : સાહેબ, મારી બેબીનું એડમિશન લેવું છે.
આચાર્ય : ભાઈ, તમે થોડા મોડા પડ્યા. હવે તો એક પણ સીટ ખાલી નથી.
સુથાર : સાહેબ, તમે એની ચિંતા ના કરશો. હું સરસ નવી સીટ બનાવી આપીશ.

૪) સંજય : રાજુ, નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો પગ મૂક્યા પછી શું કર્યું હશે ?
રાજુ : પછી તરત જ બીજો પગ મૂક્યો હશે.



**અધ્યાપન સંકેત** : વાર્તા કહ્યા પછી કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં કોઈ બુદ્ધિગમ્ય રમત રમાડવાથી અધ્યયન પ્રક્રિયા અસરકારક બનશે. રાજા કૃષ્ણદેવરાય અને તેનાલીરામનના કોઈ પ્રસંગ પણ કહી શકાય. કૃતિનું અધ્યયન વાર્તા પદ્ધતિથી કરી શકાય. પછી નાટ્યીકરણ કરાવવાથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ નિર્માણ થશે. લઘુપ્રશ્નોની મદદથી કૃતિનો વિસ્તાર કરતાં જઈને પણ વિષયવસ્તુનો પૂરેપૂરો પરિચય આપી શકાય.

નાટ્યીકરણ એ દૃશ્ય–શ્રાવ્ય હોવાથી વધારે આનંદદાયી અને અસરકારક અધ્યાપન શક્ય બનાવે છે. ભોજરાજા અને કવિ કાલિદાસના અન્ય પ્રસંગો મેળવીને તેનાથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા. તેમજ પ્રસંગો શોધવા તેમને પ્રેરણા આપવી.

**હાસ્ય એટલે જ સ્વાસ્થ્ય.**

## સ્વયં અધ્યયન (ઉપક્રમ)

નીચેનામાંથી તમે જે કાર્ય જે દિવસે કરો તે દિવસે તેની સામે તમારી જાતે મેડલ આપો. સામે તારીખ લખો. ઘર કે શાળામાં જ્યાં કર્યું હોય તે પ્રમાણે મમ્મી – પપ્પા કે શિક્ષક પાસે સહી કરાવો.

| ક્રમ | કાર્ય | મેડલ | તારીખ | સહી |
|---|---|---|---|---|
| ૧. | મારા પુસ્તકોના ખાનાની સફાઈ કરી. | | | |
| ૨. | રીસેસમાં લડતા બે મિત્રોને અટકાવ્યા. | | | |
| ૩. | આજે શાળામાં વહેલા આવી પુસ્તકાલયમાં બેસી બાળસામાયિકનું વાંચન કર્યું. | | | |
| ૪. | આજે દિવ્યાંગજનોને મદદ કરવા પ્રજ્ઞાચક્ષુની શાળાની મુલાકાત લીધી. | | | |
| ૫. | આજે રસ્તામાં અટવાયેલી જખમી બિલાડીને નજીકના પશુઓના દવાખાને લઈ ગયા. | | | |
| ૬. | શાળાના દરેક વૃક્ષોને આજે વહેલા આવીને જળસિંચન કર્યું. | | | |
| ૭. | નાની બહેનની નોટબુકોને પૂઠાં ચડાવી આપ્યા. | | | |
| ૮. | આજે મમ્મીને ઘરસફાઈના કામકાજમાં મદદ કરી. | | | |
| ૯. | ટ્રેનમાંથી છેલ્લા સ્ટેશને ઉતરતી વખતે લાઈટ, પંખા બંધ કર્યાં. | | | |
| ૧૦. | આજે દાદાના ચશ્મા શોધી આપ્યા. | | | |
| ૧૧. | આ વર્ષે ઉતરાણમાં અમારી સોસાયટીમાં કોઈ કાચ પાયેલા માંજાથી પતંગ ન ચગાવે તેની પૂરેપૂરી કાળજી લીધી. | | | |
| ૧૨. | અમારા મહોલ્લામાં રખડતાં પ્રાણીઓને પ્રત્યેક રજાના દિવસે ખવડાવવાનો સંકલ્પ કર્યો. | | | |
| ૧૩. | દરેક મહિનામાં શાળાના પુસ્તકાલયમાંથી એક પુસ્તક વાંચવાનો દૃઢ નિશ્ચય કર્યો. | | | |
| ૧૪. | આ વર્ષે મેં મારો જન્મદિવસ વૃક્ષ વાવીને ઉજવ્યો. | | | |
| ૧૫. | આ વર્ષે કૃત્રિમ રંગોને ટાળી માત્ર ગુલાલ, હળદર, કેસૂડાંથી જ હોળી રમ્યા. | | | |

(નોંધ : શિક્ષક આવાં અનેક કાર્યો પસંદ કરી શકે છે. વર્ષ દરમ્યાન વિદ્યાર્થી ઓછામાં ઓછાં ૧૨ સત્કાર્યો કરે તેવી અપેક્ષા છે. આ ઉપક્રમ આવતા વર્ષે પણ ચાલુ રાખવાનો છે. વિદ્યાર્થીઓ આવાં સારાં કાર્યો માત્ર એક દિવસ માટે ન કરતાં સતત ચાલુ રાખે તે માટે શિક્ષકે અસરકારક પ્રેરણા આપવી અનિવાર્ય છે.)

# ૫. લોકગીત

♦ ચાલો ગરબે રમીએ.



## સોનલ ગરબો શિરે

સોનલ ગરબો શિરે, અંબેમા ચાલે ધીરે, ધીરે.
રૂપલ ગરબો શિરે, અંબેમા ચાલે ધીરે, ધીરે.
　　લટકે ને મટકે રાસ રમે છે,
　　પાંચાલીના ચીરે, અંબેમા ચાલે ધીરે ધીરે – સોનલ ગરબો
સોળે શણગારે શોભા વધે છે,
હાર હૈયાના હીરે અંબેમા ચાલે ધીરે ધીરે – સોનલ ગરબો
　　સખીઓ સંગાથે કેવાં ઘૂમે છે,
　　ફરરર ફૂદડી ફરે, અંબેમા ચાલે ધીરે ધીરે – સોનલ ગરબો
અત્તર સુગંધી કેવાં ઊડે છે,
મહેકે ગુલાબના નીરે, અંબેમા ચાલે ધીરે ધીરે – સોનલ ગરબો
　　બંસરી વીણા સૂર પૂરે છે,
　　મૃદંગ વાગે છે ધીરે ધીરે, અંબેમા ચાલે ધીરે ધીરે – સોનલ ગરબો

# સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) સોનાનો – ................ ૨) માથે – ......................

૩) ચાંદીનો – ................ ૪) હ્રદય – ......................

૫) ફરે – ................ ૬) પાણી – ......................

૭) નાદ – ................ ૮) હળવે – ......................

**સ. ૨ વચન બદલો.**

૧) ગરબો – ................ ૨) પુષ્પ – ......................

૩) હીરો – ................ ૪) સખી – ......................

૫) બંસરી – ................ ૬) વીણા – ......................

**સ. ૩ નમૂના પ્રમાણે લખો. (અષ્ટ, ત્રિ, દ્વિ, પંચ, ચાર)**

ઉદા. ૧) સોળ – શણગાર ૨) ................ – દેવ

૩) ....... – વિનાયક ૪) ................ – ભૂજા

૫) ....... – દળ ૬) ................ – કોણ

**સ. ૪ વિશેષણને ક્રિયાવિશેષણમાં ફેરવો.**

ઉદા. ૧) ધીરું – ધીરે ધીરે ૨) હળવું – ......................

૩) ધીમું – ................ ૪) મોટું – ......................

**સ. ૫ નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

સુગંધી, અત્તર, બંસરી, ગુલાબ, મૃદંગ, વીણા

**સ. ૬ રવાનુકારી શબ્દો લખો.** દા.ત. – ફરરર...

..............., ..............., ..............., ..............., ...............,

♦ **સંભાષણ :** તમારા પરિસરમાં ઉજવાતા નવરાત્રિના તહેવારનું ટૂંકમાં વર્ણન કરો.

**સ. ૭ અધૂરી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) ................ રાસ રમે છે.

૨) સોળે શણગારે ...................... .

૩) સખીઓ સંગાથે .................... .

૪) ......................... સૂર પૂરે છે.

૫) અત્તર સુગંધી ...................... .

**સ. ૮ એકાદ – બે વાક્યમાં લખો.**

૧) અંબેમા શિરે ધરે છે તે ગરબા વિશે –

૨)  અંબેમાની ચાલવાની રીત –

૩)  અંબેમાની રાસ રમવાની રીત –

૪)  અંબેમાની સખીઓ સાથે ફરવાની રીત –

**સ. ૯  યોગ્ય જોડી બનાવો.**

| (અ) | (બ) |
|---|---|
| પાંચાલીના | સૂર |
| હીરાનો | શણગાર |
| અત્તર | ચીર |
| વીણાના | હાર |
| સોળ | સુગંધી |

**સ. ૧૦ તમારા પોતાના શબ્દમાં લખો.**



પદ્મશ્રી ભીખુદાન ગઢવી વિશે તમે જે જાણતા હો તે ટૂંકમાં લખો.

## પ્રકલ્પ



♦ ૪ થી ૫ લોકગીતો મેળવીને સ્વહસ્તે લખીને નાની પુસ્તિકા તૈયાર કરો. તેમાં ગરબાઓને પણ લઈ શકો છે.

**હું વાંચું ..... તમે પણ વાંચો**



ઘોર અંધારી રે ......... રાતલડીમાં નિસર્યા ચાર અસવાર,
પહેલે ઘોડે રે કોણ ચડે મા અંબાનો અસવાર ...
અંબા માવડી રે ... રણે ચડ્યાં મા સોળ સજી શણગાર ...
સેંથો ટીલડી રે ... શોભંતા માને કંઠે એકાવન હાર ...
સવામણનું રે સુખલડું મા અધમણની કુલેર,
રમજો જમજો રે ગોરાણિયું તમે રમજો સારી રાત ... ઘોર
બીજે ઘોડે રે કોણ ચડે મા બહુચરનો અસવાર ...
બહુચર માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર ...
સેંથો ટીલડી રે ... શોભંતા માને કંઠે એકાવન હાર ...
સવામણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો જમજો રે ગોરાણિયું તમે રમજો સારી રાત ... ઘોર



ત્રીજે ઘોડે રે કોણ ચડે મા રાંદલનો અસવાર ...
રાંદલ માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર ...
સેંથો ટીલડી રે ... શોભંતા માને કંઠે એકાવન હાર ...
સવામણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો જમજો રે ગોરાણિયું તમે રમજો સારી રાત ... ઘોર

**અધ્યાપન સંકેત** : પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં માતાજીની ઉપાસના માટે ગવાતાં ગીતોને ગરબા કહેવાય. તેમ સ્પષ્ટ સમજાવી ગરબા અને ગરબી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો. અનેક લોકગીતો ગરબા તરીકે પ્રચલિત બન્યા છે તે સમજાવી ગુજરાતના સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા. કૃતિનું અધ્યયન કરાવતાં કરાવતાં ભારતનાં જુદા જુદા રાજ્યોમાં આ તહેવારના મહત્ત્વ બાબતનો ખ્યાલ અવશ્ય આપવો. નવરાત્રિની ઉજવણીમાં આવેલ પરિવર્તનનો ખ્યાલ આપી વર્તમાન પરિસ્થિતિમાં ઉજવાતા આ તહેવારની ઉજવણીનો પરિચય વિદ્યાર્થીઓ પાસેથી મેળવવો.

**એકાગ્રતા કેળવો, સ્મરણશક્તિ વધારો.**

# ૬. ગુજરાતની પ્રવાસભૂમિ

♦ **ચાલો માનસપ્રવાસે જઈએ.**

આજે આપણે માનસપ્રવાસ કરવાના છીએ જેમને જયાં જવું હોય ત્યાં જઈ શકે છે. તો ચાલો બસમાં જવું હોય તેઓ બસસ્થાનકે પહોંચી જાઓ. ટ્રેનમાં જવું હોય તેઓ રેલ્વેસ્થાનકે પહોંચી જાઓ.

બસ સ્થાનક




બસ ચાલી. માર્ગમાં શું શું દેખાય છે ?

મંઝિલે પહોંચી ગયા.

રેલ્વે સ્થાનક



ટ્રેન ચાલી. માર્ગમાં શું શું દેખાય છે ?

મંઝિલે પહોંચી ગયા.

♦ **રાણકી વાવ :** તાજેતરમાં જ જેને સમગ્ર વિશ્વનાં રાષ્ટ્રીય સ્મારકોમાં હેરિટેજ સ્થળોમાં સ્થાન મળ્યું છે તે રાણકી વાવ ગુજરાતના મહેસાણા જિલ્લાના પાટણમાં આવેલી છે.



રાણકી વાવ

ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી આ વાવ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. આ વાવનું ઉત્ખનન કરતાં તે ૧૬ માળની હોય તેવું જણાય છે. તેની દીવાલોમાં કોતરેલા ગોખમાંની અદ્‌ભુત શિલ્પકૃતિઓ અને કોતરણી જેમજેમ પ્રગટ થતી જાય છે તેમતેમ આશ્ચર્યમાં ઉમેરો થતો જાય છે.

♦ **અડાલજ વાવ :** વાવ અને પરબડી તો ગુજરાતના લોકસ્થાપત્યની વિશિષ્ટતા છે. અમદાવાદ – ગાંધીનગરના ધોરી રસ્તા ઉપર આવેલી અડાલજ વાવની કલા–કોતરણી સ્તંભો – ગોખલા વગેરેનાં નયનરમ્ય શિલ્પ અને અદ્‌ભુત સ્થાપત્ય ઉત્કૃષ્ટ છે. પનિહારીઓના દિલને ટાઢક થાય તેવાં મનોહર શિલ્પ આ વાવમાં છે. સમાજના લોકોની ઉપયોગિતા સાથે કલાત્મકતાનો સુંદર સુમેળ અહીં સધાયો છે.

વાવના કૂવામાં ઊતરવા ત્રાંસા અને પહોળાં પગથિયાંની શ્રેણી રચેલી છે. આ રીતે વિવિધ માળ બાંધવાની રચના કરવામાં આવી છે. પ્રવેશ આગળ મંડપ અને વાવની બંને બાજુ પથ્થરની દીવાલોમાં ગોખ કોતરેલા છે. તેની સુંદરતાને કારણે સરકારે તેની જાળવણી કરીને પ્રવાસસ્થળ તરીકે વિકસાવી છે.



અડાલજ વાવ

પાંચ માળ ધરાવતી આ વાવમાં જવા માટે ત્રણ દ્વાર છે. અંદરના મંડપ ઉપર અષ્ટકોણ ઘુમ્મટ બાંધેલો છે. બંને બાજુ સુંદર કોતરણીવાળા ઝરૂખા છે.

♦ સોમનાથ મ્યુઝિયમ : સોમનાથ મંદિર એક કાળે ભવ્ય સમૃદ્ધિ, રત્ન, માણેક અને સોનાથી વિભૂષિત હતું. તેનાં શિલ્પો વિદેશીઓને પણ આકર્ષતાં હતાં, પરંતુ કાળક્રમે ભારતની શિલ્પકળા કારીગરીવાળા આ સોમનાથ મંદિરને કાળની કેટલીયે થપાટો સહન કરવી પડી છે. આપણી આ પ્રાચીન સંસ્કૃતિનો ઈતિહાસ અવશેષ બની ગયો છે. આ અવશેષોને અને સ્થાપત્યના નમૂનાઓને ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગે સોમનાથ મ્યુઝિયમમાં સાચવીને આપણી સાંસ્કૃતિક ધરોહરને સાચવવાનો પ્રયાસ કર્યો છે.


મ્યુઝિયમની પ્રાચીન ઈમારતમાં પ્રવેશતાં જ ખુલ્લા આકાશતળે કેટલીક મૂર્તિ, શિલ્પો પોતાનો ઈતિહાસ કહેવા જાણે આતુર હોય તેવો ભાવ થાય છે. મૂર્તિઓનું નકશીકામ આપણને તેના ભાવ તરફ ખેંચી જાય છે. તો કેટલીક મૂર્તિ અને શિલ્પો પર વિધર્મીઓએ કરેલા ઘાવ અને એની ભગ્ન હાલત જોઈ આપણું અંતર કકળી ઊઠે છે.

સંગ્રહાલયમાં ઘણા શિલાલેખો પણ છે. તે ઉપરાંત તામ્રપત્રો અને બ્રિટિશ કાળનાં ગણરાજ્યોના તેમજ વિવિધ રાજા–મહારાજાઓના સિક્કાઓનો પણ અનોખો સંગ્રહ જોવા મળે છે.

♦ **અશોકનો શિલાલેખ** : મૌર્યવંશના સમ્રાટ અશોકે અહિંસા અને શાંતિના મંત્ર બ્રાહ્મી લિપિમાં લખાવી શિલાલેખ ઉપર કોતરાવ્યા હતા. ગિરનારની તળેટીમાં આવેલો બ્રાહ્મી લિપિમાં કોતરાવેલો શિલાલેખ પુરાતત્ત્વ માટે અગત્યની સંપત્તિ છે. એમાં બૌદ્ધધર્મની આજ્ઞાઓનો નિર્દેશ અને અશોકની ધર્મભાવના આલેખાયેલી છે. ગિરનાર ઈતિહાસની દીર્ઘમાન તેજ છાયા જોતો ઊભો છે અને શિલાલેખો તેને વાચા આપે છે.

અશોકના શિલાલેખ પર જઈ ઈ.સ.ના બીજા શતકમાં સરદાર રૂદ્રદામન અને સમ્રાટ ચંદ્રગુપ્તે પણ લેખો કોતરાવ્યા હતા. સંશોધનાત્મક ઈતિહાસનાં આર્કિયોલોજીના અભ્યાસીઓ માટે ગિરનારની તળેટીમાં આવેલો અશોકનો શિલાલેખ અત્યંત ઉપયોગી છે.

♦ **નળ સરોવર અભયારણ્ય** : નળ સરોવર



નળ સરોવર અભયારણ્ય

ખાતે આવેલું પક્ષી અભયારણ્ય અમદાવાદથી ૬૫ કિ.મી. દૂર ૧૨૫ ચો.કિ.મી. વિસ્તારમાં પથરાયેલું છે. વરસાદનાં પાણીથી આ સરોવર ભરાઈ જાય છે. આથી શિયાળામાં અહીં ઘણાં પક્ષીઓ સ્થળાંતર કરીને બહારથી આવે છે. જળચર પક્ષીઓ માટે નળ સરોવરનું વાતાવરણ ખૂબ અનુકૂળ છે. ઈ. સ. ૧૯૭૮થી સરકારે તેને અભયારણ્ય જાહેર કર્યા પછી પક્ષીઓનું સંરક્ષણ કરવાનું વન્યજીવનના સંરક્ષકોને સોંપી દીધેલું છે. અહીં પક્ષીઓ જોવાનો શ્રેષ્ઠ સમય ઓક્ટોબરથી ફેબ્રુઆરી ગણી શકાય. પરંતુ ડિસેમ્બર – જાન્યુઆરી મહિનો શ્રેષ્ઠતમ સમય છે. અહીં આવતાં ૨૫૦ પ્રકારનાં ફ્લેમિંગોની પોતાની આગવી અને અનોખી ઓળખ છે.

નળ સરોવરમાં આવતાં પક્ષીઓની વિવિધ જાતો, રંગો, તેમની ઊડવાની પદ્ધતિ, જુદાજુદા અવાજો જોવા અને સાંભળવા મળે છે. પક્ષીઓ પોતાના માળા બનાવે કે પોતાના ખોરાક માટેની જગ્યાઓ શોધે એ પણ જોવાલાયક હોય છે. એકજ દિવસમાં આટલું બધું વન્યજીવન માત્ર નળ સરોવરમાં જ જોવા મળે છે. સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી બોટમાં જઈને પક્ષીઓનું અવલોકન સારી રીતે કરી શકાય છે. પક્ષીઓ વિશે વધુ માહિતી મેળવવા ગાંધીનગરના સેક્ટર ૧૬માં બેસતા સંરક્ષકનો સંપર્ક સાધી શકાય છે.

♦ **સાપુતારા (ગિરિમથક)** : ડાંગના આદિવાસી વિસ્તારમાં સહ્યાદ્રિની પર્વતમાળાનું બીજું ઊંચું શિખર એટલે સાપુતારા ગિરિમથક. સાપુતારા શબ્દનો અર્થ સર્પોનો નિવાસ થાય છે. આ ગિરિમથક સમુદ્રની સપાટીથી ૮૭૨.૯ મીટર ઊંચું છે. ડાંગ જિલ્લાનું હૃદય એટલે સાપુતારા ગિરિમથક.



સાપુતારા (ગિરિમથક)

સૂર્યોદય અને સૂર્યાસ્તનાં કેન્દ્રો, વાઘબારી, બોટ ક્લબ, સાપુતારા મ્યુઝિયમ, ઈકો પોઈન્ટ, નાગેશ્વર મહાદેવનું મંદિર, મધુવન, વેલીવ્યુ, ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે અહીંનાં જોવાલાયક સ્થળો છે. સાપુતારાના મ્યુઝિયમની સ્થાપના ૧૯૭૦માં થઈ હતી. અહીં આદિવાસી કલા સંસ્કૃતિ, સંગીત વાદ્યો, આદિવાસી પોશાકો, ઘરેણાં, આદિવાસીઓની આખા દિવસની કાર્ય પદ્ધતિ, તેમનાં ઝૂંપડાં વગેરે બતાવવામાં આવ્યાં છે. લોકવાયકા મુજબ 'રામાયણ'માં વર્ણવેલ દંડકારણ્યનો જ આ વિસ્તાર છે.

સાપુતારાના તળાવમાં બોટિંગ કરવામાં આવે છે. હરિયાળા પર્વતના ઢોળાવો ઉપર ગીચ વાંસનાં જંગલોમાં ઘૂમવાની ખૂબ મજા આવે છે. રાતે આગિયાઓના ચમકારા જંગલને મંગલ બનાવી દે છે. અહીંની વસ્તી આદિવાસી હોવાથી તેમનાં નૃત્યો, પોશાકો, સંગીત અને સંસ્કૃતિની ઝાંખી કરવી એ અદ્‌ભુત લ્હાવો છે. ડાંગના આદિવાસીઓની પોતાની આગવી પ્રજાકીય સંસ્કૃતિ છે.

– ડૉ. મીનાક્ષી ઠાકર

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) ખોદકામ – ...................... ૨) સંગ્રહાલય – ......................

૩) ઠંડક – ...................... ૪) વારસો – ......................

૫) જતન – ...................... ૬) તવારીખ – ......................

૭) દરવાજા – ...................... ૮) દંતકથા – ......................

**સ. ૨ આડાઅવળા અક્ષરો યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

૧) લા શિ ખ લે – ............. ૨) હા કા ર નૌ વિ – ..............

૩) રી નિ હા પ – ............. ૪) ય ઉ તી દ મ – ..............

૫) ણા હે મ સા – ............. ૬) વ ષ અ શે – ..............

**સ. ૩ ઉદાહરણ પ્રમાણે ક્રિયાપદનું યોગ્યરૂપ ખાલીજગ્યામાં લખો.**

દા. ત. રાણકીવાવ મહેસાણા જિલ્લાના પાટણમાં આવેલી (આવવું) છે.

૧) ઉદયમતીએ ............ વાવ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. (બંધાવવું)

૨) વાવની પથ્થરની દીવાલોમાં ગોખ ................ (કોતરવું) છે.

૩) અંદરના મંડપ ઉપર અષ્ટકોણ ઘુમ્મટ ................ (બાંધવું) છે.

૪) અશોકે અહિંસા અને શાંતિનો મંત્ર બ્રાહ્મી લિપિમાં ........... (લખવું) છે.

૫) પક્ષીઓનું સંરક્ષણ કરવાનું કામ વન્યજીવનના સંરક્ષકોને સોંપી ..... (દેવું) છે.

**સ. ૪ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

૧) પથ્થર ઉપર કોતરેલો લેખ – ................................

૨) પગથિયાંવાળો કૂવો – ..........................................

૩) અવશેષો અને પૌરાણિક વસ્તુઓ સાચવી રાખી હોય તે સ્થાન – ........

૪) પશુ–પંખીઓનાં સંરક્ષણ–સંવર્ધન માટે નિશ્ચિત યોગ્ય સ્થાન – ............

**સ. ૫ નીચેનાં વાક્યો બહુવચનમાં ફેરવો.**

૧) વાવનું પગથિયું સાંકડું છે.

૨) અશોકનો શિલાલેખ બ્રાહ્મી લિપિમાં કોતરેલો છે.

૩) પક્ષી પોતાનો માળો બનાવે છે.

૪) આદિવાસીનું ઝૂંપડું નાનું હોય છે.

**સ. ૬ નીચેના શબ્દ પિરામિડોનું નિરીક્ષણ કરો. ઉપરથી નીચે આવતા દરેક સ્તરે શબ્દ-અક્ષર વધતાં જાય છે. તે ઉપરાંત બીજી કઈ વિશેષતા છે તે જાણો અને સમજો.**

| | |
|---|---|
| આ | → સર્વનામ |
| વાવ | → નામ |
| ઉત્તમ | → વિશેષણ |
| બાંધેલી છે. | → ક્રિયાપદ |

| | |
|---|---|
| કૃપો | → કર્તા |
| દાખલું | → કર્મ |
| ગણે છે | → ક્રિયાપદ |

તમે પણ આવા પિરામિડ બનાવો.

♦ **સંભાષણ**

૧) તમે જોયેલા કોઈ પણ એક બગીચા વિશે તમારા શબ્દોમાં માહિતી આપો.
૨) તમે કરેલા કોઈ પણ નાના-મોટા પ્રવાસના અનુભવનું મૌખિક વર્ણન કરો.

**સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) અડાલજ વાવ ..........................................
  અ) પાટણમાં આવેલી છે.
  બ) અમદાવાદ-ગાંધીનગર રસ્તા પર આવેલી છે.
  ક) ભાવનગરમાં આવેલી છે.

૨) નળ સરોવર અભયારણ્યમાં ..........................
  અ) ઘુડખર જોવા મળે છે.
  બ) સિંહ જોવા મળે છે.
  ક) વિવિધ પક્ષીઓ જોવા મળે છે.

૩) અશોકનો શિલાલેખ ....................................
  અ) ગિરનારની તળેટીમાં છે.
  બ) સાપુતારાની તળેટીમાં છે.
  ક) પાવાગઢની તળેટીમાં છે.

**સ. ૮ નીચેનાં સ્થળોની તમને ગમેલી બે બે વિશેષતા જણાવો.**

૧) રાણકી વાવ    ૨) અડાલજ વાવ
૩) નળ સરોવર અભયારણ્ય    ૪) સાપુતારા ગિરિમથક

**સ. ૯ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

૧) નળ સરોવર અભયારણ્ય અમદાવાદથી ........ કિમી. દૂર ........ ચો.કિ. મી. વિસ્તારમાં પથરાયેલું છે.
૨) સાપુતારાના મ્યુઝિયમની સ્થાપના ............ માં થઈ હતી.

૩) અશોકનો શિલાલેખ ................. લિપિમાં લખેલો છે.

૪) મૂર્તિઓનું ............... આપણને તેના ભાવ તરફ ખેંચી જાય છે.

સ. ૧૦ (૧) કોઈ એક કિલ્લાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(૨) તમારા વતનની આસપાસ આવેલા કોઈ પણ એક સ્થળની વિશેષતા તમારા શબ્દોમાં લખો.



## પ્રકલ્પ



- મહારાષ્ટ્રનાં જોવાલાયક સ્થળોની માહિતી કમ્પ્યુટરની મદદથી મેળવો. તે સ્થળોનાં ચિત્રો મેળવો. તેમાંથી કોઈ પણ ત્રણ સ્થળોનાં ચિત્ર લગાડી તેની નીચે તે સ્થળની માહિતી લખી ભીંતપત્રક તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો



ગુજરાતના વિવિધ જિલ્લાઓના પ્રખ્યાત મેળા

- અમદાવાદ – વૌઠાનો મેળો
- ડાંગ – ડાંગ દરબાર
- પંચમહાલ – કવાંટનો મેળો, ગોલગધેડાનો મેળો
- નડિયાદ – ડાકોરનો મેળો
- પોરબંદર – માધવપુરનો મેળો
- સુરેન્દ્રનગર – તરણેતરનો મેળો
- ભાવનગર – નકળંગનો મેળો
- જૂનાગઢ – ભવનાથનો મેળો
- સાબરકાંઠા – શામળાજીનો મેળો, ચિત્ર-વિચિત્ર મેળો
- બનાસકાંઠા – અંબાજીનો મેળો



**અધ્યાપન સંકેત :** માનસપ્રવાસ કરાવતી વખતે શિક્ષકે નાના નાના પ્રશ્નોને આધારે બસમાં અને ટ્રેનમાં પ્રવાસ કરાવવાનો છે. તેને અનુરૂપ માર્ગમાં તેઓ શું શું જુએ છે ? તેની યાદી બનાવવી. વિદ્યાર્થીઓના જવાબના આધારે તે તે વસ્તુ વિશેની સમજ અને માહિતી આપવી. તેના ઉપરથી પ્રવાસના આનંદની અનુભૂતિ કરાવવી. ત્યારપછી પ્રસ્તુત કૃતિને ધ્યાનમાં રાખી ગુજરાતનાં કેટલાંક જોવાલાયક સ્થળોનાં ચાર્ટસ બતાવી તેની સ્પષ્ટ સંકલ્પના આપવી. ચાર્ટસ-ચિત્રો વગર માત્ર વર્ણન કહીને અધ્યાપનને નીરસ બનાવવું નહિ. બીજી આનંદદાયી પ્રવૃત્તિઓ કરાવી પ્રવાસને શક્ય તેટલો વધારે આનંદપ્રદ બનાવવાનો પ્રયત્ન કરવો.

ગુજરાતની આગવી અને અનોખી સંસ્કૃતિનો પરિચય આપવાનું તો ભૂલાય જ કેમ ? સાંસ્કૃતિક પરંપરાનો પણ અવશ્ય ખ્યાલ આપવો.

**ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા**

# ઉપક્રમ - રૂઢિપ્રયોગો

૧) આંખો લાલ કરવી : ગુસ્સે થવું
આખો દિવસ વિડીયોગેમ રમતાં વિશાલ સામે માએ આંખો લાલ કરી.

૨) વહારે ધાવું : મદદે આવવું
કોઈને પણ મુશ્કેલીમાં જોઈને વહારે ધાવું એ સાચો ધર્મ છે.

૩) ફાળ પડવી : ગભરાઈ જવું, ચિંતા થવી
વરસાદ લંબાઈ જવાથી ખેડૂતોને ફાળ પડી.

૪) પોબારા ગણી જવા : બારોબાર ભાગી જવું, નાસી જવું
સરહદ પર સજ્જ સૈનિકોને જોઈને દુશ્મનો પોબારા ગણી ગયા.

૫) કાન પકડવા : માફી માગવી
પોતાની ભૂલ સ્વીકારી કાન પકડવામાં શરમ ન રાખવી.

❖ **હવે નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો.**
**અર્થ લખવા સાર્થ જોડણીકોશનો ઉપયોગ કરો.**

| | |
|---|---|
| મગજમાં રાઈ ભરાવી | પાનો ચડાવવો |
| કાન આમળવા | બાથ ભીડવી |
| નાકે દમ આવવો | રડીને રાજ લેવું |
| આંખો ઝૂકી જવી | ધૂળ ચાટતાં થવું |
| હોઠ સીવી દેવા | બરોબરી કરવી |
| મોઢું વાંકું કરવું | જંગે ચડવું |
| દાંત ખાટા કરવા | સ્તબ્ધ થઈ જવું |
| જીભ ઘસાઈ જવી | સુવાસ ફેલાવવી |
| ગળે પડવું | દીવાદાંડી બનવું |
| છાતી ઠોકીને કહેવું | રામ રમી જવા |
| પેટમાં વાત ન ટકવી | ફતેહ કરવું |
| હાથ ફેલાવવો | કુરબાની આપવી |
| આંગળી કરવી | હાંફળું-ફાંફળું થવું |
| પગપેસારો કરવો | કમકમા આવવા |
| કાંડામાં જોર હોવું | પરસેવો પાડવો |
| ખભે ખભા મેળવવા | રૂંવાટાં ઊભાં થઈ જવાં |
| કોણીએ ગોળ ચોંટાડવો | વિસાતમાં ન હોવું |

# ૭. સરદાર કથા

- ચાલો ઉખાણાં ઉકેલીએ.

૧) સત્યનો પૂજારી છું
અહિંસા મારો ધર્મ છે.
સત્યાગ્રહના હથિયારથી
મેં સ્વતંત્રતા અપાવી છે.



૨) આઝાદ હિંદ સેનાનો હું સંસ્થાપક હતો.
ચલો દિલ્હીનો આદેશ આપી
મેં જયહિંદના મંત્ર દ્વારા
હિંદુસ્તાન ગજાવ્યું' તું.




૩) બાળકો અને ગુલાબ મને
અતિશય વહાલા છે.
મારા જન્મદિવસને તમે
'બાલદિન' તરીકે મનાવો છો.



૪) સાર્વજનિક ઉત્સવોની
શરૂઆત મેં કરી હતી.
'કેસરી' અને 'મરાઠા' દ્વારા
જનજાગૃતિ લાવી હતી.





કરમસદે જન્મ્યા રે કિસાન કુળનું વધારવા સન્માન
વલ્લભ તમે બન્યા રે ગુજરાતીનું સાચું સ્વાભિમાન ...

હિંદના નીંભાડે પાક્યો એવો પટેલ લોખંડી ;
હેમાળા જેવું હૈયું લઈને જીવ્યો નિડર ને નિસ્પૃહી ... કરમસદે ...

વલ્લભ તમે આઝાદીના અમર સિતારા સંપના સર્જનહાર ;
વલ્લભ તમે શૂરવીરતાના બન્યા અરીસા જય જય જય સરદાર ... કરમસદે ...

વલ્લભ તમે ભારતમાની ભક્તિ કરીને મેળવી છે ઊંચાઈ ;
વલ્લભ તમે રાષ્ટ્રપિતાનું કહ્યું કરીને શીખવી છે સાદાઈ ... કરમસદે ...

ગાદી માટે છે આજ ખેંચાખેંચી ને ધીંગાણાંઓ ઘોમ ;
વલ્લભ તમે ત્યાગ્યો છે એક ઈશારે ગાદી કેરો મોહ ... કરમસદે ...

ખેડૂત થઈ ખેડી છે તમે અખંડ હિંદની અખંડ આ વાડી ;
વલ્લભ તમે જીવન વાવી મહેકાવી છે હિંદની ફૂલવાડી ... કરમસદે ...

વલ્લભ તમે ત્યાગી છે હિંદને માટે કંચન કામિની ;
વલ્લભ તમે મશાલ લઈને ઘરથી નીકળ્યા ભૂલીને ભામિની ... કરમસદે ...

વલ્લભ તમે જન્મ લ્યો ફરી ભારતભરનો કરવાને ઉદ્ધાર ;
રાષ્ટ્રવાદી બનીએ અમે વંશજ કહીએ જય જય જય સરદાર ... કરમસદે ...

સાંભળજો વિનંતી રે પાટીદારના પાણીદાર સપૂત ;
મોકલજો ભારતને નંદનવન કરવા તમ જેવા દૂત ... કરમસદે ...

ઓ રાજ્યપુરુષ સાચા હજી તમ વિશે કહેવાનું ઘણું બાકી ;
'સાંઈ' સરદાર કથા આ લખી છતાંયે કલમ નથી થાકી ... કરમસદે ...

– સાંઈરામ દવે

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો.**

૧) ખેડૂત – .................. ૨) શિયાળો – ........................
૩) દર્પણ – .................. ૪) રમખાણ – ........................
૫) બગીચો – .................. ૬) સુપુત્ર – ........................

**સ. ૨ ખાલીજગ્યામાં 'કેરું'નું યોગ્ય રૂપ લખો.**

દા.ત. ગાદી 'કેરો' મોહ.

૧) કોયલ ................ અવાજ. ૨) લોખંડ ...................... કાયા.
૩) પર્વત ................ ઊંચાઈ. ૪) ગૌરવ ...................... ગાથા.

**સ. ૩ કાવ્યના આધારે યોગ્ય વિશેષણ લખો.**

૧) .................... સ્વાભિમાન ૨) ..................... હિંદ
૩) .................... સપૂત ૪) ..................... સિતારા

સ. ૪ ઉદાહરણ પ્રમાણે પ્રત્યય લગાવી શબ્દ બનાવો.

| અ) દા.ત. 'આઈ' : ઊંચું–ઊંચાઈ | | (બ) દા.ત. 'દાર' : સર–સરદાર | |
|---|---|---|---|
| ૧) સાદું | – ………………… | ૧) પૈસા | – …………………… |
| ૨) પહોળું | – ………………… | ૨) દાણા | – …………………… |
| ૩) અધીરું | – ………………… | ૩) પાણી | – …………………… |
| ૪) કડક | – ………………… | ૪) ધમાકા | – …………………… |

સ. ૫ અર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો.

દા.ત. – વલ્લભભાઈ હિંદના સપૂત હતા.

જવાબ – વલ્લભભાઈ હિંદના કપૂત નહોતા.

૧) પ્રાણીમાત્રને ગુલામી ન ગમે.

૨) સરહદના સૈનિકો ડરપોક હોતા નથી.

૩) મારા બધા દાખલા સાચા હતા.

૪) ઘરમાં સંપ હોય તો શાંતિ રહે.

૫) પરિવારમાં જન્મનો પ્રસંગ આનંદદાયક હોય છે.

♦ **સંભાષણ :** આઝાદીના જંગમાં યોગદાન આપનાર અનેક સપૂતોમાંથી કોઈ પણ એક વિશે પાંચ થી સાત વાક્યો બોલો.

સ. ૬ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.

૧) હિંદના નીંભાડે પાક્યો …………… કરીને શીખવી છે સાદાઈ.

૨) વલ્લભ તમે રાષ્ટ્રપિતાનું કહ્યું ………… હિંદને માટે કંચન કામિની.

૩) ખેડૂત થઈ ખેડી છે તમે ………….. પાટીદારના પાણીદાર સપૂત.

૪) વલ્લભ તમે ત્યાગી છે ………… એવો પટેલ લોખંડી.

૫) સાંભળજો વિનંતી રે ……………. અખંડ હિંદની અખંડ આ વાડી.

સ. ૭ એકાદ બે વાક્યમાં કહો.

૧) હિંદ માટે વલ્લભે ત્યાગ કર્યો તે ……………………………………………

૨) વલ્લભભાઈએ આપણને શીખવ્યું છે તે ……………………………………

૩) કવિનું નામ દર્શાવતી પંક્તિ લખો. ……………………………………………

સ. ૮ નીચેના શબ્દસમૂહોનો ઉપયોગ કરીને સરદાર વલ્લભભાઈ પટેલ વિશે ૮થી ૧૦ વાક્યો લખો.

| | |
|---|---|
| ૧) ગુજરાતીનું સ્વાભિમાન | ૨) ગાદીનો મોહ ત્યાગ્યો |
| ૩) આઝાદીના અમર સિતારા | ૪) ભારતની ભક્તિ |
| ૫) હિંદની ફૂલવાડી | ૬) પાણીદાર સપૂત |
| ૭) સંપના સર્જનહાર | ૮) અખંડ હિંદ |
| ૯) કિસાનકુળનું સન્માન | ૧૦) સાદાઈ શીખવી છે |

સ. ૯ સરદાર પટેલ નાના હતા. ત્યારે તેમને બગલમાં ગૂમડું (બામલાઈ), થયું હતું તેનો પ્રસંગ તમારા શબ્દોમાં લખો.



## પ્રકલ્પ



♦ ઈન્ટરનેટની મદદથી 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ની માહિતી મેળવી એક સુંદર પ્રકલ્પ તૈયાર કરો.

## હું વાંચું ..... તમે પણ વાંચો



### બાપુ અમર રહો !

એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો !
એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ, ભારતમાં ફરતો જ રહો !
અમ જીવનમાં અમ અંતરમાં
એની ઉજ્જવલ જ્યોત જ્વલંત રહો !
અમ દેશના દૈન્ય ને દુર્બળતા
એની પાવક આતમજ્વાળ દહો !
એનો સત્યનો સૂર્ય સદાય તપો
અમ પાપ – નિરાશાના મેલ દહો !
એનાં પ્રેમ – અહિંસાનાં પૂર પ્રભો
અમ ભારતના સહુ ક્લેશ વહો !
એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો રામ વદીને વિદાય થયા ;
લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.
એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો !






**અધ્યાપન સંકેત :** સરદાર વલ્લભભાઈ પટેલ વિશે મૌખિક માહિતી આપી 'સરદાર' નું ઉપનામ કોણે, ક્યારે અને શા માટે આપ્યું તેની માહિતી આપવી.


વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનના આધારે પ્રસ્તુત કૃતિના વિષયવસ્તુને આધારે પ્રશ્નોત્તર કરી કૃતિનું અધ્યાપન કરાવવું. કાવ્યના આધારે સરદાર પટેલના ગુણોની યાદી વિદ્યાર્થીઓની મદદથી કા.પા. ઉપર કરવી. લોખંડી પુરુષ તરીકે તેઓ કેમ ઓળખાયા તેનો પ્રસંગ કહેવો. એ સિવાય પણ અન્ય પ્રસંગોની માહિતી આપવી. સ્ટેચ્યુ ઑફ યુનિટીની થોડી માહિતી આપી નેટ ઉપરથી વધુ માહિતી જાણવા પ્રેરિત કરવા.

**એકતા અને અખંડિતતા દેશની શાન છે.**



# ૮. ગોબરગૅસ

♦ **ચર્ચા કરીએ, જાણીએ, વિચારીએ.**






આ સાધનોના ઉપયોગથી થતા ફાયદા વિશે એકબીજા સાથે ચર્ચા કરો.

બંનેમાંથી ક્યા સાધનનો મહત્તમ ઉપયોગ કરશો ?




આ બંનેમાંથી સાચી રીત કઈ છે ?

રાષ્ટ્રીય સંપત્તિનો ઉપયોગ કરકસરપૂર્વક કરવાનાં કારણોની ચર્ચા.

---

(દિવાળીની રજાઓ છે. શહેરમાં ભણતા ચાર-પાંચ મિત્રો દૂરના એક ગામની પાસે આવેલી એક આશ્રમ સંસ્થાની મુલાકાતે આવ્યા છે. રેલ્વે સ્ટેશનથી સંસ્થાએ પહોંચવા માટે સારો એવો રસ્તો કાપવાનો છે. શિયાળો નજીક છે. સાંજનું અંધારું ઊતરવા માંડ્યું છે ને ઠંડીનો ગુલાબી ચમકારો વરતાઈ રહ્યો છે.)

**મહેશ** : (ચાલતાં-ચાલતાં) મુકેશ, આપણા શહેરની ડામરની કઠણ સડક ઉપર ચાલવા કરતાં ગામડાની આ પોચી સુંવાળી ધરતી ઉપર પગલાં પાડવાની મજા આવે છે, નહિ?

**મુકેશ** : હું પણ એ જ વિચારતો હતો. અહીંની હવા પણ કેવી વહેતા ઝરણા જેવી સ્વચ્છ છે !

કેતન : અરે, તમે જોજો તો ખરા, અહીંનાં જમીન અને હવા જેવાં અહીંનાં પાણી અને ખોરાક પણ નોખી જાતનાં જ હશે.

મયંક : તમે હવા, પાણી, ખોરાક અને ધરતીની તો વાત કરી, પણ આમ ઊંચે તો જુઓ ; આકાશ પણ કેવું નિર્મળ છે ! અહીંનો ચંદ્ર પણ દૂધે ધોયો હોય એવો જ જણાય છે !

મહેશ : મયંકને તો બસ પોતાની જ વાત કરવી ગમે છે.

કેતન : કેમ એમ કહે છે ? કંઈ સમજાયું નહિ.

મહેશ : લો, ત્યારે તમે શહેરમાં ભણ્યા એ શા કામનું ? અલ્યા, 'મયંક' એટલે 'ચંદ્ર' અને આપણો આ મયંક પણ ચંદ્રની જ વાત કરે છે ને ?

મુકેશ : હા, એ વાત સાચી. પણ હવે અંધારું વધતું જાય છે. રસ્તો માંડ સૂઝે છે. ભૂલા પડીશું તો?

મહેશ : પણ આઘે જુઓ. પ્રકાશ દેખાય છે. મયંક ઊગતો લાગે છે.

કેતન : હા, એમજ લાગે છે. ખરી ગમ્મત થઈ : એક મયંક અહીં છે ને બીજો ત્યાં આકાશમાં ઊગ્યો છે; નામ એક, વસ્તુ અનેક.

(ત્યાં પાછળથી કોઈકનો અવાજ સંભળાય છે.)

રામભાઈ : ના, એમ નથી ; અને એમ છે પણ ખરું.

મહેશ : કોણ એ ?

રામભાઈ : અંધારે આંખ ન ઓળખે, પણ મારા અવાજને તમારા કાને ઓળખી ન લીધો ?

મહેશ : ઓહો ! રામભાઈ !

રામભાઈ : હા, હું જ છું. તમારા પિતાજીનો પત્ર મને મળ્યો હતો. હું તમને લેવા માટે સ્ટેશને આવ્યો હતો મેં તમને જોયા પણ હતા. પણ પછી થયું કે લાવ જરા જોઉં તો ખરો કે તમે તમારી મેળે રસ્તો શોધી શકો છો કે નહિ.

મહેશ : ને અમે તમારી એ કસોટીમાંથી પાર ઊતર્યા કે ...

રામભાઈ : અવશ્ય.

મુકેશ : પણ રામભાઈ, તમે પેલું કોયડા જેવું શું બોલ્યા કે 'એમ નથી ; અને એમ છે પણ ખરું' એ કંઈ સમજાયું નહિ.

રામભાઈ : મારો કહેવાનો અર્થ એમ છે કે તમે જે દિશામાં જુઓ છો ત્યાં 'મયંક' એટલે કે 'ચંદ્ર' નથી, પણ પ્રકાશ છે એ વાત તો ખરી.

મયંક : તો પછી વગડા જેવા વિસ્તારમાં આટલો બધો પ્રકાશ ક્યાંથી?

રામભાઈ : એ તો આ રસ્તાનો વળાંક વળીએ એટલે તમે તમારી મેળે જ જાણી જશો.

(વળાંક પૂરો થતાં જ સામે સંસ્થા અને ગૅસના દીવાના થાંભલા દેખાય છે.)

**મહેશ** : અરે, આ તો વીજળીના દીવા! શહેરમાં હોય છે અદ્દલ એવા શું અહીં વીજળી આવી ગઈ છે ?

**રામભાઈ** : એ વણવીજળીના દીવા છે; ગૅસના દીવા છે.

**મહેશ** : ગૅસના દીવા ?

**રામભાઈ** : હા. ગોબરગૅસના છે. પણ લો, આપણે તમારા માટેના ઊતારે આવી ગયા છીએ. જરા હાથપગ ધુઓ, આરામ કરો. પછી જમીને નિરાંતે વાતો કરીએ.

**કેતન** : રામભાઈ, જમવાનું તો રોજ છે જ ને ? મને તો તમે અજવાળા માટેની આ શી કરામત કરી છે એ જાણવાની તાલાવેલી લાગી છે.

**બધા** : હા, હા, રામભાઈ, જમીશું પછી. પહેલાં આ દીવાની વાત સમજાવો.

**રામભાઈ** : ઠીક ત્યારે બેસો. (બધા બેસે છે.) હવે મને એટલું કહો કે 'ગોબર' એટલે શું એ તો તમે જાણો છો ને ?

**મહેશ** : હાસ્તો, 'ગોબર' એટલે 'છાણ'. પણ એને ને ગૅસને શો સંબંધ ?

**રામભાઈ** : સીધો સંબંધ છે. ગોબર એટલે પશુઓનાં મળમૂત્ર. એને કોવડાવીએ એટલે મિથેન નામનો ગૅસ ઉત્પન્ન થાય ; એને આપણે ગોબરગૅસ કહીએ છીએ. આ ગૅસ તમે જુઓ છો એવો પ્રકાશ પણ આપે છે અને આપણને જોઈએ તો ઊર્જા એટલે કે ગરમી પણ આપે છે.

**કેતન** : પણ છાણ તો કેટલું બધું ગંધાય? ગામડાના ઉકરડા કેટલા બધા ગંદા હોય છે ?

**રામભાઈ** : (હસતાં–હસતાં)તમારી વાત સાચી છે. પણ એ ઉકરડા તો સાવ ઉઘાડા હોય છે એટલે એમની ગંધ આપણને અકળાવે છે. એમને ઢાંકી રાખીને આવો સદ્‌ઉપયોગ થતો હોય ને ગંદકીથી બચી જવાતું હોય તો શું ખોટું ?

**મહેશ** : તમારી વાત આમ તો ગમે એવી છે. પણ છાણમાંથી બધા આ રીતે ગૅસ બનાવવા માંડે તો પછી ખાતરની ખોટ ઊભી ન થાય ?

**રામભાઈ** : તમે ખાતરની વાત યાદ રાખી એ મને ગમ્યું. પ્રકાશ કરતાં ખાતરનું મહત્ત્વ જરા પણ ઊતરતું નથી. તમે રસ્તે ચાલતાં પેલું બોલેલા કે મયંક નામ એક, પણ વસ્તુઓ અનેક, એમ ગોબર નામની વસ્તુ ભલે એક રહી ; પણ એના ફાયદા અનેક છે.

**કેતન** : એ કેવી રીતે ?

**રામભાઈ** : જુઓ, તમે ઉનાળામાં કેરી ખાઓ છો, પછી ગોટલાનું શું કરો છો ?

**મયંક** : ફેંકી દઈએ, બીજું શું ?

**મુકેશ** : કેમ બીજું શું ? ગોટલાને શેકીને ગોટલી ખવાય છે. સરસ સ્વાદ આવે છે.

**રામભાઈ** : બસ ત્યારે. આ ગોબરનું પણ એવું જ છે. ગોબરમાંથી ગૅસ મળ્યા પછી જે ભાગ બાકી રહે તેનો ઉપયોગ ખાતર તરીકે પણ થઈ શકે છે. એને સૂકવી નાખીએ તો પણ ચાલે અને પાણીમાં ભેળવીને રગડો બનાવીને ખેતરમાં વહેવડાવી પણ શકાય. ગંદકી તો લગીરે થાય જ નહિ. ગંદકી ન થાય એટલે માખી–મચ્છર પેદા થતાં નથી. ને માખી–મચ્છર ન થાય તો રોગ ન ફેલાય. રોગ ન ફેલાય એટલે આપણે નીરોગી રહીએ ને ખાઈ–પી લહેર કરીએ. તમે જાણો છો, આ ગૅસથી જેમ દીવા થાય છે એમ રસોઈ પણ થાય છે.

**કેતન** : પણ ગંદા છાણના ગૅસથી રાંધેલી વાનગી ખાતાં સૂગ ન ચડે ?

**રામભાઈ** : એમાં સૂગ શાની ? જુઓ, આ છાણમાંથી બનેલા ગૅસના દીવા બળે છે છતાં સહેજ પણ ગંધ આવે છે ખરી ?

**મુકેશ** : બિલકુલ નહિ. અને અજવાળું પણ કેવું રૂડું–રૂપાળું છે.

**મયંક** : વરઘોડામાં વપરાતી ક્રિટ્સનલાઈટના અજવાળા જેવું ?

**રામભાઈ** : આ ગોબરગૅસને મિથેન–ગૅસ પણ કહે છે. એ જેમ ચમકતો પ્રકાશ આપે છે એમ ગરમી પણ આપે છે. છાણાં સળગાવીએ ને જે ગરમી મળે એના કરતાં આ ગૅસમાંથી મળતી ગરમી છ–ગણી વધારે હોય છે.

**કેતન** : ખરેખર ?

**રામભાઈ** : હાસ્તો. જુઓ, હજુ આપણા દેશમાં વીજળીની ખૂબ તંગી છે. આ સંસ્થાની જેમ તે ખૂણેખૂણે પહોંચાડી શકાતી નથી. આવાં તો કેટલાંયે ગામોમાં રસોઈ અને બીજાં કામો માટે લાકડાં અને ઘાસતેલનો ઉપયોગ કરવો પડે છે.

**મહેશ** : લાકડાં ને ઘાસતેલ મોંઘા પણ ખરાં.

**રામભાઈ** : લાકડાં બાળી નાખવાનો બીજો ગેરફાયદો એ કે એને સારુ થઈને જંગલોમાંથી લીલાં ઝાડ કાપવાં પડે છે. લીલાં ઝાડ કાપવાથી જંગલો ઓછાં થતાં જાય છે. એનાથી જમીન ઉજ્જડ અને ઉઘાડી થતી જાય છે ; અને વરસાદ પણ ઘટતો જાય છે.

**કેતન** : હં. હવે ખબર પડી કે વૃક્ષારોપણનું કામ કંઈ અમસ્તી શોભા માટે કરવામાં નથી આવતું !

**રામભાઈ** : તમારી વાત સાચી છે. સૌ એ સમજે તો કેવું સારું !

**મુકેશ** : રામભાઈ, તમારી વાત સમજાય છે. ગોબરનો આવો ઉપયોગ કરીએ તો ગંદકીથી બચીએ, ગૅસનું બળતણ મળે એટલે

વૃક્ષોરૂપી સંપત્તિ બચે, દીવાનો પ્રકાશ મળે એટલે વીજળી પણ બચે અને રાસાયણિક ખાતરોની પણ તંગી છે તેની જગ્યાએ ઘેરબેઠાં સસ્તું ખાતર પણ મળી રહે. ગજબ છે ને, છાણ કે જેને નકામું ગણી ફેંકી દેવાની વસ્તુ માનતા હતા એ તો કેટલું બધું ઉપયોગી છે ?

**રામભાઈ :** ચાલો ત્યારે, આ ગોબરગૅસના ચૂલા ઉપર તૈયાર થયેલી વાનગીઓ કેટલી સ્વાદવાળી છે એ જાણવા એને આરોગીએ.


**મુકેશ :** રામભાઈ, જે ગોબરગૅસ આપણી આટલી બધી સેવા કરે છે એ પોતે કેવી રીતે બને છે એ જાણ્યા વગર જમવા બેસી જઈએ તો તો અમે સ્વાર્થી ન કહેવાઈએ ?

**રામભાઈ :** વાત જાણી લેવાની તમારી આ રીત મને ગમી. તો હું તમને સમજાવું. છાણમાંથી ગૅસ બનાવવાના સાધનને 'ગોબરગૅસ પ્લાન્ટ' કહે છે. એમાં બહુ મોટાં યંત્રોની જરૂર પડતી નથી; એની રચના ખૂબ સાદી–સીધી છે. જમીનમાં આપણી જરૂરિયાત મુજબની ચોક્કસ માપની ઊંડાઈની પાકી કૂંડી બનાવીને એના ઉપર ઢાંકણું બંધ કરવામાં આવે છે. એક રીતે જોતાં ગટર અને જાજરૂના ખાળકૂવા જેવી જ આ રચના કહી શકાય. ફેર એટલો જ છે કે આ કૂંડીમાં છાણમળમૂત્ર અને ગૅસની આવ–જા માટે નળીઓ ગોઠવવામાં આવે છે.

**કેતન :** આ બધું કરવા પાછળ ખર્ચો તો ઠીક–ઠીક થતો હશે ને ?

**રામભાઈ :** નહિ રે, કૂંડી મોટી બનાવો તો ખર્ચ થોડો વધે ને કૂંડી નાની બનાવો તો એટલો ખર્ચ ઓછો થાય ; ને એમાંય ધારો કે ચાર–પાંચ હજાર રૂપિયાનું ખર્ચ અંદાજીએ તોય એ બધા પૈસા કંઈ આપણા પોતાના ખિસ્સામાંથી કાઢવા પડતા નથી.

**કેતન :** તો ?



**રામભાઈ** : આવો પ્લાન્ટ બનાવનારને રાજ્ય સરકાર, બૅન્ક, ખાદી–ગ્રામોદ્યોગ કમિશન, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ વગેરે અનુદાન પણ આપે છે.

**મુકેશ** : આપણે ત્યાં આ યોજના ક્યાં–ક્યાં અમલી બની છે ?

**રામભાઈ** : આપણા ગુજરાતમાં પહેલા તબક્કે પાંચ હજાર જેટલા ગોબરગૅસ પ્લાન્ટથી એનો આરંભ કરાયો. એમાં ભારતનો મોટામાં મોટો પ્લાન્ટ આજથી લગભગ પંદર વર્ષ પહેલાં જૂનાગઢ જિલ્લાના તુલસીશ્યામમાં શરૂ કરાયો.

**મયંક** : એની વિગતો આપશો ?

**રામભાઈ** : એ પ્લાન્ટમાંથી જે ગૅસ પ્રાપ્ત થયો એનો એક ખૂબ જ ફાયદાકારક ઉપયોગ એ થયો કે ૫/૬ હૉર્સ પાવરનું ઑઈલ એન્જિન મોંઘા ક્રૂડતેલ કે ડીઝલને બદલે આ ગૅસની શક્તિથી ચલાવવામાં આવ્યું અને એ એન્જિનના ચક્ર સાથે વીજળી પેદા કરતા જનરેટરને સાંકળીને તેને ફરતું કરવામાં આવ્યું. એમાંથી એટલા પ્રમાણમાં વીજળી પેદા થઈ કે તેના વડે વીજળી દીવાનો પ્રકાશ તો મળ્યો, પણ તે ઉપરાંત અનાજ દળવાની ઘંટી અને કૂવામાંથી પાણી ખેંચવાના પંપ સુદ્ધાં ચલાવવામાં આવ્યાં. વીજળીની ખેંચને કારણે ગીરના એ વિસ્તાર સુધી વીજળીકરણ પહોંચી નહોતું શક્યું તો પણ એટલા વિસ્તારમાં ખપપૂરતી વીજળી આ ગોબરગૅસના આશીર્વાદથી મળી શકી છે અને ખેતીને પણ લાભદાયી બની શકી છે.

**કેતન** : ગુજરાતમાં બીજે ક્યાંય આ યોજના અમલમાં મૂકાઈ છે ખરી ?

**રામભાઈ** : ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામમાં 'ગુજરાત રાજ્ય ડેરી વિકાસ નિગમ' મારફતે આનાથી પણ વધુ મોટા પાયે આ યોજના આકાર લઈ રહી છે. એમાં અઢીસો કુટુંબોને પાઈપ–લાઈન વાટે ગૅસજોડાણો આપવાનું વિચારાયું છે. સહકારી ધોરણે ગ્રાહકમંડળ એનું સંચાલન કરશે. નાના પાયે તો આ યોજના ભાવનગર જિલ્લાનાં સણોસરા કે જૂના સાવર જેવાં ગામો સુધી પણ પહોંચી ચૂકી છે. નાની કક્ષાના ગોબરગૅસ માટે સંશોધન ચાલી રહ્યું છે. છાણ સહિત સડેલા કચરામાંથી પણ ગોબરગૅસ બનાવવા વિચારાઈ રહ્યું છે.

**મયંક** : એનો અર્થ એ થયો કે વધુ માણસો ભેગા મળી સહિયારો પ્લાન્ટ બનાવે તો સસ્તો પડે. સંપ અને સહકારનો એથી સારો મેળ જામે.

**રામભાઈ** : ઢોરઢાંખર ઝાઝાં હોય અને જગ્યાની થોડી છૂટ હોય ત્યાં ગોબરગૅસ પ્લાન્ટ નાખવો વધુ ફાવે.

**કેતન** : તમે અહીં ગોબરગૅસનો ઉપયોગ ફક્ત પ્રકાશ માટે જ કરો છો કે એનો બીજો ઉપયોગ પણ કરો છો ?

**રામભાઈ** : અમે પ્રકાશ ઉપરાંત રસોઈમાં પણ ગૅસની સગડીમાં બળતણ તરીકે એને વાપરીએ છીએ. પ્રવાહી પેટ્રોલિયમ ગૅસની જેમ જ એને ગૅસની સગડીમાં વાપરી શકાય છે અને એ ગૅસની જેમ આ ગૅસ પણ ધુમાડારહિત હોવાથી રાંધનારની આંખોને કશું નુકસાન થતું નથી.

**કેતન** : આ બધું તો ખૂબ વિચારવા જેવું.

**રામભાઈ** : અરે, આનો જો પ્રચાર વધે તો આપણાં ગામડાંને ગંદાં કરતાં ઉકરડા, છાણના પોદળા વગેરે દૂર થાય તેમ જ ગામડાં સ્વચ્છ સુંદર દેખાય. લો, વાતો ઘણી થઈ. હવે ભોજન પતાવીએ.

(સૌ જમવા માટે જાય છે.)

– દિલિપ રૉય



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) નરમ | – ...................... | ૨) જુદી | – ...................... |
| ૩) સ્વચ્છ | – ...................... | ૪) મચંક | – ...................... |
| ૫) ચોક્કસ | – ...................... | ૬) સહાય | – ...................... |
| ૭) ફેલાવો | – ...................... | ૮) દ્વારા | – ...................... |
| ૯) શોધ | – ...................... | ૧૦) સંયુક્ત | – ...................... |
| ૧૧) મિલકત | – ...................... | ૧૨) વેરાન | – ...................... |
| ૧૩) ચીતરી | – ...................... | ૧૪) લાભ | – ...................... |

**સ. ૨ નમૂના પ્રમાણે શબ્દ લખી તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

અ) દા.ત. : લાભ આપનારું – લાભદાયી

નિયમિત કસરત કરવી એ આરોગ્ય માટે લાભદાયી છે.

૧) આરામ આપનારું – .........................

...........................................................................

૨) ફળ આપનારું – ............................

...........................................................................

૩) સુખ આપનારું – ...........................

...........................................................................

બ) દા.ત. : ધુમાડા વિનાનું – ધુમાડારહિત

૧) સ્વાદ વિનાનું – .............................

...........................................................................

૨) ગંધ વિનાનું – ..............................

.............................................................................

૩) ગુણ વિનાનું – ..............................

.............................................................................

ક) દા.ત. : થાકેલું – વણથાકેલું

૧) માગ્યું – .......................................

.............................................................................

૨) લોભી – .......................................

.............................................................................

૩) કહ્યું – .......................................

.............................................................................

૪) થંભ્યું – .......................................

.............................................................................

**સ. ૩ નમૂના પ્રમાણે સ્ત્રીલિંગ નામ બનાવો.**

**ઉદા. : ગોટલો - ગોટલી**

૧) પાટલો – ...................... ૨) ચોટલો – ......................

૩) ખાટલો – ...................... ૪) રોટલો – ......................

૫) ઓટલો – ...................... ૬) ટોપલો – ......................

**સ. ૪ ઉદાહરણ મુજબ કૌંસમાં આપેલા શબ્દોમાં ફેરફાર કરી ખાલી જગ્યા પૂરો.**

ઉદા. (ઉકરડો) ઉકરડામાં ઘણો બધો કચરો છે.

૧) (લાકડું) ..................નો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

૨) (ગોબરનો આવો ઉપયોગ) ........... ........... ........ થી ગંદકીથી બચી જવાય છે.

૩) (શિયાળો) ................ના દિવસોને કારણે અંધારું ઊતરવા માંડ્યું હતું.

૪) (તારો અવાજ) ...........ને શું થયું ?

૫) (રસ્તાનો વળાંક) .......... .........ને કારણે ગાડી ધીમે ધીમે જતી હતી.

**સ. ૫ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| તાલાવેલી જાગવી | ગંદુ લાગવું |
| સૂગ ચડવી | મોકળાશ હોવી |
| સાવ ઉઘાડું હોવું | મળતું આવવું |
| મેળ જામવો | ઇચ્છા થવી, ઉત્સુકતા થવી |
| છૂટ હોવી | તદ્દન ખુલ્લું |

♦ **સંભાષણ :** 'વિજ્ઞાનના લાભાલાભ' વિષય ઉપર 'વાદવિવાદ' કરો. તે માટે તમે બધાં બે જૂથમાં વહેંચાઈ જાઓ. એક જૂથ લાભ કહે. બીજું જૂથ ગેરલાભ કહે.

**સ. ૬ આપેલા મુદ્દાને આધારે ગોબરગૅસથી થતાં ફાયદાની યાદી બનાવો.**

૧) વીજળી ૨) ખેતી ૩) બળતણ ૪) વૃક્ષ ૫) સ્વચ્છતા

૬) પ્રકાશ અને ગરમી

**સ. ૭ 'ગોબરગૅસ પ્લાન્ટ'ની રચના માટેની પ્રક્રિયાને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) ચોક્કસ માપની ઊંડાઈની પાકી કૂંડી બનાવવી.

૨) કૂંડીમાં છાણમળમૂત્ર અને ગૅસની આવજા માટે નળીઓ ગોઠવવી.

૩) એની રચના ખૂબ સાદી-સીધી છે.

૪) કૂંડી ઉપરનું ઢાંકણું બનાવી કૂંડી બંધ કરવી.

**સ. ૮ ગોબરગૅસ વિશેના નીચેનાં વાક્યોમાંથી જે વાક્યો સાચાં હોય તેને પરિચ્છેદના રૂપમાં ફરીથી લખો.**

૧) વણવીજળીના દીવા એ ગૅસના દીવા છે.

૨) પશુઓનાં મળમૂત્ર કોવડાવી ઉત્પન્ન થયેલો મિથેન ગૅસ એટલે ગોબરગૅસ.

૩) ગોબરગૅસને કારણે ખાતરની ખોટ ઊભી થાય છે.

૪) છાણા સળગાવવાથી મળતી ગરમી કરતાં ગોબરગૅસમાંથી મળતી ગરમી છ ગણી વધારે છે.

૫) ગોબરના ઉપયોગથી ગંદકી વધે છે.

૬) ગોબરગૅસની યોજના જૂનાગઢ જિલ્લાના તુલસીશ્યામમાં શરૂ કરાઈ હતી.

૭) ગોબરગૅસથી પુષ્કળ ધુમાડો થાય છે.

૮) ગોબરગૅસના પ્લાન્ટ વધુને વધુ નાંખવા જોઈએ.

**સ. ૯ તમારા પોતાના શબ્દોમાં લખો.**



૧) 'ગોબરગૅસ'ની ઉપયોગિતા વિશે ટૂંકમાં લખો.

૨) 'પવનચક્કી' અથવા 'સોલાર સિસ્ટમ' વિશે બે-ત્રણ વાક્યો લખો.

## પ્રકલ્પ



♦ ગોબરગૅસ પ્લાન્ટની રચના દર્શાવતી આકૃતિ દોરી નીચે તેના વિશે માહિતી લખી ભીંતપત્રક બનાવો.

## હું વાંચું ...... તમે પણ વાંચો



### સૂર્યશક્તિથી વીજળી કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

સૌરશક્તિથી વીજળી બે રીતે ઉત્પન્ન થઈ શકે છે. એક તાપ વડે પાણી ઉકાળીને તેની વરાળ વડે પાંખિયાચક્ર કે ટર્બાઈન ફેરવીને અને બે સૌરકોશ વડે.

સૌરકોશ સિલિકૉન સ્ફટિકનાં બે પડ – ધન અને ઋણને જોડીને બનાવેલો કોશ છે. તેના પર તડકો પડતાં તેમાંના વીજાણુ ગતિ કરે છે. વીજાણુની ગતિ એટલે વીજળીપ્રવાહ. ભારતનાં ઘણાં ગામોમાં આ રીતે વીજળી વડે દીવા ચલાવવાની વ્યવસ્થા વિસ્તારવામાં આવી રહી છે. આવા સૌર વીજળીમથક માટે કોશોને પાથરવા વિશાળ જગ્યા જોઈએ, વળી, કોશ પણ હજુ બહુ ખર્ચાળ હોવાથી આ પદ્ધતિ પ્રચારમાં આવી શકી નથી.



**અધ્યાપન સંકેત :** પાઠની શરૂઆતમાં આપેલાં ચિત્રો અને પ્રશ્નો બાબતની ચર્ચા દરમ્યાન વિદ્યાર્થીઓને સ્પષ્ટ રીતે સમજાવવું કે વધતી જતી વસ્તી અને કુદરતી સાધનસંપત્તિ વચ્ચેનું સંતુલન જાળવવું ખૂબજ જરૂરી છે.

કુદરતી સાધન-સંપત્તિનો ઉપયોગ વધારવાથી પ્રદૂષણ થતું અટકે અને પાણી અને વીજળી જેવી મહત્ત્વની વસ્તુઓની અછત પણ ટળે. તે ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કર્યા પછી ગોબરગૅસની સંકલ્પના સ્પષ્ટ કરવી. અને પછી તેના પ્લાન્ટનાં ચિત્રો-ચાર્ટ વગેરેની મદદથી પ્રસ્તુત કૃતિનું અધ્યયન કરવું. શક્ય બને તો ગોબરગૅસનો નાનો પ્રકલ્પ વિદ્યાર્થીઓની મદદથી વર્ગમાં તૈયાર કરવો.

**ગોબરગૅસમાં ઇંધણની સમસ્યા હલ કરવાની ક્ષમતા છે.**

# ભાષિક સમજ

## ક્રિયાવિશેષણ

♦ **નિરીક્ષણ કરો.**

ચડવાની ક્રિયા થાય છે.
ક્યાં ?
ઝાડ ઉપર



ઊગવાની ક્રિયા
ક્યારે ?
સવારે



જમવાની ક્રિયા
કેટલું ?
થોડું – વધારે



દોડવાની ક્રિયા
કેવી રીતે ?
ઝડપથી / ધીમેધીમે



આપવા – લેવાની ક્રિયા
ક્યારે ?
પહેલાં – પછી



● **વાક્યો વાંચો.**

૧) ઉમેશ ઝાડ ઉપર ચડ્યો.
૨) સૂરજ સવારે ઊગે છે.
૩) ઘોડો ઝડપથી દોડે છે.
૪) દુકાનદાર માલ આપે પછી ગ્રાહક પૈસા આપે છે.
૫) બાળકો જમવામાં થોડું જ ખાય છે.

● **ઉપરનાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દો ક્રિયાના અર્થમાં વધારો કરે છે.**

**: આટલું યાદ રાખો :**

ક્રિયાના અર્થમાં વધારો કરનાર શબ્દને '**ક્રિયાવિશેષણ**' કહેવાય છે.

● **હંમેશાં યાદ રાખો.**

"બની સાથી ક્રિયાપદનું વધારો અર્થનું કરતું,
ક્રિયાનું એ વિશેષણ છે વિશેષણથી જરા જુદું."

● **ચાલો મહાવરો કરીએ.**

**ક્રિયા વિશેષણ શોધી નીચે લીટી દોરો.**

૧) કાલે મિતેશ વહેલો જવાનો છે.
૨) ગણપતિએ ઝડપથી લખ્યું ને શિક્ષક જોતા રહ્યાં.
૩) મંદિરમાં જોરજોરથી ઝાલર વાગતી હતી.
૪) હાસ્ય કલાકારો ખૂબ હસાવે છે.
૫) સંદિપ હમણાં આવવો જોઈએ.

# ૯. નીંદરભરી

♦ **વિચારો અને કહો.**

તમારાં નાનાં ભાઈ–બહેનને મમ્મી શેમાં સુવડાવે છે ?
હીંચકા નાંખતી વખતે શું કરે છે ?
તેમાંનું કોઈ ગીત તમને આવડે છે ખરું ?
સ્પષ્ટીકરણ : આવા ગીતોને આપણે હાલરડાં કહીએ છીએ.

♦ **ચાલો ગાઈએ.**

૧) કોણે નીંદરડી ચોરી ઓ
બેની તારી કોણે નીંદરડી ચોરી.
થાક્યાં તાણીને તારી દોરી, ઓ
બેની તારી કોણે નીંદરડી ચોરી.
જંપ્યા છે ઝાડ પાન જંપ્યા પંખીડા
જંપ્યા ચકવા ને ચકોરી, ઓ
બેની તારી કોણે નીંદરડી ચોરી.

૨) બેન, બેન હું કરતી'તી
બેન વિના ભૂલી રે ભમતી' તી.
બેનને કોઈએ દીઠી
બેન મારી ફૂલવાડીમાં બેઠી
ફૂલની વાડી વેરાવું
બેન મારી
રોતી હોય તો રમાડું.



નીંદરભરી રે, ગુલાલે ભરી
બેનીબાની આંખડી નીંદરભરી... રે...
નીંદરને દેશ બેની નત્ય નત્ય જાતાં,
આકાશી હીંચકાની હોડી કરી...બેનીબાની...

દોર તાણીને વીર મારે હલેસાં,
હાલા વાયા ને હોડી વેગે ચડી...બેનીબાની...
નીંદર બેઠી છે નીલ સમંદરના બેટમાં,
કેસરિયા દૂધના કટોરા ભરી...બેનીબાની...
નીંદરનો બાગ કોઈ લૂંબે ને ઝૂંબે,
કળીઓ નિતારીને કચોળી ભરી...બેનીબાની...
સીંચ્યા છે તેલ મારી બેનીને માથડે,
નાવણ કરાવે ચાર દરિયાપરી...બેનીબાની...
છીપોની વેલડીને જોડ્યા જળઘોડલા,
બેસીને બેન જાય મુસાફરી...બેનીબાની...
સાતે સિંધુને તીર સફરો રે કીધી,
સૂરજ ઊગ્યો ને બેન આવ્યાં ફરી...બેનીબાની...

– ઝવેરચંદ મેઘાણી

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) ઊંઘ – .................. ૨) રોજ – ........................
૩) ભાઈ – .................. ૪) ઝડપ – ........................
૫) દરિયો – .................. ૬) પ્રવાસ – ........................

**સ. ૨ 'ડી' પ્રત્યય લગાડી શબ્દ ફરી લખો. દા.ત. આંખ - આંખડી**

૧) કોયલ – .................... ૨) બેન – ........................
૩) વાત – .................. ૪) નાવ – ........................
૫) રાત – .................... ૬) મા – ........................
૭) છાંય – .................... ૮) રાંક – ........................

**સ. ૩ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) નીંદર ૨) આંખડી ૩) હીંચકો ૪) હલેસાં
૫) કટોરો ૬) નાવણ ૭) મુસાફરી ૮) સૂરજ

**સ. ૪ 'વેગે ચડવું' એટલે ગતિમાં આવવું. કૌંસમાંથી પસંદ કરો.**

(રોજીંદી ઘરેડમાં આવવું, ઉતાવળા થવું, જાહેરમાં આવવું, ઉપરવટ થવું)

૧) પાટે ચડવું – ................ ૨) ઘોડે ચડવું – ....................

૩) છાપરે ચડવું – ................ ૪) માથે ચડવું – ....................

**સ. ૫ નીચેનાં વાક્યોનું બહુવચન કરો.**

૧) હીંચકો નાનો છે.

૨) દૂધથી ભરેલો કટોરો છે.

૩) હોડી ચલાવવા હલેસું જોઈએ.

૪) છીપની વેલડીને જળઘોડલો જોડ્યો છે.

**સ. ૬ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| આકાશી | સમંદર |
| કેસરિયા | પરી |
| નીલ | સિંધુ |
| સાત | દૂધ |
| દરિયા | હીંચકો |

♦ **સંભાષણ :** તમને આવડતું હોય તેવું, કોઈ પણ એક ભાઈ બહેનના સ્નેહનું ગીત ગાઈ બતાવો.

**સ. ૭ નીચે કવિતાની પંક્તિના અર્થ આપ્યા છે તે વાંચો. અને તે અર્થ કઈ પંક્તિનો છે ? તે લીટી શોધીને લખો.**

૧) બહેનની આંખોમાં ઊંઘ ભરેલી છે.

૨) મારી બહેનીને દરિયાપરી નવડાવે છે.

૩) બેની નીંદરના દેશમાં ફરીને સવારે પાછા આવી ગયા.

૪) ભાઈનું હાલરડું સાંભળીને બેનીને ઝડપથી ઊંઘ આવી ગઈ.

**સ. ૮ પ્રસ્તુત કાવ્યના આધારે લખો.**

૧) કટોરા ભરેલા છે. ...................................................

૨) વેલડી બનાવેલી છે. ..............................................

૩) ઊંઘમાં બેનીએ સફર કરી. .......................................

૪) બેનીના હીંચકાની દોરી ખેંચે છે. ...............................

**સ. ૯ શેની ઉપમા આપેલી છે ? તે કવિતાને આધારે લખો.**

૧) આકાશી હીંચકાને – ............................

૨) હીંચકાની દોરીને – ............................



**સ. ૧૦ તમે તમારા નાના ભાઈ-બહેનને સુવડાવતા હોવ, તો તે તમારા શબ્દોમાં લખો.**

## પ્રકલ્પ



♦ ‘ઝવેરચંદ મેઘાણી’નાં કાવ્યો નેટ ઉપરથી શોધો.

તેમાંથી તમને ગમતાં કોઈ પણ બે કાવ્યો લખીને ભીંતપત્રક તૈયાર કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો



### હાલરડું

તમે મારા દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો.
આવ્યા ત્યારે અમર થઈને રો !
મા’દેવજી પરસન થિયા ત્યારે આવ્યાં તમે અણમૂલ !
તમે મારું નગદ નાણું છો,
તમે મારું ફૂલ વસાણું છો,
આવ્યા ત્યારે અમર થઈને રો !
મા’દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું હાર,
પારવતી પરસન થિયાં ત્યારે આવ્યા હૈયાના હાર ...
હડમાન જાઉં ઉતાવળી ને જઈ ચડાવું તેલ,
હડમાનજી પરસન થિયા ત્યારે ઘોડિયા બાંધ્યા ઘેર ... તમે મારા



**અધ્યાપન સંકેત :** હાલરડાંની સંકલ્પના સ્પષ્ટ કરવી. પ્રસ્તુત હાલરડાંનું અધ્યાપન કરાવતાં પહેલાં શિક્ષકે બે-ચાર હાલરડાં ગાવા અને ગવરાવવા. ક્રમિક પ્રશ્નો પૂછીને પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવું. અઘરી લાગતી સંકલ્પના સ્પષ્ટ કરવી. ભઈલો પોતાની નાની બહેનને સુવડાવતી વખતે પરીઓના દેશમાં દરિયાની સફર દ્વારા લઈ જાય છે. અહીં આપેલા હાલરડાં જ ગાવા તેવું બંધન નથી. શિક્ષક પોતાની કલ્પકતાનો ઉપયોગ કરવા સ્વતંત્ર છે.

**હાલરડાં લોકસાહિત્યનાં અણમોલ ઘરેણાં છે.**

# ૧૦. ડૉ. નીલકંઠરાય છત્રપતિ

♦ **ચાલો રમીએ.**



- આંધળા–પાટાની રમત :
  જુદીજુદી વસ્તુઓની ઓળખ કરાવવાની.
  અવાજ ઉપરથી સાથી વિદ્યાર્થીને ઓળખવાની,
  મીઠું, સાકર કે લીંબુ દ્વારા સ્વાદ ઓળખવાની
  પ્રવૃત્તિ – આંખે પાટા બાંધીને કરાવવી.
- કાળા પાટિયા ઉપર દોરેલાં અપૂર્ણ ચિત્રોને
  આંખે પાટો બાંધી પૂર્ણ કરવાની રમત.





ગુજરાતના પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી જેવા જ, ગુજરાતના ગૌરવસમા એક પુરુષની આ વાત છે. ગુજરાતની પહેલી અંધશાળા, બહેરા–મૂંગાની શાળા અને ઉદ્યોગશાળા એમણે શરૂ કરેલી.

એમણે જ લૂઈ બ્રેઈલની માફક ભારતીય અંધજનો માટેની લિપિ શોધી કાઢી.

આ પણ એક અજબ જોગાનુજોગ છે ને ! અંધજનો માટેની રોમન લિપિ અને ભારતીય લિપિ બંનેના શોધકો પોતે અંધજનો !

ભારતના ગુજરાત રાજ્યના એ મહાન સપૂતનું નામ ડૉ. નીલકંઠરાય છત્રપતિ હતું.

તેઓ ઈ. સ. ૧૮૫૪માં વડોદરામાં જન્મેલા. એમના પિતાનું નામ ડાહ્યાભાઈ છત્રપતિ હતું અને તેઓ હાલના વડોદરા શહેરના એક અમલદાર હતા.

ડાહ્યાભાઈ પોતે અફસર હોવાથી દીકરા નીલકંઠને પણ સરકારી અફસર બનાવવા ઇચ્છતા હતા. એ જમાનામાં મેટ્રિક જેટલું ભણવાથી સારી જગા મળી જતી અને આવક ઘણી સારી રહેતી.

નીલકંઠરાય મેટ્રિક તો થયા, પણ પછી તેમને આગળ ભણવાની ઇચ્છા થઈ. વડીલોએ તો સલાહ આપી કે કશીક નોકરી

મેળવી લો. આગળ જતાં બઢતી થશે અને તમે ન્યાલ થઈ જશો. પણ નીલકંઠરાયને ડૉક્ટર બનવાની લગની લાગી હતી.

એ વેળા પશ્ચિમ ભારતમાં તબીબી શિક્ષણની ફક્ત એક જ કૉલેજ હતી. એ હતી મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજ. નીલકંઠરાય એમાં જોડાયા. ઘણી લગનીથી અભ્યાસ કરવા લાગ્યા. કૉલેજની પરીક્ષા સારી રીતે પાસ કરીને ડૉક્ટર બન્યા. દવાખાનું અમદાવાદમાં શરૂ કર્યું. અમદાવાદમાં એક સારા ડૉક્ટર તરીકે એમની નામના થઈ ગઈ.

એ જ અરસામાં અમદાવાદમાં એક મોટા ધર્માદા દવાખાનાની શરૂઆત થઈ. એના વહીવટદારોએ ડૉ. નીલકંઠરાય છત્રપતિને વિનંતી કરી કે તમે આ દવાખાનું સંભાળી લો. નીલકંઠરાય વિચારમાં પડી ગયા. એમના ખાનગી દવાખાનાની આવક ઘણી સારી હતી અને વધે તેમ હતી. ધર્માદા દવાખાનામાં તો બાંધ્યો પગાર મળે. પણ નીલકંઠરાયનો સ્વભાવ સેવાભાવી હતો. એમને સમજાયું કે પોતાના ખાનગી દવાખાના કરતાં આ ઈસ્પિતાલમાં પોતે વધુ દુઃખી–દર્દીઓની સેવા કરી શકશે.

એ ધર્માદા ઈસ્પિતાલમાં જોડાઈ ગયા. થોડા વખતમાં એ ઈસ્પિતાલ માટે તેઓ શ્વાસ અને પ્રાણ સમા બની ગયા.

આ દરમિયાનમાં, અમદાવાદમાં એક સિવિલ ઈસ્પિતાલની સ્થાપના થઈ હતી અને એમાં તબીબી શિક્ષણ આપવાનું પણ શરૂ થયું હતું. તબીબી ભણતર માટે એમાં બહારગામથી પણ ઘણા વિદ્યાર્થીઓ આવતા. એમને માટે હોસ્ટેલ બની હતી. સરકારને આ હોસ્ટેલ અને ઈસ્પિતાલ સંભાળે અને તબીબી વિદ્યાર્થીઓને ભણાવે એવા સારા ડૉક્ટરની જરૂર હતી. સરકારે નીલકંઠરાયને આ જગા સંભાળી લેવા માટે બોલાવ્યા. તેઓ આ નવી જગ્યાએ પણ સારી પેઠે ઝળકી ઊઠ્યા. એમના કામથી અને ખાસ કરીને ઓપરેશનો કરવાની એમની આવડતથી ખુદ અંગ્રેજ દાકતરો મોંમાં આંગળાં નાખી જતા.

દેશના નવજાગરણનો એ યુગ હતો. સાહિત્ય, કલા, સંસ્કાર, જાહેર જીવનની ઘણી બધી પ્રવૃત્તિઓ ત્યારે ચાલતી હતી. નીલકંઠરાય એમાં ભાગ લેતા. એમણે તબીબી વિષયો ઉપર લેખો અને પુસ્તકો પણ લખવા માંડ્યાં. દારૂ–શરાબ જેવી બદીઓને દેશમાં ફેલાતી અટકાવવા સારુ એમણે એક મંડળી પણ રચી હતી. એમના આરોગ્ય વિષયનાં કોડીબંધ પુસ્તકો એ વરસોમાં છપાયાં હતાં. વિદેશી છાપાંઓમાં પણ એ તબીબી વિજ્ઞાન અંગેના લેખો લખતા હતા.

જો ડૉ. નીલકંઠરાય આમને આમ જ જીવતા રહ્યા હોત તો, આજે કદાચ આપણે એમને બહુ યાદ ન કરત. પણ એ જ્યારે ૪૭ વરસના હતા, ત્યારે તેઓ અપંગાવસ્થાનો ભોગ બન્યા, અને એ પછી એમણે જે ખમીર દાખવ્યું, એને કારણે તેઓ ખાસ યાદ રહ્યા છે.

ઈ. સ. ૧૮૯૧ નું એ વરસ હતું ડૉ. નીલકંઠરાય ટેનિસ રમી રહ્યા હતા. અચાનક આંખમાં કશોક આંચકો આવ્યો. આંખે ઝાંખપ લાગવા માંડી. દુઃખાવો ઊપડ્યો. એમણે જાણકાર ડૉક્ટર મિત્રોને આંખો બતાવી જોઈ. ડૉક્ટરોએ કહ્યું કે આંખની આજુબાજુના જ્ઞાનતંતુઓને રોગ

લાગુ પડ્યો છે. એને કારણે નજર ધીમેધીમે ચાલી જશે.

આ સાંભળીને એમને ધ્રાસકો પડ્યો. પણ હિંમત હાર્યા વગર આંખોની સારવાર કરવા માંડી, અને નોકરીમાંથી રાજીનામું આપ્યું.

ઘણી કોશિશો છતાં એમની આંખો સાજી ન થઈ. એકાદ વરસમાં તો તેઓ પૂરેપૂરા અંધ બની ગયા. જીવનમાં લાચારી, પરાધીનતાનો અંધકાર છવાઈ ગયો.

પણ તેઓ હોંશિયાર અને હિંમતવાન આદમી હતા. પોતાની વિદ્યાકળા જળવાઈ રહે એ માટે જ્ઞાન મેળવવાની કોશિશો કરવા લાગ્યા. પોતે બ્રેઈલ લિપિ શીખી ગયા અને એ જ વેળા એમને સમજાયું કે લૂઈ બ્રેઈલની લિપિમાં તો રોમન અક્ષરો મુજબ ગોઠવણી છે. રોમન લિપિમાં અક્ષરો ૨૫ છે. ઉપરાંત દસ આંકડા અને થોડાંક વિરામચિહ્નો એ મળીને ૬૩ નિશાનીઓ વડે આખી લિપિ પૂરી થઈ જાય. પણ ભારતનું શું ? અહીં તો મૂળાક્ષરો જ ૪૯ જેટલા છે. ઉપરાંત કાના–માત્રા વગેરે નિશાનીઓ છે. બ્રેઈલની લિપિ અંગ્રેજી નહિ જાણતા લોકો માટે નકામી છે. આથી એમને ભારતની પોતાની એક બ્રેઈલ લિપિ વિકસાવવાની પ્રેરણા થઈ. અને બ્રેઈલની જેમ જ અંધ અવસ્થામાં એમણે ભારતીય બ્રેઈલ લિપિ વિકસાવી. આ લિપિ દેશભરમાં સ્વીકારવામાં આવી. આજે પણ એ લિપિનું નામ 'નીલકંઠરાય બ્રેઈલ લિપિ' છે. એ રીતે ડૉ. નીલકંઠરાયનું નામ અમર બની ગયું છે.

પણ સેવાભાવી ડૉ. નીલકંઠરાયને આટલાથી સંતોષ નહોતો. પોતે અંધ બન્યા હોવાથી અંધજનોની મુસીબતોનો એમને પરિચય થયો હતો. આવા લોકોને ભણાવવા–ગણાવવાની અને એમને હુન્નરઉદ્યોગ શીખવવાની જરૂરિયાત એમને હૈયે વસી ગઈ હતી. એમણે ૧૮૯૪માં પોતાના ઘરમાં જ એક અંધશાળા શરૂ કરી.

ગુજરાતની એ પહેલી અંધશાળા.

અહીં એમણે અંધજનોને ભણાવવા માંડ્યા. એ ઉપરાંત એમને નેતરકામ, સંગીત, સીવણ, સુથારીકામ જેવા હુન્નર ઉદ્યોગ શીખવવા માંડ્યા. એમની આ ઉમદા કામગીરીને તરત જ મદદ મળવા લાગી. સૌથી પહેલાં તો ગાયકવાડી રાજે નાણાંની મદદ કરી. પછી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ મોટું મકાન આપ્યું. ડૉ. નીલકંઠરાયના સેવાભાવી કામની સુવાસ આખા પશ્ચિમ ભારતમાં ફેલાઈ ગઈ.

એ સુવાસ વહેતી વહેતી મુંબઈ પહોંચી. ત્યાં લોકોએ મોટા પાયા પર એક અંધશાળા સ્થાપવાનું નક્કી કર્યું અને એના વડા તરીકે ડૉ. નીલકંઠરાયને બોલાવ્યા. નીલકંઠરાયને આ નોતરું ગમ્યું. પણ સાથોસાથ ચિંતાય થઈ. પોતે મુંબઈ જાય તો અમદાવાદની પોતાની અંધશાળાના વિદ્યાર્થીઓનું શું ?

મુંબઈના દાનવીરોને તેમની આ ચિંતાની ખબર પડી. એમણે લખ્યું કે તમારી અમદાવાદની શાળાના બધા વિદ્યાર્થીઓને અમે અહીં સમાવી લઈશું. તથા એમનો તમામ ખર્ચ અમે આપીશું. આવું વચન મળ્યું એટલે તેઓ મુંબઈ ગયા.

મુંબઈમાં એમણે અંધશાળાને તો પગભર કરી જ આપી પણ એવો દાખલો

બેસાડ્યો કે દેશભરમાં એને આદર્શ ગણી શાળાઓ શરૂ થવા લાગી.

એમણે ૧૯૦૭ માં મુંબઈમાં અંધજનોનું એક ઉદ્યોગ કેન્દ્ર પણ શરૂ કર્યું અને એ કેન્દ્રનો માલ વેચાય એ માટે વ્યવસ્થા પણ ગોઠવી આપી.

એટલામાં એક દિવસ ડૉ. નીલકંઠરાયના એક મિત્ર એમને મળવા આવ્યા. એમનું નામ પ્રાણશંકર દેસાઈ હતું. એમનો દીકરો જન્મથી જ બહેરો અને મૂંગો હતો. એનું શું કરવું ?

ડૉ. નીલકંઠરાયે પ્રાણશંકરને કહ્યું કે તમે પોતે તો શિક્ષક છો. તમે જ નિશાળની નોકરી છોડીને બહેરામૂંગાની શાળા કેમ શરૂ કરતા નથી ?

પ્રાણશંકર તૈયાર થઈ ગયા. આમ, ડૉ. નીલકંઠરાયનાં સલાહસૂચન મુજબ અને પ્રેરણાથી ગુજરાતની બહેરામૂંગાની પહેલી શાળા શરૂ થઈ.

પશ્ચિમ ભારતમાં અંધજનો, બહેરામૂંગાં અને અપંગજનોના ભણતર તથા સુખાકારી માટેની અનેક સરકારી સમિતિઓમાં પણ એમણે કામ કરેલું.

આ રીતે, અંધ બન્યા પછી ત્રીસેક વરસ સુધી અપંગજનોની સેવાઓ કરીને ડૉ. નીલકંઠરાય છત્રપતિ ઈ. સ. ૧૯૨૨ માં અવસાન પામ્યા.

ગુજરાત ખરેખર એમને માટે ગૌરવ ધરાવે છે.

– યશવંત મહેતા

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દ શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) અભિમાન – | ................ | ૨) મૂક – | ...................... |
| ૩) બધિર – | ................ | ૪) કમાણી – | ...................... |
| ૫) ધૂન – | ................ | ૬) સમય – | ...................... |
| ૭) પ્રયત્ન – | ................ | ૮) ખરાબી – | ...................... |
| ૯) બીમારી – | ................ | ૧૦) આમંત્રણ – | ...................... |

**સ. ૨ નમૂના પ્રમાણે શબ્દ લખી તે શબ્દનો વાક્યમાં ઉપયોગ કરો.**

અ) દા.ત. : ભણવું – ભણતર

ભણતર સારું હોય તો નોકરી પણ સારી મળે.

૧) ચણવું – ........................

.......................................................................................

૨) જડવું – ........................

.......................................................................................

૩) કળવું – ........................

.......................................................................................

૪) ગણવું – ........................

.......................................................................................

બ) દા.ત. : આવડવું – આવડત

નીલકંઠરાયમાં ઘણી આવડત હતી.

૧) રમવું – ........................

..........................................................................................

૨) લડવું – ........................

..........................................................................................

૩) ભરવું – ........................

..........................................................................................

ક) દા.ત. : ભારત – ભારતીય

અમને ભારતીય હોવાનો ગર્વ છે.

૧) પ્રાંત – ........................

..........................................................................................

૨) કેન્દ્ર – ........................

..........................................................................................

૩) રાષ્ટ્ર – ........................

..........................................................................................

૪) નાટક – ........................

..........................................................................................

સ. ૩ નીચેનાં વાક્યોનો અર્થ બદલાય નહિ તે રીતે ફરીથી લખો.

દા.ત. : નીલકંઠરાયને એ કામમાં સંતોષ નહોતો.

નીલકંઠરાયને એ કામમાં અસંતોષ હતો.

૧) બ્રેઈલ લિપિ અંગ્રેજી ન જાણનારા માટે કામની નહોતી.

..........................................................................................

૨) ધર્માદા ઈસ્પિતાલમાં પગાર વધુ નહોતો.

..........................................................................................

૩) હોંશિયાર પરાગ વર્ગમાં હાજર નહોતો.

..........................................................................................

૪) તેના પ્રશ્નોના ઉત્તર સાચા નહોતા.

..........................................................................................

### સ. ૪ રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડી બનાવો.

| (અ) | (બ) |
|---|---|
| હૈયે વસી જવું | ફાળ પડવી |
| મોંમાં આંગળાં નાંખવાં | સુખી અને સમૃદ્ધ થવું |
| ધ્રાસકો પડવો | નામના થવી |
| નામની સુવાસ ફેલાવી | મનમાં બેસી જવું |
| ન્યાલ થવું | નવાઈ પામવી |

♦ **સંભાષણ :** ૧) તમે કોઈ દિવ્યાંગ વ્યક્તિને ક્યારેય મદદ કરી હોય તો તે વર્ગમાં દરેકની સામે કહો.

૨) જેમણે હજી સુધી આવી કોઈ મદદ ન કરી હોય તેઓ આજ પછી કોને કોને કેવી રીતે મદદ કરશે તે જણાવો.

### સ. ૫ પાઠમાંથી શોધીને લખો.

૧) અંધજનોની લિપિ – ..........................................................

૨) પશ્ચિમ ભારતમાં આવેલી તબીબી શિક્ષણની કૉલેજ – ..............................

૩) ભારતીય બ્રેઈલ લિપિ – ......................................................

૪) બ્રેઈલ લિપિના રોમન અક્ષરોની સંખ્યા – ....................................

૫) અંધજનોને પગભર કરવા શરૂ કરવામાં આવેલા ઉદ્યોગ – ..........................

### સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

૧) નીલકંઠરાયે ખાનગી દવાખાનું છોડી ધર્માદા દવાખાનામાં સેવા આપવાનું શરૂ કર્યું. કારણ કે ..........................................................

૧) ઈસ્પિતાલ માટે તેઓ શ્વાસ અને પ્રાણ સમા હતા.

૨) તેમનો સ્વભાવ સેવાભાવી હતો. તેથી વધારે દુ:ખી દર્દીઓની સેવા થઈ શકે.

૩) સરકારને તેમને ફાયદો કરાવવો હતો.

૨) નીલકંઠરાય અમદાવાદ છોડી મુંબઈ ગયા. કારણ કે ...............................

૧) મુંબઈમાં મોટી અંધશાળા સ્થપાવાની હતી.

૨) અમદાવાદમાં તેમની જરૂર નહોતી.

૩) મુંબઈના દાનવીરોએ તેમને અમદાવાદના બધા વિદ્યાર્થીઓ સમાવી લેવાનું વચન આપ્યું.


૩) પ્રાણશંકર દેસાઈએ બહેરામૂંગાની શાળા શરૂ કરી. કારણ કે ......................

૧) સરકારે તેમને મદદ કરી.

૨) તેમને પોતાની અંતરની ઇચ્છા હતી.

૩) ડૉ. નીલકંઠરાયે તેમને પ્રેરણા આપી.

**સ. ૭ અંધજનોને શીખવવામાં આવતા ઉદ્યોગો જણાવો.**




**સ. ૮ ખોટાં વાક્યો ઓળખો. તેને સુધારીને ફરીથી લખો.**

૧) નીલકંઠરાયને આગળ ભણવાની જરાય ઇચ્છા નહોતી.

૨) તેઓએ સેવાભાવી ડૉક્ટર તરીકે નામના મેળવી.

૩) તેઓએ આરોગ્ય વિષયને લગતા લેખો અને પુસ્તકો લખ્યાં.

૪) આંખમાં વાગવાથી તેઓ અંધ બન્યા.


૫) અંધશાળામાં હુન્નર ઉદ્યોગ શીખવવાની શરૂઆત નીલકંઠરાયે કરી.

૬) પહેલી બહેરા-મૂંગાની શાળા નીલકંઠરાયે શરૂ કરી.

**સ. ૯ નીચેનો કોઠો પૂર્ણ કરો.**

| લિપિ | શોધક | અક્ષરોની સંખ્યા | કુલ નિશાની |
|---|---|---|---|
| રોમન લિપિ બ્રેઈલ | | | |
| ભારતીય બ્રેઈલ લિપિ | | | |

**સ. ૧૦**




૧) ..............................

૨) ..............................

૩) ..............................


૪) ..............................

૫) ..............................

૬) ..............................

ઉપરોક્ત શાળાઓમાંથી કોઈ પણ એક વિશે પાંચ થી સાત વાક્યો લખો.

સ. ૧૧ તમારા પરિસરની નજીકમાં આવેલી અંધશાળા કે બહેરા-મૂંગાની શાળા અથવા તો શાળાની મુલાકાત લઈ ત્યાં તમે અનુભવેલી બાબતો તમારા શબ્દોમાં લખો.



## ભાષિક સમજ

સ. ૧ ઉદાહરણ પ્રમાણે કરો.

દા. ત. અપંગાવસ્થા – અપંગ + અવસ્થા

૧) બાલ્યાવસ્થા – ............... + ...............

૨) કિશોરાવસ્થા – ............... + ...............

૩) મુગ્ધાવસ્થા – ............... + ...............

૪) પ્રૌઢાવસ્થા – ............... + ...............

૫) વૃદ્ધાવસ્થા – ............... + ...............

સ. ૨ ઉદાહરણ પ્રમાણે વાક્ય બદલો.

અ) દા. ત. તેને આગળ ભણવાની ઈચ્છા થાય છે.
જવાબ – તેને આગળ ભણવાની ઈચ્છા થઈ.

૧) નીલકંઠરાય મેડિકલ કૉલેજમાં જોડાય છે.
જવાબ – ............................................................

૨) ધર્માદા દવાખાનામાં બાંધ્યો પગાર મળે છે.
જવાબ – ............................................................

૩) તેઓ બ્રેઈલ લિપિ શીખે છે.
જવાબ – ............................................................

બ) દા. ત. તે નોકરીમાંથી રાજીનામું આપે છે.
જવાબ – તેણે નોકરીમાંથી રાજીનામું આપ્યું.

૧) અંધજનો માટે ઉદ્યોગકેન્દ્ર શરૂ કરે છે.
જવાબ – ............................................................

૨) તેઓ સમાજમાં ઉત્તમ દાખલો બેસાડે છે.
જવાબ – ............................................................

૩) તે ભારતીય બ્રેઈલ લિપિ વિકસાવે છે.
જવાબ – ............................................................

## પ્રકલ્પ



♦ ઈન્ટરનેટની મદદથી લૂઈ બ્રેઈલ વિશેની માહિતી એકઠી કરી તેનું ભીંતપત્રક બનાવો.

## હું વાંચું .... તમે પણ વાંચો



દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !
      પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
      ને તોય પગરવની દુનિયા અમારી !
કલબલતો થાય જ્યાં પહેલો તે પ્હોર
      બંધ પોપચાંમાં રંગોની ભાત !
લોચનની સરહદથી છટકીને રણઝણતું
      રૂપ લઈ રસળે શી રીત !
લ્હેકાએ લ્હેકાએ મ્હોરતા અવાજના
      વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગો રિસાઈ ગયા, જાળવતી
      નાતો આ સામટી સુગંધ !
સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
      અડક્યાનો સાચવે સંબંધ !
ટેરવાંને તાજી કૈં ફૂટી તે નજરુંના
      અનુભવની દુનિયા અમારી !

– ભાનુપ્રસાદ પંડ્યા



**અધ્યાપન સંકેત :** શરૂઆતમાં આપેલી બંને રમતો રમાડ્યા પછી વિદ્યાર્થીઓ સાથે તેમના અનુભવ અને તેમને પડેલી તકલીફ બાબત ચર્ચા કરી પ્રસ્તુત કૃતિના અધ્યયન માટે તેમને વિષયાભિમુખ કરવા.

આંધળા–પાટાની રમતમાં કાન, નાક, જીભ અને ત્વચા જેવી દરેક ઇંદ્રિયોના ઉપયોગ દ્વારા જુદીજુદી વસ્તુ અને પદાર્થોનો પરિચય કરાવવાનો આગ્રહ રાખવો. અવાજ અને સ્વાદ તેમજ સુગંધ દ્વારા સરળતાથી ઓળખ થઈ શકે પરંતુ તેની સરખામણીમાં ચિત્ર પૂર્ણ કરવામાં તકલીફ અનુભવાય.

એકાદ ઇન્દ્રિયની કમી જિંદગીને રોકી દેતી નથી. તેનો સ્પષ્ટ સંદેશ પહોંચાડવામાં આ કૃતિ મહત્ત્વની ભૂમિકા બજાવશે. આવી કમી ધરાવતી વ્યક્તિને દિવ્યાંગ તરીકે ઓળખવા માટે પ્રેરણા આપવી.

**શારીરિક ઉણપને વરદાનમાં ફેરવી શકાય છે.**



## ઉપક્રમ – શબ્દરમત

નીચેના શબ્દચોરસમાંથી સાહિત્યકારોનાં નામ તમારે શોધવાનાં છે. તે શોધવા માટે તમને તેમની અટક આપી દીધેલી છે.

(મડિયા, મુન્શી, પટેલ, આચાર્ય, ત્રિપાઠી, જોષી, દેસાઈ, બારોટ, પંડ્યા, બોરીસાગર, દવે, પાઠક, રાવત)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જ | ય | રા | ત | વં | ણ | ગુ |
| ર | મ | ણ | લા | લ | ગો | વિ |
| ક | તી | રા | વિ | વ | ઠ્ઠ | જ્યો |
| શં | બ | લાલ | ર્ધ | લ | તી | ચુ |
| રી | ચુ | ન | લા | ન્દ્ર | મો | ની |
| ગૌ | રા | ન્ના | ગ | રં | સા | લા |
| મ | પ | ક | નૈ | યા | લા | લ |

(ચુનીલાલ, કનૈયાલાલ, પન્નાલાલ, ગુણવંતરાય, ગોવર્ધનરામ, ગૌરીશંકર, રમણલાલ, સારંગ, વિઠ્ઠલ, રતીલાલ, જ્યોતીન્દ્ર, રા.વિ., બચુ)

# ૧૧. સ્વચ્છતા માટે થેંક્યું

♦ **ચાલો ગાઈએ.**

કચરાપેટીમાં કચરો નાંખો ;
ઘરને આંગણ ચોખ્ખાં રાખો,
નીંદર માણો મીઠી મીઠી,
માય સીટી ક્લીન સીટી ...

ધૂળ-ધુમાડા ભૂલી જાઓ,
વાહન એવાં એવાં અપનાવો,
સુખ સગવડની મારો સીટી,
માય સીટી ક્લીન સીટી,

રસ્તા પર ના પાણી રેડો,
કચરો કૂડો ના મૂકો રેઢો,
ઓળંગો ના દોરી લીટી,
માય સીટી ક્લીન સીટી.

જળ બચાવો ટીપે ટીપું,
સુખ જીવનનું એમાં દીઠું,
ચોખ્ખી રીતિ ચોખ્ખી નીતિ,
માય સીટી ક્લીન સીટી.

ગમે ત્યાં કદી ના થૂંકો,
પાન, મસાલા ગટરમાં ફેંકો,
રોગની ટળશે સૌની ભીતિ,
માય સીટી ક્લીન સીટી.



બોલો થેંક્યુ, બોલો થેંક્યુ, બોલો થેંક્યુ વેરી મચ,
સ્વચ્છતાનું અભિયાન કર્યું, તેથી થેંક્યુ વેરી મચ...
કચરો કચરા પેટીમાં નાખ્યો, તેથી તેમને થેંક્યુ,
ઘર, ગામને સ્વચ્છ બનાવીને, ગંદકીથી મુક્ત કર્યું (૨)
મમ્મી થેંક્યુ, પાપા થેંક્યુ, તમને થેંક્યુ વેરી મચ ...
સ્વચ્છતાનું ...........

કંપાસ, દફ્તર ચોખ્ખાં રાખ્યાં, તેથી તેમને થેંક્યુ,
ચોપડા–નોટોના પૂઠાં ચડાવી, ગંદા થતાં અટકાવ્યાં (૨)
વિદ્યાર્થી થેંક્યુ, શિક્ષક થેંક્યુ તમને થેંક્યુ વેરી મચ ...
સ્વચ્છતાનું .............
સ્વચ્છતા માટે નિયમો બનાવ્યા, તેથી તેમને થેંક્યુ,
ગીત, પોસ્ટર ને ટી. વી. દ્વારા, લોકોને જાગૃત કર્યાં... (૨)
સમાજ થેંક્યુ, મિડીયા થેંક્યુ, તમને થેંક્યુ વેરી મચ ...
સ્વચ્છતાનું ..............

– પ્રદીપકુમાર એસ. દોશી



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દ લખો.**

૧) સાફ – ......................  ૨) સજાગ – ......................
૩) આઝાદ – ......................  ૪) પિતા – ......................
૫) પુસ્તકો – ......................  ૬) ગાયન – ......................

**સ. ૨ અયોગ્ય ઘટક પર × કરો.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | કંપાસ | દફ્તર | નોટબુક | અનાજ |
| ૨) | સ્વચ્છતા | ચોખ્ખાઈ | સુઘડતા | સફાઈ |
| ૩) | કચરો | પાણી | કચરાપેટી | સાવરણી |
| ૪) | નાટક | ટી.વી. | પોસ્ટર | ગીત |

**સ. ૩ આડાઅવળા અક્ષરો ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

૧) ર દ ત ફ – ...............  ૨) જી ક ભા શા – .............
૩) ણ પ્ર દૂ ષ – ...............  ૪) ટી રા પે ચ ક – .............

**સ. ૪ કાવ્યમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખો.**

**સ. ૫ ‘થેંક્યુ’ જેવા રોજબરોજના વપરાશમાં આવતા અંગ્રેજી શબ્દો લખો.**

**સ. ૬ અર્થ બદલ્યા વગર વાક્ય ફરીથી લખો.**

૧) બાલદીમાં પાણી સ્વચ્છ છે.
૨) મુંબઈ એક શહેર છે.
૩) મેં ફૂલ ખરીદ્યા છે.
૪) પંખીને બંધનમાં રાખો નહિ.

♦ **સંભાષણ :** સ્વચ્છતા અભિયાનમાં તમે જે યોગદાન આપવા ઈચ્છતા હો તે જણાવો.

### સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

૧) બધાંનો આભાર માનીએ છીએ. કારણ કે ..........................................
 અ) સ્વચ્છતાનું આયોજન કર્યું.
 બ) સ્વચ્છતાનું અભિયાન કર્યું.
 ક) સ્વચ્છતાનું આંદોલન કર્યું.

૨) પુસ્તકો–નોટબુકને પૂઠાં ચડાવ્યાં. કારણ કે .....................................
 અ) તેમને ગંદાં થતાં અટકાવવાં હતાં.
 બ) તેમને ફાટતાં અટકાવવાં હતાં.
 ક) તેમને કબાટમાં રાખી મૂકવાં હતાં.

૩) ગીતો, પોસ્ટરો અને ટી. વી. દ્વારા લોકોને ......................................
 અ) દબડાવ્યા
 બ) સમજાવ્યા
 ક) જાગૃત કર્યા

૪) ઘર અને ગામને સ્વચ્છ બનાવ્યાં. કારણ કે ........................................
 અ) ઈનામ મેળવવાં.
 બ) ગંદકીથી મુક્ત કરવાં.
 ક) આકર્ષક બનાવવાં.

### સ. ૮ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો.

૧) ગીત, પોસ્ટરને ટી.વી. દ્વારા ............. ગંદકીથી મુક્ત કર્યાં.

૨) કંપાસ, દફતર ચોખ્ખાં રાખ્યાં ................. લોકોને જાગૃત કર્યાં.

૩) ઘર, ગામને સ્વચ્છ બનાવીને ................. તેથી તમને થેંક્યુ.

### સ. ૯ સાચું છે કે ખોટું તે લખો.

૧) કચરો કચરાપેટીમાં નાંખવો જોઈએ. ..............................

૨) નોટબુકોને પૂઠાં ચડાવવાં જોઈએ. ..............................

૩) સ્વચ્છતાના નિયમોની જરૂર નથી. ..............................

૪) સ્વચ્છતાનું અભિયાન યોગ્ય નથી. ..............................

૫) આપણા ગામને ગંદકીથી મુક્ત કરવું જોઈએ. ......................



### સ. ૧૦ તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાનમાં તમે અનુભવેલો આનંદ જણાવો.

## પ્રકલ્પ



- 'ગાંધી જયંતિ'ની ઉજવણી નિમિત્તે થયેલા કે થતાં જુદાજુદા કાર્યક્રમોના ચિત્રો, અહેવાલો, લેખો વગેરેનો સંગ્રહ કરો.

## હું વાંચું .... તમે પણ વાંચો



### ચાલને જઈએ નિશાળે

કહે કબૂતર કબૂતરીને બેસી કૂવા પાળે,
ચાલને આપણે બન્ને પણ જઈએ નિશાળે...!

નિશાળનાં નેવા નીચે બાંધીશું મજાનો માળો,
જ્યાંથી દેખાય ટીચર સીધા ને વર્ગખંડ રૂપાળો ...
ભોળાં–ભોળાં ભૂલકાંઓની ભાઈબંધીને સહારે ...
– કહે કબૂતર કબૂતરીને ...

શાળા કેરા ઔષધ–બાગમાં લઈશું ઊંડા શ્વાસ,
તણખલાંઓ વીણી લઈને સ્વચ્છતામાં દઈશું સાથ ...
મધ્યાહ્ન ભોજન મમળાવીશું સૌની હારે...હારે...!
– કહે કબૂતર કબૂતરીને ...

'સ્વચ્છ ભારત'ના સંદેશાનાં અમે બનીશું વાહક,
ઘૂ...ઘૂ...કરતાં ઘેર ઘેર જઈએ સ્વચ્છતાનાં પ્રચારક!
'સ્વચ્છ ભારત'ના શુભ સંકલ્પની સિદ્ધિનાં સથવારે ...
– કહે કબૂતર કબૂતરીને ...



**અધ્યાપન સંકેત :** પ્રસ્તુત સ્વચ્છતા અંગેનું કાવ્ય શીખવતાં પહેલાં 'સ્વચ્છતા–અભિયાન'ની અથથી ઇતિ સુધીની માહિતીની વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરવી. રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છતાના જે પ્રચારક બન્યા છે તેની પણ વિગતે ચર્ચા કરવી.

વ્યક્તિગત સ્વચ્છતા, ઘરની સ્વચ્છતા, મહોલ્લાની સ્વચ્છતા, શાળાની સ્વચ્છતા, સમાજની સ્વચ્છતા, સાર્વજનિક સ્વચ્છતા વિશે માહિતી આપવી.

શારીરિક સ્વચ્છતાની જેમ જ માનસિક સ્વચ્છતા પણ જરૂરી છે માટે મનને નિર્મળ રાખવાની પ્રેરણાદાયી વાતો કહેવી.

વિદ્યાર્થીઓ આ કાવ્યના અધ્યયન પછી પોતે સ્વચ્છતાના પ્રચારક બને તેવું પ્રોત્સાહન આપવું.

**સ્વચ્છતા એ જ સ્વાસ્થ્ય.**

# ૧૨. અદ્ભુત નિશાનબાજ

♦ **ચાલો રમીએ.**

ચોક્કસ નિશાન તાકવા માટે જરૂરી બાબતો –

એકાગ્રતા

ચપળતા

ચકોર દૃષ્ટિ



♦ **ચાલો વાર્તા સાંભળીએ...**

બાણાવળી અર્જુનની એકાગ્રતાની વાર્તા.

સ્વિટ્ઝરલૅન્ડના ઊંચા પર્વતોની વચ્ચે વિલિયમ ટેલ નામનો બહાદુર શિકારી રહેતો હતો. અદ્ભૂત નિશાનબાજ તરીકે તેની નામના આજુબાજુના લોકોમાં ફેલાયેલી હતી. લોકો કહેતા કે ટેલ કદી તીરનું નિશાન ચૂકે નહી. પર્વત પર આવેલી નાની ઝૂંપડીમાં તેના કુટુંબ સાથે તે સુખેથી રહેતો હતો.

આ સમયે સ્વિટ્ઝરલૅન્ડ પર ગેસલર નામનો સૂબો રાજ્ય કરતો હતો. તે સત્તાનો ખૂબ શોખીન હતો. આથી તેણે સખત કાયદા કર્યા હતા. અને લોકો પાસે જોરજુલમપૂર્વક તે પળાવતો હતો. લોકો તેને ધિક્કારતા હતા. કેમકે તે ખૂબ અભિમાની અને કઠણ હૃદયનો હતો.

એક દિવસે ગેસલરે ગામના ચોક વચ્ચે એક થાંભલા પર હૅટ મૂકાવી અને હુકમ કાઢ્યો કે ત્યાંથી જતા આવતા લોકોએ હૅટને સલામ ભરવી. લોકોને થાંભલો ઊખેડીને ફેંકી દેવાનું મન થતું પણ હથિયારવાળા સિપાઈની સંખ્યા જોઈ તેઓ એમ કરી શકતા નહિ.

એક વખત એવું બન્યું કે બાણાવળી ટેલને આ ચૉકમાંથી જવાનું થયું. તેનો પુત્ર વૉલ્ટર તેની સાથે હતો. વૉલ્ટર એકદમ બોલી ઊઠ્યો, “બાપુ પેલી હૅટ તો જુઓ ! થાંભલા પર કેમ મૂકી છે ?”

ટેલે કહ્યું, “એ હૅટની પંચાત જવા દે. તું તારે મારી સાથે ચાલ્યા કર.”

ટેલ જેવો થાંભલાની નજીક આવ્યો કે એક સિપાઈએ ઘાંટો પાડ્યો, “ઊભો રહે. થાંભલા પરની હૅટને સલામ કેમ ભરતો નથી ?”

“મારે એ હૅટને શા માટે સલામ ભરવી જોઈએ ?” ટેલે પૂછ્યું.

સિપાઈ બોલ્યો, “આ હૅટ સૂબાસાહેબની છે. અહીંથી જતા આવતા લોકોએ એને સલામ ભરવી એવો એમનો કડક હુકમ છે.”

ટેલ ગરદન ટટ્ટાર રાખીને બોલ્યો, “હું હૅટને કદીયે સલામ ભરીશ નહિ.”

જોતજોતામાં ત્યાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું. ટેલને ઓળખનાર એક જણ

બોલી ઊઠ્યો, ‘‘આ તો બહાદુર ટેલ ! થાંભલા પરના ચીંથરાને એ સલામ નહીં ભરે. એવી ગુલામી કરવાની એ ઘસીને ના પાડશે.

એક સિપાઈ આ સાંભળીને ક્રોધથી બોલી ઊઠ્યો, ‘‘કોની મગદૂર છે કે સૂબાનું અપમાન કરે. જેલના સળિયા પાછળ રહીને સડી જશે !’’

ટેલ માથું ઊંચુ રાખી બોલ્યો, ‘‘જોઉં છું કે કોણ મને જેલમાં લઈ જવા હિંમત કરે છે. તે પહેલાં મારા તીરથી તેની છાતી વીંધાઈ જશે.’’

એટલામાં દૂરથી આવતો કોલાહલ સંભળાયો. સૂબા સાહેબ આવે છે. રસ્તો મૂકો, જગ્યા કરો એવો અવાજ નજીક આવવા લાગ્યો. જોત જોતામાં ઘોડા પર બેઠેલો સૂબો ગેસલર થોડા સૈનિક સાથે ત્યાં આવી પહોંચ્યો.

ગેસલરે સિપાઈને પૂછ્યું, ‘‘આ ગડબડ શાની ચાલે છે ?’’

સિપાઈ વિનયથી બોલ્યો, ‘‘આ બાણાવળી ટેલ છે. એ હૅટને સલામી ભરવાની ના પાડે છે.’’

ગેસલર ઘોડાને ટેલની પાસે લાવીને બોલ્યો, ‘‘સ્વિટ્ઝરલૅન્ડનો અદ્ભૂત નિશાનબાજ ટેલ ! વાહ ભાઈ તને આજે જ ઓળખ્યો ! લોકો કહે છે કે તું કદી નિશાન ચૂકતો નથી.’’

નાનકડો વૉલ્ટર બોલી પડ્યો, ‘‘સાહેબ એ સાચી વાત છે. કહો તો મારા બાપુ પેલા ઝાડ પરના નાના ફળને પણ તીરથી તોડી પાડે.’’

ગેસલર બોલ્યો, ‘‘ટેલ, મારે તારી નિશાન તાકવાની ચતુરાઈ જોવી છે. હું કહું તે નિશાન વીંધે તો હું તને મુક્ત કરી દઈશ.’’

ટેલે ઉત્સાહથી પૂછ્યું, ‘‘બતાવો કયું નિશાન વીંધવાનું છે ? તેને વીંધી બતાવતાં મને આનંદ થશે.’’

ગેસલરના મોં પર લુચ્ચું હાસ્ય રમી રહ્યું. તેણે વૉલ્ટર તરફ જોઈને ટેલને પૂછ્યું, ‘‘ટેલ, આ તારો પુત્ર કે ?’’

ટેલ ઉમળકાથી બોલ્યો, ‘‘હા.’’

‘‘બીકણ તો નથી ને ?’’

‘‘નારે ! વૉલ્ટર બીક જેવું કશું જાણતો જ નથી.’’

તો એને આપણે પેલા ઝાડ સાથે બાંધીએ અને એના માથા પર સફરજન મૂકીએ. પછી તું સો ડગલાં દૂરથી એ સફરજનને વીંધી બતાવ. હું તને મુક્ત કરી દઈશ. પણ જો નહીં વીંધે તો તારે મોતને ભેટવું પડશે.’’

ગેસલરે સફરજન મંગાવી હાથમાં રાખ્યું. ટેલે વિનંતી કરી, ‘‘પણ એ મારો દીકરો છે. તેનો તો વિચાર કરો. મારા દીકરાની જિંદગી હું જ જોખમમાં મૂકું ?’’

‘‘એમાં જોખમ શું છે ? તું કદી નિશાન ચૂક્યો છે ?’’

‘‘પણ દીકરાનું મોં જોતાં કદાચ મારો હાથ ધ્રૂજી જાય તો શું ? એની માને હું શો જવાબ આપું ?’’

‘‘તે હું ન જાણું. કાં તો સફરજન વીંધ, કાં તો મૃત્યુને ભેટવા તૈયાર રહે.’’



ટેલ બોલ્યો, ''તો તો હું મરવાનું પસંદ કરીશ.''

ગેસલરે કહ્યું, ''મારે તારું નિશાન જોવું છે. તારે સફરજન વીંધવું જ પડશે નહિ તો તારે અને તારા પુત્રે એમ બંનેએ મરવું પડશે.''

આ સાંભળી વૉલ્ટર બોલી ઊઠ્યો, ''બાપુ શા માટે બીક રાખો છો ? તમે કદીયે નિશાન ચૂક્યા છો ?'' આટલું બોલીને તે ગેસલરના હાથમાંથી સફરજન લઈ ઝાડ પાસે ગયો અને જાતે સફરજનને માથા પર મૂક્યું. પછી તે હિંમતથી બોલ્યો, ''મને બાંધવાની જરૂર નથી. હું મારી મેળે સ્થિર ઊભો રહીશ.''

ત્યાં ઊભેલા લોકો છોકરાની હિંમત જોઈ ખુશ થઈ ગયા. પણ ટેલ મૂંઝવણમાં ઊભો હતો.

વૉલ્ટર અધીરો બનીને બોલી ઊઠ્યો, ''મને બીક નથી લાગતી બાપુ, તમે હવે તીર છોડો.''

ટેલે બે તીર કાઢીને એક કમરપટ્ટામાં ખોસ્યું અને બીજું તીર ધનુષ પર ચડાવ્યું. આખી મેદની આતુર નેત્રે જોવા લાગી. એક જણ બોલ્યો, ''વૉલ્ટરને તો જુઓ તેની પાંપણે હાલતી નથી.''

ટેલે નિશાન તાકીને પણછ ઢીલી કરી ત્યાં સરરર કરતું તીર છૂટ્યું. લોકોએ આનંદની કિકિયારી પાડી, ''સફરજન બરાબર વીંધાયું !''

સફરજનના ટુકડા ઉપાડીને વૉલ્ટર દોડ્યો અને પિતાને ભેટી પડ્યો. તે આનંદથી બોલ્યો, ''બાપુ લો આ બે ટુકડા. શા માટે બીક રાખતા હતા ? તમે કદી નિશાન ચૂક્યા છો ?' લોકોએ હર્ષનાદથી વાતાવરણને ભરી દીધું.

ગેસલરે ટેલને પૂછ્યું, ‘‘તું અદ્‌ભુત નિશાનબાજ છે. પણ સાચું કહેજે કે તે કમરપટામાં બીજું તીર શા માટે રાખ્યું હતું ?’’

ટેલે હિંમતથી જવાબ આપ્યો, ‘‘મારા પુત્રને ઈજા થઈ હોત તો એ બીજા તીરથી તારી છાતી વીંધાઈ ગઈ હોત.’’

મેદનીમાંથી ફરી હર્ષનાદ થયો. ટેલે હાથ ઊંચો કરી હલાવ્યો અને પુત્રને લઈને આનંદપૂર્વક ચાલ્યો ગયો.

– ચીમનભાઈ દવે

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) પ્રસિદ્ધિ – ..................  ૨) આઝાદ – .........................
૩) અત્યાચારી – ..................  ૪) નિર્ભય – .........................
૫) કાનૂન – ..................  ૬) ઘમંડી – .........................
૭) કર્તવ્ય – ..................  ૮) ચાલાકી – .........................
૯) ખતરો  ૧૦) મજાલ – .........................

**સ. ૨ જોડકાં જોડો.**

| | |
|---|---|
| નિશાન ચૂકવું | બૂમ પાડીને બોલાવવું |
| નામના ફેલાવી | મરણ પામવું |
| ઘાંટો પાડવો | ખ્યાતિ પ્રસરવી |
| ઘસીને ના પાડવી | નિશાન લેવામાં ભૂલ થવી |
| મોતને ભેટવું | સાફ ના કહેવી |

**સ. ૩ અર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો.**

દા. ત. – ગુનેગારો કુખ્યાત હોય છે.

જવાબ – ગુનેગારો વિખ્યાત હોતા નથી.

૧) રાવણ અભિમાની હતો.
૨) નદીનો પ્રવાહ અસ્થિર હોય છે.
૩) આપણો દેશ સ્વતંત્ર છે.
૪) માખણ કઠણ પદાર્થ નથી.
૫) પરીક્ષામાં ફક્ત જવાબ લખાય.

**સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

અ) દા.ત. બહાદુર – બહાદુરી

૧) જુલમ – ........................  ૨) જોખમ – ......................
૩) ગુલામ – ........................  ૪) અભિમાન – .....................
૫) સલામ – ........................  ૬) કુટુંબ – .....................

બ) ઉદા. : અપમાન – અપમાનજનક

૧) શરમ – .......................  ૨) ઉત્સાહ – .......................

૩) ચિંતા – .......................  ૪) આશ્ચર્ય – .......................

ક) ઉદા. : નિશાન – નિશાનબાજ

૧) તલવાર – .......................  ૨) મુક્કા – .......................

૩) કુસ્તી – .......................  ૪) દગા – .......................

**સ. ૫ ‘અપમાનજનક’ શબ્દમાંથી બની શકે તેટલા શબ્દો બનાવો.**
**(બે અક્ષરવાળા, ત્રણ અક્ષરવાળા, ચાર અક્ષરવાળા.)**

**સ. ૬ નીચેનાં વાક્યો ‘અદ્‌ભુત’ શબ્દ વાપરીને ફરીથી લખો.**

દા. ત. : સ્વિટ્ઝરલૅન્ડનો અદ્‌ભુત નિશાનબાજ ટેલ ‘અદ્‌ભુત’ એટલે અનોખો.

૧) ભારતનો ક્રિકેટર સચિન તેંડુલકર.

૨) આગ્રાનો તાજમહાલ એક અજાયબી.

૩) લતા મંગેશકર એક ગાયિકા.

♦ **સંભાષણ :** તમે જાણતા હો તેવા નિશાનબાજ વિશે થોડી મૌખિક માહિતી આપો.

**સ. ૭ નીચેનાં વાક્યો બોલનાર અને સાંભળનારનાં નામ લખો.**

૧) ‘બાપુ, પેલી હૅટ તો જુઓ ! થાંભલા પર કેમ મૂકી છે ?’

૨) ‘એમાં જોખમ શું છે ? તું કદી નિશાન ચૂક્યો છે ?’

૩) ‘મને બીક નથી લાગતી, બાપુ તમે હવે તીર છોડો.’

૪) ‘મારા પુત્રને ઈજા થઈ હોત, તો એ બીજા તીરથી
તારી છાતી વીંધાઈ ગઈ હોત.’’

**સ. ૮ વિલિયમ ટેલ વિશેના નીચેનાં વાક્યોમાંથી જે વાક્યો સાચાં હોય તેને અલગથી લખો.**

**તેમાં તમારા પોતાના બીજાં ત્રણ-ચાર વાક્યો ઉમેરીને પરિચ્છેદ લખો.**

૧) વિલિયમ ટેલ એક વિખ્યાત કુસ્તીબાજ હતો.

૨) તે સ્વતંત્રતાનો ચાહક હતો.

૩) તેથી તે જુલમી સામે માથું ઊંચકતા ડરતો હતો.

૪) સ્વિટ્ઝરલૅન્ડનો સૂબો તેને સપડાવવાની યુક્તિ કરે છે.

૫) વિલિયમ ટેલે કમરપટામાં બીજું તીર રાખ્યું હતું.

૬) વાર્તાના અંતમાં ટેલ હારી ગયો.

સ. ૯ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
| --- | --- |
| વિલિયમ ટેલ | માથા ઉપરનું સફરજન |
| લોકો ધિક્કારતા હતા | હિંમતબાજ |
| ટેલને વીંધવાનું હતું | નિશાનબાજ |
| ટેલનો દીકરો વોલ્ટર | ગેસલર |

સ. ૧૦ યોગ્ય વિકલ્પ શોધીને વિધાન પૂર્ણ કરો.

૧) લોકો ગેસલરને ધિક્કારતા હતા. કારણ કે ..........................................
   અ) તે સત્તાનો શોખીન હતો.
   બ) તે જોરજુલમથી કડક કાયદા પળાવતો હતો.
   ક) તે અભિમાની અને ક્રૂર હતો.

૨) સિપાઈએ ઘાંટો પાડી ટેલને કહ્યું કે ..................................................
   અ) થાંભલા પરની હેટને સલામ કર.
   બ) મને સલામ કર.
   ક) ગેસલરને સલામ કર.

૩) ગેસલરે ટેલની સામે શરત મૂકી કે ....................................................
   અ) જીવ બચાવવો હોય તો પુત્ર પર તીર ચલાવ.
   બ) જીવ બચાવવો હોય તો હેટનું નિશાન લે.
   ક) જીવ બચાવવો હોય તો દીકરાના માથા પર રાખેલ સફરજન વીંધી બતાવ.

૪) ટેલ સફરજન વીંધવા માટે તૈયાર નહોતો. કારણ કે ................................
   અ) ટેલ પુત્રપ્રેમને કારણે દીકરાનું જોખમ લેવા તૈયાર નહોતો.
   બ) ટેલના હાથ નિશાન તાકતી વખતે ધ્રૂજતા હતા.
   ક) ગેસલરની ક્રૂરતાને કારણે ટેલ ડરી ગયો હતો.

૫) ટેલે કમરપટામાં બીજું તીર રાખ્યું હતું. કારણ કે ....................................
   અ) દીકરા પરનું નિશાન ચૂકી જવાય તો ગેસલરને પણ મારી શકાય.
   બ) દીકરાને ઈજા થાય તો તે ગેસલરને વીંધી શકે.
   ક) શરત જીતી જાય તો લોકોને તીર બતાવી ખ્યાતિ મેળવી શકે.

સ. ૧૧ કોણ તે શોધો.

૧) બહાદુર શિકારી – ...................................................................
૨) સ્વીટ્ઝરલૅન્ડનો સૂબો – ........................................................
૩) નિશાનબાજ ટેલનો પુત્ર – .......................................................

૪) આનંદની કિકિયારી પાડનાર – ..................................................

૫) ટેલ અને વોલ્ટરને રોકનાર – ..................................................

**સ. ૧૨ તમારા શબ્દોમાં લખો.**



૧) વોલ્ટરમાં જોવા મળતા ગુણોની યાદી બનાવો.

૨) તમારા મિત્રના તમને ગમતા ગુણોની પ્રશંસા ટૂંકમાં લખો.

## પ્રકલ્પ



♦ ઈન્ટરનેટની મદદથી સાહસિક કથાઓ શોધો.

અથવા

લાયબ્રેરીમાં જઈ સાહસિક કથાઓનું પુસ્તક શોધી તેમાંથી તમને ગમતી કોઈ પણ એક વાર્તાનો ચિત્ર સાથે ચાર્ટ તૈયાર કરો. ચાર્ટમાં ચિત્રોને વધારે સ્થાન આપો. વાર્તાના માત્ર મુદ્દા જ લખો. પછી તે ચાર્ટ વર્ગમાં બધાની સામે રાખી મુદ્દાને વિસ્તારતા જઈને વાર્તા કરો.

## હું વાંચું ..... તમે પણ વાંચો



બુદ્ધિનો ઉપયોગ ભય નિવારવામાં કરો, વધારવામાં નહિ.
વિચારનો ઉપયોગ સમર્થ થવામાં કરો, દુર્બળ થવામાં નહિ.
શક્તિનો ઉપયોગ બીજાને સશક્ત કરવામાં કરો, અશક્ત કરવામાં નહિ.
પ્રતિકૂળતાનો ઉપયોગ હૃદયને બળવાન કરવામાં કરો, નિર્બળ કરવામાં નહિ.
સત્તાનો ઉપયોગ સ્નેહ વધારવામાં કરો, દાબ બેસાડવામાં નહિ.
સંપત્તિનો ઉપયોગ સૌજન્ય વધારવામાં કરો, અભિમાન વધારવામાં નહિ.
નિષ્ફળતાનો ઉપયોગ આગળ વધવામાં કરો, પાછા હઠવામાં નહિ.
સંબંધનો ઉપયોગ પ્રેમ વધારવામાં કરો, સ્વાર્થ સાધવામાં નહિ.



**અધ્યાપન સંકેત :** વર્ગમાં શરૂઆતમાં આપેલી રમતો રમાડ્યા પછી બાણાવળી અર્જુનની એકાગ્રતા વિશે વાર્તા કહેવી. ત્યારપછી જાણીતા નિશાનબાજો વિશે માહિતી આપી લઘુ પ્રશ્નોની મદદથી કૃતિનું ક્રમિક અધ્યાપન કરાવવું. વિષયવસ્તુથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા માટે તેમને સક્રિય સહભાગ લેતા કરવા. સાહસિકતા અને બહાદુરીના પ્રેરણાદાયી પ્રસંગો કહીને જે વિદ્યાર્થીઓ જાણતા હોય તેમની પાસે પણ વર્ગમાં બોલાવવા.

નિર્ભયતા રાખવાથી આપણને શો ફાયદો થાય તે જણાવી વિદ્યાર્થીઓના મનમાંથી ડર દૂર કરવો. તેમજ તેમને નીડર બનવા પર્યાપ્ત પ્રોત્સાહન આપવું.

કૃતિમાં આપેલ પ્રવૃત્તિ વ્યક્તિગત કરાવવાનો આગ્રહ રાખવો.

**હિંમતે મર્દા તો મદદે ખુદા.**



# કહેવત વાર્તા (ઉપક્રમ)

## મુદ્દા ઉપરથી વાર્તા

એક ખેડૂત – ચાર દીકરા – દીકરાઓનું અંદરોઅંદર લડવું – ખેડૂતનું બીમાર પડવું – દીકરાઓને બોલાવવા – એક એક લાકડી આપી તોડવા કહેવું – લાકડીનું તૂટી જવું – લાકડીનો ભારો આપી તોડવા કહેવું – તૂટવું નહિ – બોધ.

બાળકો, ઉપરના મુદ્દાને આધારે વાર્તા તૈયાર કરો.
આ વાર્તા ઉપરથી પ્રચલિત કહેવત છે. **'સંપ ત્યાં જંપ'**

ઉપરની જેમ જ નીચેની કહેવતોને સ્પષ્ટ કરતી વાર્તાઓ વિચારો.
તેના મુદ્દા લખવાનો પ્રયત્ન કરો.


૧) ખાડો ખોદે તે પડે
૨) શેરને માથે સવાશેર
૩) દૂધના દૂધમાં, પાણીના પાણીમાં
૪) પારકી આશા સદા નિરાશા
૫) નાનો પણ રાઈનો દાણો
૬) હિંમતે મર્દા તો મદદે ખુદા
૭) ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર
૮) બુદ્ધિ આગળ બળ પાણી ભરે


## નીચેની વિરોધી કહેવતો વાંચો.

| | |
|---|---|
| ૧) બોલે તેના બોર વેચાય. | ન બોલવામાં નવ ગુણ. |
| ૨) ઘરડા વિના ગાડાં ન વળે | સાઠે બુદ્ધિ નાઠી. |
| ૩) ઝાઝા હાથ રળિયામણા. | ઝાઝા મળ્યા ને ટોળે વળ્યા. |
| ૪) માગવા કરતાં મરવું ભલું. | માગ્યા વિના મા પણ ન પીરસે. |
| ૫) પારકી આશા સદા નિરાશા. | વાડ વગર વેલો ન ચડે. |
| ૬) ધીરજનાં ફળ મીઠાં છે. | તરત દાન ને મહાપુણ્ય. |
| ૭) બુદ્ધિ આગળ બળ પાણી ભરે. | બળિયાના બે ભાગ. |
| ૮) ઓળખાણ મોટી ખાણ છે. | ઓળખીતો સિપાઈ બમણું મારે. |

# ૧૩. મારો ચગે રે પતંગ

♦ ચાલો કૃતિ કરીએ.
પતંગ બનાવીએ.





મારો ચગે રે પતંગ, કેવો સર સર સર !
વાયો આકાશી વાયરો ફર ફર ફર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !
બાએ બનાવી છે તાજી તલસાંકળી !
તડકે રંગાઈ છે અગાશી ક્વી ફાંકડી !
ટાઢ ધ્રૂજે આઘે ઊભી થર થર થર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !
માંજો પાયેલો દોર કેવો ધારદાર છે !
ફૂદીએ રાખ્યો રંગ, કાપ્યો કીલેદાર છે !
બોલે ચિનાઈ કાગળ કેવો ચર ચર ચર !
લંગીસ લડાવી મેં તો લૂંટ્યા દસબાર છે !
વાંસડો વીંઝ્યો કે બસ આપણા પોબાર છે !
નહીં બંદાને કોઈનોય ડર ડર ડર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !
આભ ને અગાશી કેવાં બન્યાં એકાકાર છે !
ફીરકીનો દોર જાણે વીજળીનો તાર છે !
હું તો રણકાવું ટેલિફોન ટર ટર ટર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

દિનભર લૂંટાવ્યો અમે આનંદ અપાર છે !
ફાનસ ચગાવું, રાત પડે એની વાર છે !
પેલી તારલાની ટોળી હસે ખડ ખડ ખડ !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !
ધોળું ખમીસ, ભૂરો ચડ્ડીનો રંગ છે !
મોકળા છે મન જેવા છુટ્ટા પતંગ છે !
હું તો ઊંચાં શિખર કરું સર સર સર !
મારો ચગે રે પતંગ કેવો સર સર સર !

– બાલમુકુંદ દવે



## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) પવન – ...................... ૨) દૂર – ......................
૩) લંગર – ...................... ૪) ફતેહ – ......................
૫) આકાશ – ...................... ૬) ઊડવું – ......................

**સ. ૨ વચન બદલો.**

૧) પતંગ – ...................... ૨) કાગળ – ......................
૩) તારલા – ...................... ૪) ધોળું – ......................
૫) શિખર – ...................... ૬) વાંસડો – ......................

**સ. ૩ નમૂના પ્રમાણે લખો.**

દા. ત. પતંગ – ચગે

૧) ફટાકડાં – ...................... ૨) કળી – ......................
૩) ફુવારો – ...................... ૪) નદી – ......................
૫) ભમરડો – ...................... ૬) હોડી – ......................
૭) ફુગ્ગો –...................... ૮) ફળ – ......................

**સ. ૪ અર્થ ન બદલાય તેવી રીતે વાક્ય ફરીથી લખો.**

દા.ત. – તાજી છાશ મોળી હોય છે.
જવાબ – વાસી છાશ મોળી હોતી નથી.

૧) ઝાડ નીચે તડકો હોતો નથી.
૨) દુઃખદ સમાચારથી શોક છવાઈ ગયો.
૩) આકાશમાં તારા રાતે દેખાય છે.
૪) પર્વતના શિખરો ઊંચા હોય છે.
૫) રાજાની તલવાર ધારદાર છે.

**સ. ૫ 'ધારદાર', 'એકાકાર' જેવા શબ્દો કાવ્યમાં છે.**

**નીચે પ્રમાણે તમે બીજા શબ્દો બનાવો.**

**છેલ્લે 'દાર', 'કાર' અને 'પાર' આવે તેવા શબ્દો લખો.**

૧) દાર – ..................., ..................., ......................

૨) કાર – ..................., ..................., ......................

૩) પાર – ..................., ..................., ......................

♦ **સંભાષણ :** ' આપણા જીવનમાં તહેવારોનું મહત્ત્વ' વિશે તમારા શબ્દોમાં ચાર–પાંચ વાક્યો કહો.

**સ. ૬ અધૂરી પંક્તિ પૂરી કરો.**

૧) બાએ બનાવી છે ...............................................................

૨) લંગીસ લડાવી ...................................................................

૩) દિનભર લૂંટાવ્યો ...............................................................

૪) હું તો ઊંચાં ......................................................................

**સ. ૭ કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સામે લખો.** દા. ત. તારલાની – ટોળી

(ધારદાર, તલસાંકળી, ફાંકડી, શિખર)

૧) ઊંચા – .................. ૨) અગાસી – ......................

૩) પાયેલો માંજો – .................. ૪) તાજી – ......................

**સ. ૮ કાવ્યમાંથી શોધીને લખો.** દા. ત. પતંગ ચગે – સર, સર, સર

૧) બંદાને કોઈનો નથી – ............ ૨) રણકે ટેલિફોન – ..............

૩) ટાઢ ધ્રુજે – ........... ૪) તારલા હસે છે – ..............

૫) આકાશી વાયરો – ........... ૬) ચિનાઈ કાગળ બોલે – ......

**સ. ૯ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન ફરીથી લખો.**

૧) પતંગ ચગાવવા માટે ....................ની જરૂર પડે.

અ) માંજો, ફિરકી, પતંગ

બ) ફટાકડાં, ઘૂઘરા, કંડીલ

ક) રંગ, પિચકારી, પાણી

૨) .................ના દિવસે પતંગ ચગાવાય છે.

અ) મકરસંક્રાંતિના

બ) વિજયાદશમીના

ક) મહાશિવરાત્રીના

3) ઉતરાણના દિવસે ખવાય.

અ) બોર, તલસાંકળી, શેરડી, પેરુ, મમરાના લાડુ

બ) શિંગોડા, સફરજન, ધાણી, ચણા, ગોળ

ક) કેળાં, ઊંધિયું, ફાફડા, જલેબી

૪) પતંગ ............ કાગળમાંથી બને છે.

અ) પૂંઠાના

બ) માર્બલ

ક) ચિનાઈ

૫) લંગીસ લડાવીને ......... પતંગ લૂંટ્યા છે.

અ) ચારપાંચ

બ) દસબાર

ક) સાતઆઠ


**સ. ૧૦ નીચેના અર્થ દર્શાવતી કવિતાની પંક્તિ શોધીને લખો.**

૧) બાએ તલસાંકળી બનાવી છે. તડકાંને કારણે અગાશી સુંદર લાગે છે.

૨) આભ અને અગાશી એક બન્યા છે. ફીરકીનો માંજો વીજળીના તાર જેવો લાગે છે.

3) આખો દિવસ આનંદ કર્યો છે. રાત પડે એટલે ટુક્કલ ચગાવવું છે.

**સ. ૧૧**




ઉપરનામાંથી તમને ગમતા અને ન ગમતા પતંગોની યાદી બનાવો.
તમને સૌથી વધારે ગમેલા પતંગ વિશે આઠ થી દસ લીટી લખો.



**પ્રકલ્પ**



♦ વર્ગમાં સુંદર પતંગ બનાવો. અને તેમાં નીચેના જેવા સુંદર સંદેશાઓ લખીને તેનો પ્રચાર કરી સમાજમાં જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરો.

સંદેશાઓ

- વૃક્ષ ઉગાડો – પ્રદૂષણ ભગાડો.
- પાણીનો વ્યય ન કરો.
- વીજળીનો દુર્વ્યય ટાળો.
- રાષ્ટ્રીય સંપત્તિનું જતન કરો.
- ‘દીકરીનું ભણતર એ જ સમાજનું ઘડતર’ આવા અન્ય સુંદર સંદેશાઓ લખો.

## હું વાંચું ....... તમે પણ વાંચો



### રૂમઝૂમતાં આવો

છોકરાં...રે આ... વો... આવોને ગીત ગાવા દિવાળી,
રૂમઝૂમતાં આવો, દોડતાં આવોને ગીત ગાવા દિવાળી.
દિવાળી અજવાળે અમાસ રાત,
આંગણા સજાવે રંગોળી ભાત.
નવા વરસનું લાવે નવલું પ્રભાત,
વેરઝેર ભૂલો ધરા સ્વર્ગ સાક્ષાત.
છોકરાં...રે આ... વો... આવોને ગીત ગાવા દિવાળી,
હરખાતાં આવો, ઝૂમતાં આવોને, ગીત ગાવા દિવાળી.
દિવાળી શ્રદ્ધાની વહે સરવાણી,
જનજન હૈયે આનંદે રેલાણી.
અંતરે ભક્તિભાવ ભરે પર્વોની રાણી,
ઊજવીએ હોંશે–હોંશે દિવાળી આવી.
છોકરાં...રે આ... વો... આવોને ગીત ગાવા દિવાળી,
બારમાસે ભલે એકવાર આવે... આવોને ગીત ગાવા દિવાળી.

– *રશીદ મુનશી*



**અધ્યાપન સંકેત :** પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરતાં પહેલાં પતંગ ચગાવવા માટે જોઈતી વસ્તુઓથી પરિચિત કરવા. દરેક વિદ્યાર્થીઓનાં પતંગ ચગાવવાના અનુભવો તેમના મોઢેથી જ સાંભળવા. પતંગ ચગાવવાથી થતાં ફાયદા અને ગેરફાયદા વિશે સમજ આપવી. ઉતરાણના તહેવારનું ભૌગોલિક મહત્ત્વ સમજાવવું. ગુજરાતનો કાઈટ ફેસ્ટિવલ સંસ્કૃતિ અને વૈવિધ્યતાનો અનોખો સંગમ છે તેની માહિતી આપવી. વર્ગમાં પતંગ બનાવડાવી તેના દ્વારા સમાજમાં પાણી, વીજળી બચાવો, વૃક્ષ વાવો, પ્રદૂષણ હટાવો જેવા આજના સમયમાં જરૂરી છે તેવા રચનાત્મક સંદેશાઓ ફેલાવવાની પ્રેરણા આપવી.

**નિશાન ચૂક માફ – નહિ માફ નીચું નિશાન**

# ૧૪. પાતળ (પતરાળાં)

2H35KD

♦ ચાલો કૃતિ કરીએ.







પોતાની પાસેનાં પાંદડાંમાંથી વિદ્યાર્થી બનાવશે.
દા. ત. દરજી પક્ષીનો માળો, દડિયો, પાંદડાંનું તોરણ વગેરે.

કોંકણમાં ઘણાં ઘરોમાં પાતળમાં જમવાની પદ્ધતિ છે. આ પદ્ધતિ અપનાવવા પાછળ પણ વૈજ્ઞાનિક અભિગમ રહેલો છે. વાસણોને કલઈ કરાવેલી હોય તે રાસાયણિક પદાર્થો પેટમાં જાય અને આરોગ્યને નુકસાન પહોંચે વળી થાળીઓ ઘસવાની માથાકૂટમાંથી સ્ત્રીઓને પણ મુક્તિ મળે.

મારા પિતાને પાતળમાં જમવું જ સારું લાગતું. તેઓ જ્યારે ખેતરેથી પાછા ફરતા ત્યારે પાતળ બનાવવાનાં પાંદડાં, પૂજા માટેનાં ફૂલો અને શાકભાજી લઈને આવતા. પાતળ બનાવવા માટે વડનાં, ખાખરાનાં (પલાશનાં), વનચંપાનાં પાંદડાંનો ઉપયોગ કરવામાં આવતો. નિશાળમાંથી આવ્યા પછી પાતળ બનાવવા બેસી જવાનો માએ નિયમ બનાવ્યો હતો. તાજાં અને લીલાછમ પાંદડાંમાંથી પાતળ અને પડિયા બંને બનાવાતાં.

કોઈકવાર તો દાદીમાનો હુકમ થઈ જતો કે દરેકે પાંચપાંચ પાતળ બનાવવી. તે પ્રમાણે દાદીમા બધાંને પાંદડાં વહેંચી આપતાં. મને તો પાતળ બનાવતાં જરાપણ આવડતું નહિ, પડિયા બનાવવાનું તો ફાવતું જ નહિ. પરંતુ માએ તો મને પાતળ બનાવતાં શીખવાડવાનું નક્કી જ કરી લીધું હતું. તે બાબતનો એક પ્રસંગ આજે પણ મને બરાબર યાદ છે.

માએ કહ્યું, ‘‘શ્યામ, તું પાતળ બનાવતા શીખ. નહિતર આજે તને જમવાનું નહિ મળે.’’ મેં ચિડાઈને માને કહી દીધું કે, ‘‘મને પાતળ બનાવતાં આવડતું નથી. હું કાંઈ બનાવવાનો નથી.’’ તે સમયે મારી બહેન સાસરેથી આવી હતી. તેણે મને કહ્યું, ‘શ્યામ આવ, હું તને પાતળ બનાવતાં શીખવું છું. એ કાંઈ અઘરું નથી.’ મેં તે પ્રેમાળ બહેનને કઠોરતાથી કહી દીધું કે. ‘‘મને શીખવવાની તું પંચાત ન કરીશ.’’ હું હઠીલો. મેં તે દિવસે પાતળ બનાવી જ નહિ. મા પણ જીદે ચડી. મને તે દિવસે જમવા આપ્યું જ નહિ.

દરેક પોતપોતાની પાતળ લઈને જમવા બેઠા. મારી પાસે પાતળ નહોતી. બધાં મને જોઈને હસવા લાગ્યા. મોટીબહેન મને સમજાવવા લાગી, ‘‘કાલે પાતળ બનાવીશ ને શ્યામ! કાલે શીખજે હોં ? આવ અહીં મારી પાસે બેસ.’’ પછી માને



કહ્યું, ''મા! કાલે શ્યામ ચોક્કસ પાતળ બનાવશે. આજે એને જમવાનું પીરસ.''

''હું નથી જ બનાવવાનો જા. તું જમવાનું નહિ આપે તો હું ભૂખ્યો રહીશ.'' એમ ગુસ્સેથી બોલી હું ઓસરીમાં જતો રહ્યો. ખરેખર મને કકડીને ભૂખ લાગી હતી. કોઈ મને સમજાવવા બહાર આવે તેની હું રાહ જોતો હતો. આખરે મારી બહેન આવી અને કહેવા લાગી, ''શ્યામ ચાલને જમવા. હું તો કાલે સાસરે જતી રહીશ પછી થોડી સમજાવવા આવવાની છું. ઊઠ, ચાલ જોઈએ. નાની પાતળ બનાવ અને તેમાં જમવા બેસ.''

મોટીબહેનના શબ્દોથી હું પીગળી ગયો. મારી આંખમાં આંસુ આવ્યાં. બહેને મારા હાથમાં પાન આપ્યાં. મેં એક સળી લીધી. તે ચીકણી હતી તેથી તૂટતી નહોતી. ''શ્યામ, આ બીજી સળી લે, તે સારી છે'' એમ કહી બહેને બીજી સળી આપી. ગમે તેમ મોટા ટાંકા મારીને મેં પાતળ સીવી. એ નાની પાતળ લઈ હું ઘરમાં ગયો.

મેં માને કહ્યું, ''આ મારી પાતળ, હવે મને પીરસ.'' માએ પૂછ્યું, ''હાથ-પગ ધોઈને આવ્યો છે કે?'' ''હા, ક્યારના ધોયા છે હું કંઈ ગંદો નથી.'' મેં કહ્યું, ''પહેલાં નાક બરાબર સાફ કરીને આવ હું અહીં પાતળ પીરસું છું.'' માએ કહ્યું.

હું નાક સાફ કરીને આવ્યો અને જમવા બેઠો. મા કહેતી હતી, ''પેટ ભરીને જમજે. હવેથી જીદ કરતો નહિ. તારો મિત્ર વાસુ તારા જેવડો જ છે ને? કેવી સરસ પાતળ બનાવે છે.'' જમતાં જમતાં એક સળી મારા ગળામાં અટકી હું ગભરાયો. પણ છેવટે એ કાઢી. માએ કહ્યું કે, ''તેં પાતળ ગમે તેમ બનાવી છે તેથી આવું થયું.'' લાગ જોઈને મેં પણ કહ્યું, ''મને બનાવતાં આવડતું નથી. તો પણ તું મને બનાવવાનું કહે છે.''

"અમારા ગળામાં તો ક્યારેય અટકતી નથી. તેં બેદરકારીથી બનાવી તેનું આ પરિણામ છે. જ્યાંસુધી તું તારી પાતળ બનાવતાં નહિ શીખે ત્યાંસુધી તારી જ પાતળમાં તારે જમવાનું છે" માએ કહ્યું. મેં બીજા દિવસથી સરસ પાતળ બનાવવાનો મનોમન નિશ્ચય કરી લીધો. મોટીબહેન પાતળ કેવી રીતે બનાવે છે, ગડી કેવી રીતે વાળે છે તે જોવા લાગ્યો. અને ખરેખર મને સરસ મજાની પાતળ બનાવતાં આવડી ગઈ. પછી એક દિવસ માએ મેં બનાવેલી પાતળ મારા પિતાજીને બતાવીને પૂછ્યું કે આ પાતળ કોણે બનાવી છે? પિતાજીએ બહેન સામે જોઈને કહ્યું, "ચંદ્રિ, આ પાતળ તેં બનાવી છે ને!" બહેને કહ્યું, "ના, આ તો શ્યામે બનાવી છે." પિતાજીએ મને કહ્યું, "આટલી સરસ પાતળ ક્યારથી બનાવવા લાગ્યો?" માએ કહ્યું, "તે દિવસે જમવા ન આપ્યું અને જ્યાંસુધી તું સરસ પાતળ નહિ બનાવે ત્યાં સુધી તારી બનાવેલી પાતળમાં જ તારે જમવું પડશે." એમ કહ્યું, એટલે શીખી ગયો. મેં માને કહ્યું, "હવે પાછળની વાત શા માટે યાદ કરે છે ? મને એ કહો કે હવે મને સરસ પાતળ બનાવતાં આવડે છે કે નહિ ?" પિતાજીએ કહ્યું, "હા, પણ હજી પડિયો બનાવતાં ક્યાં આવડે છે ?" મેં કહ્યું, "પડિયો પણ મેં બનાવીને મૂક્યો છે. જમ્યા પછી તમને બતાવીશ." હકીકતમાં તો મારી પાતળના વખાણ થવાથી હું ફૂલાઈ ગયો હતો. જમ્યા પછી મેં પિતાજીને પડિયો બતાવ્યો. પિતાજીએ "સારો છે" પણ અહીં તે ભૂલ કરી છે. પાસેપાસેના ખૂણા સરખી ગડીના હોવા જોઈએ એમ કહીને તેમણે સુધારી આપ્યો. એ સુધારેલો પડિયો મેં માને બતાવ્યો ત્યારે માએ કહ્યું કે, "જો હવેથી મને આ નહિ આવડે તે નહિ આવડે તેમ કદી કહેતો નહિ. ભગવાને જેને હાથપગ આપ્યા છે તેને બધું જ કરતાં આવડે. એમ કહી બહેનને કહ્યું, "ચંદ્રિ, શ્યામને એક જરદાલુ આપજે." તે પાતળ બનાવતાં શીખ્યો માટે. બહેને મને જરદાલુ આપ્યું – મને તે ખૂબજ ભાવ્યું.

અંતે માએ કહ્યું, "બેટા ! સારાપણું વસ્તુમાં નથી હોતું, પણ તે વસ્તુ માટે કરેલા કામમાં હોય છે. દરેક કામ આપણે દિલથી કરવું જોઈએ. અને હા, પાતળ બનાવતી વખતે આપણે મનમાં વિચારવું જોઈએ, "આ પાતળમાં કોઈ પણ જમે તેના ગળામાં ફાંસ અટકે નહિ. અન્ન નીચે પડે નહિ. તેનું મારે ધ્યાન રાખવાનું છે. સમજ પડીને શ્યામ!"

બહેને સમજાવ્યું કે, "શ્યામ કોંકણમાં તો પાતળને ધાર્મિક સંસ્કૃતિના પ્રતીક તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. તેથી ચાતુર્માસમાં સ્ત્રીઓ આંબાનાં કે ફણસનાં પાંદડાંમાંથી બનાવેલી પાતળમાં જમવાનું વ્રત લે છે. તેના ઉપરથી આપણે ઝાડની અને તેનાં પાંદડાંની મહત્તા સમજવાની છે."

– શ્રી. સાને ગુરૂજી
(અનુવાદક : શ્રી. નટવરલાલ દવે)

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) દૃષ્ટિકોણ | – ...................... | ૨) લાપરવાહી | – ...................... |
| ૩) તંદુરસ્તી | – ...................... | ૪) દડિયો | – ...................... |
| ૫) નિર્દયતા | – ...................... | ૬) ખોરાક | – ...................... |

**સ. ૨ 'બે' ઉપસર્ગ લગાવી નવા શબ્દ બનાવો.**

બે

- ફિકર ..........................
- દરકાર ..........................
- દખલ ..........................
- લગામ ..........................
- શરમ ..........................
- ધ્યાન ..........................

**સ. ૩ નીચેના વિશેષણને 'તા' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવી તેને વાક્યમાં વાપરો.**

ઉદાહરણ તરીકે : સુંદર – સુંદરતા

મોરની ખરી <u>સુંદરતા</u> તેની કળામાં રહેલી છે.

૧) સ્વચ્છ ૨) નમ્ર ૩) ઉદાર ૪) મહાન ૫) નૈતિક ૬) રાષ્ટ્રીય

**સ. ૪ શુદ્ધ જોડણીવાળો શબ્દ શોધી કૌંસમાં લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) વિચિત્ર | વીચિત્ર | વિચીત્ર | – ( ) |
| ૨) શારીરિક | શારીરીક | શારિરિક | – ( ) |
| ૩) રળિયામણું | રળીયામણું | રળ્યામણું | – ( ) |
| ૪) પ્રતિબિંબ | પ્રતિબીંબ | પ્રતીબિંબ | – ( ) |
| ૫) કુટુમ્બ | કુટુંબ | કુટૂંબ | – ( ) |

**સ. ૫ સંયુક્ત વ્યંજનનો ઉપયોગ કરી પાંચપાંચ શબ્દ બનાવો.**

દા. ત. જ્ય – સાયુજ્ય, રાજ્ય, વિભાજ્ય, ભાજ્ય, સામ્રાજ્ય

૧) જ્વ ૨) વ્ય ૩) દ્ધ ૪) બ્ય ૫) ત્ન

સ. ૬ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| ચોવટ ન કરવી | અભિમાન કરવું. |
| કકડીને ભૂખ લાગવી | પંચાત ન કરવી. |
| દિલથી કરવું | એક વાતને પકડી રાખવી. |
| જીદે ચડવું | અતિશય ભૂખ લાગવી. |
| ફુલાઈ જવું | મન દઈને કરવું. |

♦ **સંભાષણ** : (૧) દરરોજના કાર્યમાં તમે તમારાં માતા-પિતાને જે મદદ કરો છો તે કહો.
(૨) 'જાત મહેનત ઝિંદાબાદ' તમે જે સમજો છો તે ટૂંકમાં મૌખિક વર્ણવો.

સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી નીચેના વિધાન પૂર્ણ કરો.

૧) દાદીમાનો હુકમ થઈ જતો કે ....................................................
 અ) દરેકે પડિયા બનાવતાં શીખવાનું છે.
 બ) દરેકે પાંચ પાંચ પાતળ બનાવવાની છે.
 ક) દરેકે સમૂહમાં પાતળ બનાવવાની છે.

૨) શ્યામ, તું પાતળ બનાવતાં શીખ નહિતર ..........................................
 અ) આજે તને જમવાનું નહિ મળે.
 બ) આજે તને મીઠાઈ નહિ મળે.
 ક) આજે તને રમવાનું નહિ મળે.

૩) માએ ખુશ થઈને શ્યામને જરદાલું આપ્યું. કારણ કે ...............................
 અ) શ્યામને શાળામાંથી શાબાશી મળી હતી.
 બ) શ્યામને પાતળ અને પડિયો બનાવતા આવડી ગયું હતું.
 ક) શ્યામે સુંદર પાતળ બનાવી હતી.

સ. ૮ નીચેનાં વાક્યો બોલનાર અને સાંભળનારનાં નામ લખો.

૧) 'મને બનાવતાં આવડતું નથી, હું કંઈ બનાવવાનો નથી.'
૨) 'આટલી સરસ પાતળ ક્યારથી બનાવવા લાગ્યો ?'



સ. ૯ તમારા પોતાના વિચારો જણાવો.

૧) આજે પાતળનો ઉપયોગ નહિવત થઈ ગયો છે. તે વિશે તમારા વિચારો જણાવો.
૨) તમે જાતે બનાવેલી કોઈ પણ એક વસ્તુની પ્રક્રિયા ક્રમાનુસાર લખો.

## પ્રકલ્પ



♦ કેળનાં પાંદડાંના વિવિધ ઉપયોગ ઈન્ટરનેટ ઉપરથી જાણો.
તેના જુદાજુદા ઉપયોગો વિશેના ચિત્ર સાથે ભીંતપત્રક બનાવો.

## હું વાંચું .... તમે પણ વાંચો



ઉનાળાના દિવસો હતા. ગરમીથી બચવા ઘણા વિદ્યાર્થીઓ માથા ઉપર ટોપી પહેરીને આવતા પણ કેતન પાસે ટોપી નહોતી. તેણે પોતાની માતાને કહ્યું, ‘‘મા, બહુ ગરમી લાગે છે. કેટલો સખત તાપ છે. એક ટોપી લાવી આપ ને ?’’ પણ મા બિચારી ક્યાંથી લાવી આપે ? તેણે કેતનને સમજાવતાં કહ્યું, ‘બેટા, હમણાં કોઈ સગવડ નથી. પૈસા આવશે પછી ટોપી લઈ આપીશ.’’

કેટલાક દિવસ પછી મા ક્યાંકથી કાપડના કેટલાક ટુકડા લઈ આવી. તેણે આવીને પોતાના લાડલા દીકરા માટે ટોપી બનાવી. કેતન તો ખુશખુશાલ થઈ ગયો. તે ટોપી પહેરીને નિશાળે ગયો. તેની ટોપી જોઈ વર્ગના બીજા વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. તેની મજાક ઉડાવવા લાગ્યા. પણ કેતને ધ્યાન આપ્યું નહિ. તેને પોતાની માતાની શિખામણ યાદ આવી.

માતા હંમેશાં કહેતી, ‘‘પોતાની પાસે કોઈ વસ્તુ ન હોય તો તેનો અફસોસ કરવો નહિ, તેની માટે કોઈ ખોટો દંભ કે દેખાડો કરવો નહિ. પણ પોતાની પાસે જે હોય તેમાં જ સંતોષ માનવો જોઈએ. બને તેટલા સ્વાવલંબી બનવું અને જાતમહેનતથી બનાવેલી વસ્તુને જ ઉત્તમ સમજવી.’’



**અધ્યાપન સંકેત :** પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાના હો તેના આગલા દિવસે પ્રત્યેક વિદ્યાર્થી પાસે ઘરેથી પાંદડાં મંગાવવાનાં છે. તેમાંથી કૃતિ બની ગયા પછી ચોક્કસ કૃતિ બાબત વિષયવસ્તુને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને સક્રિય રાખી તેમની સાથે સંવાદ સાધવો. ત્યારપછી પ્રશ્નોત્તર, વાંચન, વાર્તા, પૂર્વજ્ઞાન તેમજ સ્પષ્ટીકરણ દ્વારા કૃતિનું અધ્યાપન કરાવવું. આ કૃતિના અધ્યાપન પછી કાર્યાનુભવના વિષયનું અને શ્રમપ્રતિષ્ઠા જેવા મૂલ્યનું મૂલ્યમાપન સહજ બની શકશે.

**સ્વાવલંબન અને સ્વાશ્રય ઉત્તમ જીવનનાં ફેફસાં છે.**

## ક્રિયાવિશેષણના પ્રકાર

૧) યાદ રાખો : ઈશ ઉપર, ઈશ નીચે, ઈશ દૂર ને નજીકમાં છે ;
તમે જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં ઈશ્વરનો વાસ છે.

**ચાવીરૂપ શબ્દો**
અહીં, નજીક, નીચે, ઉપર, ત્યાં, પાછળ, પાસે, સામે વગેરે.

- સ્થળવાચક ક્રિયાવિશેષણ : ઉદાહરણો –
  1. ૧) અશોક કવિતા અહીં જ ગાતો.
  2. ૨) નજીકમાં જ ગરમ પાણીના કુંડ છે.
  3. ૩) અમારી શાળાની પાછળ રમતનું મોટું મેદાન આવેલું છે.
  4. ૪) શિક્ષક વિદ્યાર્થીઓ પાસે આવ્યા.

૨) યાદ રાખો.

૧) સદા એ સાથમાં રહેતો, કદી છૂટો નથી પડતો ;
જુઓ જ્યારે મળો ત્યારે નિરંતર અંતરે વસતો.

૨) હંમેશાં તું મને જુએ નજીકથી નિત્ય નીરખે છે.
હજારો આંખથી મારી સદા સંભાળ રાખે છે.

- **ચાવીરૂપ શબ્દો** : અત્યારે, ક્યારે, હમણાં, તરત, વારંવાર વગેરે.

- કાળવાચક (સમયવાચક) ક્રિયાવિશેષણ : ઉદાહરણો –
  1. ૧) મેં આ વાર્તા અત્યારે જ સાંભળી.
  2. ૨) સુનિતા વારંવાર ભૂલી જાય છે.
  3. ૩) ફોન કરતાં પોલીસ અકસ્માત સ્થળે તરત આવી ગઈ.
  4. ૪) આપણે હંમેશાં સાચું બોલવું જોઈએ.

૩) યાદ રાખો : એકદમ તું માન આ મન રાહ ના બતવશે,
બંદગી તું કર ખુદાની, રાહ એ દર્શાવશે.

- **ચાવીરૂપ શબ્દો** : કેમ, જેમ, આમ, એમ, એકદમ, સડસડાટ, ધડાધડ.

- રીતવાચક ક્રિયાવિશેષણ : ઉદાહરણો –
  1. ૧) ધરતીકંપનો આંચકો આવતાં મકાનો ધડાધડ પડવા લાગ્યાં.
  2. ૨) સાતના ટકોરા સાંભળી હું એકદમ જાગી ગઈ.

૩) વરસાદ ઝરમર વરસતો હતો.

૪) મારી સાવ નજીકથી મોટર સડસડાટ ચાલી ગઈ.

૪) **યાદ રાખો :** ભગવાન આગળ ને પાછળ છે, ભગવાન પહેલાં ને છેલ્લે છે.
નહીં ખાલી જગ્યા કોઈ ખરેખર જ્ઞાન તો આ છે.

- **ચાવીરૂપ શબ્દો :** આગળ, પાછળ, પહેલાં, પછી વગેરે.

- **ક્રમવાચક ક્રિયાવિશેષણ :** ઉદાહરણો –

૧) હું આગળ નીકળી ગઈ, બા પાછળ રહી ગયાં.

૨) પાર્થને જવા દો, તેના પછી તમારો વારો.

૩) તું કેમ બધાની પાછળ રહી ગયો ?

૪) નાનાં બાળકોને પહેલાં જમાડી લો.

૫) **યાદ રાખો :** રખે ભૂલો પડે જો તું જરૂર એ માર્ગ દર્શાવે
કૃપા એની સતત વરસે તું જો એ માર્ગ પર ચાલે.

- **ચાવીરૂપ શબ્દો :** જરૂર, અવશ્ય, ખરેખર, રખે, જાણે, કદાચ વગેરે.

- **નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ (સંભાવનાવાચક) :** ઉદાહરણો –

❖ તેઓ કદાચ ચાલ્યા ગયા હશે.

❖ ગાંધી સાહેબ તમારી સાથે અવશ્ય આવશે.

❖ આ દૃશ્ય ખરેખર ખૂબ સરસ છે.

❖ તમારું કામ એ જરૂર કરી આપશે.

૬) **યાદ રાખો :** ભલે પાપો કર્યાં ઝાઝાં, પ્રભુ તો પતિતપાવન છે,
તમે પસ્તાઈને પાછા ફરો તો આશ્રયે લે છે.

- **ચાવીરૂપ શબ્દો :** ઠીક, વારુ, ભલે, હા, સારુ.

- **સ્વીકારવાચક ક્રિયાવિશેષણ :** ઉદાહરણો –

❖ હા, કાલે હું સમયસર આવીશ.

❖ ઠીક છે. મને એ ચાલશે.

❖ ભલે ત્યારે, આ વખતે તમારા ઘરે કાર્યક્રમ રાખીએ.

❖ સારુ – તમારી વાત અમને મંજૂર છે.

૭) **યાદ રાખો :** ન બોલો કોઈનું બૂરું, ન આપો ત્રાસ કોઈને,
ન દુભવો કોઈનું હૈયું, ખરે એ પુણ્ય મોટું છે.

- **ચાવીરૂપ શબ્દો :** ન, મા, ના, નહિ, નથી વગેરે.

- **નકારવાચક ક્રિયાવિશેષણ :** ઉદાહરણો –
  - અહીં મારાથી ન રહેવાય.
  - મેં કોઈ ખોટું કામ કર્યું નથી.
  - રમતાં રમતાં અભ્યાસ કરાય નહિ.
  - કિશોર, લતાને માર મા. તે રડશે.

૮) **યાદ રાખો :** ખૂબ સમજાવું છતાં મન કેમ તું માને નહિ ?
દર્દ આપી જાય તેને કેમ તું ભૂલે નહિ ?

- **ચાવીરૂપ શબ્દો :** ખૂબ, જરા, થોડું, ઘણું, ઓછું, અતિશય, ભરપૂર, અધૂરું વગેરે.

- ઉદાહરણો : **પરિમાણવાચક ક્રિયાવિશેષણ**
  ૧) રામભાઈએ જરાય ખાધું નહિ.
  ૨) અમારા ઘરે ખૂબ તુલસી થાય છે.
  ૩) અધૂરો ઘડો છલકાય છે.
  ૪) સરોવરમાં ભરપૂર પાણી છે.

♦ **નીચેના વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો.**

૧) ચકડોળ ઉપર નીચે ફરતું હતું.
૨) તું પહેલાં જા, હું પછી આવીશ.
૩) આ કવિતા વારંવાર બોલ, યાદ રહી જશે.
૪) જરા પાસે પાસે બેસો.
૫) બિલાડી હળવે હળવે ચાલે છે.
૬) તમે જલ્દીથી જાવ, ગાડી મળી જશે.
૭) નાનાં બાળકો આગળ બેસશે. મોટાં પાછળ બેસશે.
૮) ફી લઈને હમણાં જ જા અને તરત ફી ભરી આવ.



# ૧૫. ચલ મન મુંબઈ નગરી

- **વિચારો અને કહો.**

  તમારા શહેરનું નામ ..................................

  તમારા જિલ્લાનું નામ ..................................

  તમારા રાજ્યનું નામ ..................................

  તમારા રાજ્યની રાજધાની ...............................



ચલ મન મુંબઈ નગરી,
જોવા પુચ્છ વિનાની મગરી !
જ્યાં માનવ સૌ ચિત્રો જેવાં,
વગર પિછાને મિત્રો જેવાં ;
નહીં પેટી, નહીં બિસ્ત્રો લેવાં,
આ તીરથની જાત્રા છે ના અઘરી !
સિમેન્ટ, કોંક્રીટ, કાચ, શિલા,
તાર, બોલ્ટ, રિવેટ, સ્ક્રૂ, ખીલા ;
ઈન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ સૌ સ્વર્ગ તણી સામગ્રી !
રસ્તે રસ્તે ઊગે ઘાસ
કે પરવાળા બાંધે વાસ
તે પહેલાં જોવાની આશ
હોય તેને તો કાળ રહ્યો છે કગરી !

– નિરંજન ભગત

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) પૂંછડી – ....................   ૨) પથ્થર – ....................
૩) ભાઈબંધ – ....................   ૪) ઓળખાણ – ....................
૫) વિના – ....................   ૬) મુશ્કેલ – ....................
૭) માર્ગ – ....................   ૮) સમય – ....................

**સ. ૨ વચન બદલો.**

૧) ચિત્રો – ....................   ૨) માનવ – ....................
૩) ખીલો – ....................   ૪) રસ્તો – ....................
૫) પેટી – ....................   ૬) નગરી – ....................
૭) મિત્રો – ....................   ૮) પરવાળો – ....................

સ. ૩ સરખા પ્રાસવાળા શબ્દો શોધો. દા.ત. નગરી – મગરી, અધરી, કગરી

૧) ચિત્રો – ......................., ......................., .........................

૨) શિલા – ......................., ......................., .........................

૩) ઘાસ – ......................., ......................., .........................

સ. ૪ અર્થ ન બદલાય તેવી રીતે વાક્ય ફરીથી લખો.

દા.ત. – જીવનમાં નિરાશાને મહત્ત્વ ન આપો.

જવાબ – જીવનમાં આશાને મહત્ત્વ આપો.

૧) દેવો સ્વર્ગમાં રહે છે.

૨) અમારા પુસ્તકની કવિતા અઘરી નથી.

૩) સૂરજ ઊગે તેને સૂર્યોદય કહેવાય.

૪) મુશ્કેલીના સમયે મિત્ર મદદ કરે છે.

સ. ૫ પાઠમાં આવતા જોડાક્ષરયુક્ત શબ્દોની યાદી બનાવો.

♦ **સંભાષણ :** તમે જોયેલા મુંબઈના કોઈપણ એક સ્થળ વિશે ટૂંકમાં કહો.

સ. ૬ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| મુંબઈ નગરી | વાસ |
| અહીં માનવ સૌ | પુચ્છ વિનાની મગરી |
| ઈન્દ્રજાલની | ચિત્રો જેવા |
| રસ્તે રસ્તે | ભૂલવે લીલા |
| પરવાળા બાંધે | ઊગે ઘાસ |

સ. ૭ કાવ્યપંક્તિમાં ખૂટતા શબ્દ મૂકો.

૧) ચલ ............ મુંબઈનગરી.

૨) આ .......................ની જાત્રા છે ના અઘરી !

૩) એવી આ સૌ ................. તણી સામગ્રી !

૪) હોય તેને તો ................. રહ્યો છે કગરી !

સ. ૮ કાવ્યને આધારે નીચેના વિશે બે-બે વાક્યો લખો.

૧) સ્વર્ગ ૨) લીલા ૩) માનવ ૪) ઘાસ

સ. ૯ તમારા પાડોશીઓમાંથી કોઈપણ એકાદ પરિવાર વિશે માહિતી મેળવી નીચેના મુદ્દા પ્રમાણે લખો.



૧) પરિવારની ઓળખ – તે પરિવારનાં બાળકો

૨) પરિવારના સભ્યો – તે પરિવારના વડીલો

૩) તમારા પરિવારનો અને તેમની વચ્ચેનો સંબંધ



## પ્રકલ્પ

♦ મુંબઈના કોઈ પણ પાંચ જોવાલાયક સ્થળોનાં ચિત્રો ભેગાં કરો. અને તેની નીચે તેના વિશે ચારથી પાંચ વાક્યોમાં માહિતી લખીને નાની પુસ્તિકા તૈયાર કરો.

## હું વાંચું ..... તમે પણ વાંચો



### અમે મુંબઈના રહેવાસી

અમે મુંબઈના રહેવાસી હા–રે અમે મુંબઈના રહેવાસી
મરીનડ્રાઈવ પર પ્રભુકુંજમાં રૂમ નંબર નેવ્યાશી ... હા–રે
રવિવારની રજા હતી ને જવા ઉપડ્યા ચોપાટી
તાળું બંધ કરી જતા હતાં ત્યાં ટપકી પડ્યા માસી ... હા–રે
ચા–પાણી નાસ્તો કરાવી વિદાય દીધી તાળી
આવજો માસી અમે કહીને આફત મોટી ટાળી ... હા–રે
કામ પતાવી કરી ટેક્ષીને પહોંચ્યા ભઈ ચોપાટી
મીટર સામે જોતાં મારી આંખ ગઈ છે ફાટી ... હા–રે
ભજીયા વાસી, ગાંઠિયા વાસી ; ખાધા પેટ ભરી ઠાંસી
પાણીની જગા ન રહી ને ત્યાં ઉપડી આવી ખાંસી ... હા–રે
રવિવારે મુશ્કેલી ટેક્ષીની ને ઉપડ્યા બસની લાઈને
જગા નહિ હૈ ચડો મત ભાઈ ત્યાં તો ઘંટી વાગી ... હા–રે
નંબર આવતાં ચડ્યા બસમાં ને જગ્યા મળી ઊભવાની
બાબો–બેબી ઝોકાં ખાતાં ત્યાં તો બસ અથડાણી ... હા–રે
ઘરે આવીને હાશ કહીને સૂતાં બારણાં વાસી
રવિવારની રજાથી તો ભૈ ગયા અમે બહુ ત્રાસી ... હા–રે



**અધ્યાપન સંકેત :** વિષયાભિમુખ થયા પછી વિદ્યાર્થીઓને મુંબઈ શહેરનો નકશો બતાવી તેને શા માટે પુચ્છ વિનાની મગરી કહી છે તે સ્પષ્ટ કરવું. ત્યારપછી પ્રશ્નો પૂછીને મુંબઈ શહેર વિશે બાળકો જે જાણતા હોય તે માહિતી તેમની પાસેથી કઢાવવી. સાથે મુંબઈની વિશેષતાઓ સમજાવતા જવી. મુંબઈગરાઓની વ્યથા, તેમની તકલીફો વિશે સંવાદ સાધતા જવું. મોહમયી મુંબઈ નગરીનું લોકોને શા માટે આકર્ષણ છે ? તેમજ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં મુંબઈગરાઓ આનંદથી હળીમળીને રહે છે. તે બાબત ઉપર ભાર મૂકવો. મુંબઈના જોવાલાયક સ્થળો વિશે પણ માહિતી આપતાં જવું.

**મુંબઈમાં વિવિધતામાં એકતાનું દર્શન થાય છે.**

# ૧૬. બે રૂપિયા

♦ યાદ કરો.

તમે શાળામાંથી ગયા હો તે પ્રવાસનાં સ્થળો.

તમે ઘરમાંથી ગયા હો તે પ્રવાસનાં સ્થળો.

ઉપરનાં બંને સ્થળોમાં તમે કરેલો આનંદ.

તે પ્રવાસમાં તમને પડેલી તકલીફો.

પ્રવાસ દ્વારા તમે મેળવેલું સામાન્ય જ્ઞાન.




"બાલારામ અમદાવાદથી બહુ દૂર તો નથી. પણ રાત ત્યાં રોકાવું પડે એમ છે. માટે બધાં એક શેતરંજી અને એક ટંકનું ભાથું તથા પાણીનું પવાલું સાથે લેતાં આવજો. આગગાડીમાં જવાનું છે." શાળાના મુખ્ય શિક્ષિકા અવંતિકા બહેને પ્રાર્થનાના સમયે જાહેરાત કરી. પર્યટનનું નામ સાંભળી વિદ્યાર્થિનીઓ ખુશાલીમાં આવી ગઈ. તેમાં પણ ત્રીજા ધોરણમાં ભણતી આનંદી તો બહુ જ હરખાઈ ગઈ. કારણ કે તે કદી આગગાડીમાં બેઠી જ ન હતી.

છોકરીઓનો અવાજ શમ્યા પછી મોટા બહેન બોલ્યા, "દરેક જણ બે રૂપિયા લાવજો. આ પર્યટન ફરજિયાત નથી. જેણે ન આવવું હોય તે છોકરીઓને બે દિવસ રજા મળશે."

બે રૂપિયાની વાત સાંભળી આનંદીનું

મોઢું પડી ગયું. તેની બા પાસે બે આના પણ ભાગ્યે જ વધારાના રહેતા. તો બે રૂપિયાની વાત જ શી કરવી ? આનંદીના પિતા માણેકલાલ દરજી હતા. એમનું મગજ અસ્થિર થઈ ગયું હતું. છેક ગાંડાની ઈસ્પિતાલમાં મૂકવા જેવા ન હતા, પણ આખો દિવસ અર્થ વગરનો બબડાટ કર્યા કરતા. એમણે સીવવાનું કામ બિલકુલ છોડી દીધું હતું. આનંદીની બા કદીક ધમકાવીને કામે બેસાડતી તો માણેકલાલ ગમે તેમ કાતર ચલાવી કપડું નકામું બનાવી દેતા.

આનંદી સૌથી મોટી. એના પછી તારામતી અને કપિલા. એના પછી બે નાના ભાઈઓ હતાં. બાબુ બે વર્ષનો અને બચુ છ મહિનાનો .. ! બા બિચારી ગાજ-બટન કરતી, ગાદલાંની કે ઓશીકાંની ખોળો સીવતી ; ગલેફ, ઝભલાં કે ચણિયા જેવાં સહેલાં કપડાં સીવતી. પણ આવી મોંઘવારીમાં પાંચ છોકરાં અને મા-બાપ એમ સાત જણનું પૂરું કરવું એ કંઈ રમત વાત હતી ?

આનંદીનું કુટુંબ એક મંદિરના ચોગાનમાં આવેલી ઓરડીમાં રહેતું હતું. ચોગાનની બહાર એક સ્ત્રી-દાકતરનું દવાખાનું હતું. ત્યાં આનંદી રોજ સવારે કચરો વાળી, પાણી ભરતી. એના એને મહિને બે રૂપિયા મળતા. તે તો વપરાઈ પણ ગયા હતા. બીજા બે રૂપિયા તો હજી પાંચમી તારીખે મળવાના હતા. તેને તો હજી ઘણીવાર હતી. ભારે હૈયે આનંદી ઘેર ગઈ.

બાએ પૂછ્યું, ‘‘કેમ બેટા, આજે મોઢું પડી ગયું છે ?’’ પણ આનંદીએ કહ્યું, ‘‘કાંઈ નહિ, બા’’. એ જાણતી હતી કે બે રૂપિયાની વાત જાણી બા બિચારી જીવ બાળશે.

‘‘હશે, પર્યટનમાં નહિ જવાય તો શું થયું ? બે દિવસ રજા મળશે તો ઘેર બેઠાં ગમ્મત કરશું.’’ એણે પોતાના નિરાશ બનેલા ચિત્તને ફોસલાવવા માંડ્યું.

આનંદીને ઊંઘ ન આવી. આ કેવો અન્યાય ! અમે કેમ ગરીબ ? આવા અનેક વિચારો આનંદીના નાનકડા મગજને હેરાન કરી રહ્યા હતા. ‘‘આગગાડીમાં પણ હું તો કદી બેઠી નથી. બધી છોકરીઓ કેવી ગમ્મત કરશે. ગીતો ગાશે ! બાલારામમાં પાણીનો ધોધ અને ઝરણાં છે, ત્યાં બધાં મજા કરશે. હું જ કમનસીબ છું’’. ઊનાં ઊનાં આંસુથી આનંદીનું ઓશિકું ભીંજાવા લાગ્યું. પછી એને ભગવાન યાદ આવ્યા. એને વિચાર થયો , ‘ભગવાનને સાચા દિલથી પ્રાર્થના કરીએ, તો અણીને વખતે તે ભક્તની વહારે ધાય છે’.

પછી તો આનંદી પથારીમાં બેઠી થઈ એણે મોઢું ધોઈ, પાણી પીધું. ઉઘાડી બારીઓમાંથી તારાઓનું આછું અજવાળું આનંદીની પથારી ઉપર પથરાતું હતું.

પથારીમાં બેઠે બેઠે આનંદીએ ભગવાનને પ્રાર્થના કરી, ‘‘હે દીનાનાથ, દીનદયાળ ! હું ગરીબડી છોકરી છું. ધનદોલત, હાથીઘોડા, હીરામોતી કે હવેલી મહેલની મને આશા નથી. હું તો માંગું છું ફક્ત બે રૂપિયા, એટલી રકમનો શો હિસાબ છે ? બે રૂપિયા મને ગમે તે રીતે અપાવો તો હે પ્રભુ ! તારો ઉપકાર નહિ ભૂલું’’. પ્રાર્થના કર્યાથી આનંદીનું મન જરા હળવું થયું અને તે ઊંઘી ગઈ.

સવારે ઊઠીને એ સ્ત્રી-દાકતરનું દવાખાનું વાળવા ગઈ. ડોક્ટરની ખુરશી નીચે બે રૂપિયાની એક નોટ પડી હતી.

એ નોટ જોઈ આનંદી રાજી રાજી થઈ ગઈ. ‘નક્કી આ નોટ ભગવાને જ મૂકી છે !’ એણે મનમાં વિચાર કર્યો. નોટ ખિસ્સામાં મૂકી ઉમંગભેર એણે કામ પતાવી દીધું. પાણીનું માટલું ભરવા એ નળ પર ગઈ, ત્યારે આનંદીના પિતા ત્યાં દાતણ કરતા હતા. તેથી આનંદીને જરા થોભવું પડ્યું.

શાંત ચિત્તથી એ વિચારવા લાગી, ‘ભગવાને નોટ મોકલી એમ હું કહું છું. પણ ખરેખર તો એ કોઈની પડી ગઈ હશે! ડૉક્ટરની હોય કે કદાચ કોઈ ગરીબ–ગુરબાની પરાણે એકઠી કરેલી પૂંજીમાંની પણ નોટ હોય. મારાથી કેમ લેવાય ? પર્યટનમાં જવાનું ન હોત, તો હું આ નોટ ખિસામાં મૂકત ખરી ? ચોરી કરીને પર્યટનમાં જવાય ખરું ? ભગવાન ચોરી કરાવે ખરો ? ચોરી કરું તો ભગવાન જરૂર નારાજ થાય. બા જાણે તો કેટલી દુઃખી થાય !

‘હશે. પર્યટનમાં નહિ જવાય તો કંઈ નહિ ...’ આનંદીના મગજમાં ગડમથલ ચાલી. માટલું ભરાઈને છલકાઈ જવા લાગ્યું. પણ એને ભાન જ નહિ. છેવટે ભાન આવતાં એ ડૉક્ટરના દવાખાને ગઈ. પાણિયારા પર માટલું મૂક્યું ત્યાં ડૉક્ટરે પૂછ્યું, ‘‘આનંદી ! પેલી મંગુબાઈ હમણાં આવીને કહેતી હતી કે એની બે રૂપિયાની નોટ ખોવાઈ ગઈ છે. તને એ જડી છે, આનંદી ? મંગુ બિચારી ગરીબ છે, એણે માંડ બે રૂપિયા ઊભા કર્યા હતા ; કોણ જાણે એ જૂઠું યે બોલતી હોય ...’’

આનંદીએ ખીસામાંથી બે રૂપિયાની નોટ કાઢી ડૉક્ટરના હાથમાં મૂકી. એની આંખમાં આંસુ આવી ગયાં. તે જોઈ ડૉક્ટરને ખૂબ નવાઈ લાગી. એમણે પૂછ્યું, ‘‘કેમ રડે છે આનંદી ?’’ આનંદીથી ન રહેવાયું. એણે અથથી ઈતિ સુધી બધી હકીકત કહી સંભળાવી.

ડૉક્ટરબાઈ બહુ દયાળુ હતાં. એમણે પોતાની પર્સ ખોલી બે રૂપિયા કાઢી આપ્યા, ‘‘તું સાચું બોલી એનું ઈનામ !’’

આનંદીના પગે પાંખો આવી. દોડતી દોડતી એ નિશાળે ગઈ. સૌથી પહેલી જઈને એ પર્યટનના બે રૂપિયા મોટા બહેનને આપી આવી મોટાં બહેન કહે, ‘‘કેમ, આજે ખૂબ ખુશ છે ?’’




આનંદીએ બધી આપવીતી કહી સંભળાવી. આનંદીની ઘરની સ્થિતિનો ખ્યાલ મોટા બહેનને ન હતો. એમણે આનંદીનું નામ ત્યારપછી માફી વિદ્યાર્થિની તરીકે દાખલ કર્યું અને ચોપડીઓ, નોટબુકો વગેરે પોતાને ખર્ચે આપવાનું નક્કી કર્યું.

બાલારામનું પર્યટન થયું સૌને ખૂબ જ ગમ્મત પડી પણ ભગવાને જેને બે રૂપિયાની ભેટ મોકલી તે આનંદી જેટલો આનંદ બીજા કોઈને આવ્યો હશે ખરો ?

– વિનોદીની નીલકંઠ

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) આઘે | – ...................... | ૨) મેદાન | – ...................... |
| ૩) સમય | – ...................... | ૪) તબીબ | – ...................... |
| ૫) પ્રવાસ | – ...................... | ૬) મન | – ...................... |
| ૭) બંધનકર્તા | – ...................... | ૮) મદદ | – ...................... |
| ૯) મિલકત | – ...................... | ૧૦) બક્ષિસ | – ...................... |

**સ. ૨ પાઠમાંથી જોડશબ્દો શોધી તેની યાદી બનાવો.** દા.ત. ધનદોલત.

**સ. ૩ કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ ખાલી જગ્યા પૂરો.**

(માટે, ઉપર, વિના, નીચે, પાસે)

૧) ડૉક્ટરની ખુરશી ........... બે રૂપિયાની નોટ પડી હતી.

૨) તેની બા ......... બે આના પણ નહોતા.

૩) તારાઓનું આછું અજવાળું આનંદની પથારી ............ પડતું હતું.

૪) પૈસા ............ પર્યટનમાં નહિ જવાય તેથી આનંદી નારાજ હતી.

૫) સીતાને .......... રામે રાવણ સાથે લડાઈ કરી.

**સ. ૪ અર્થ ન બદલાય તેવી રીતે વાક્ય ફરીથી લખો.**

દા.ત. આ પર્યટન <u>ફરજિયાત</u> નથી.

જવાબ : આ પર્યટન <u>મરજિયાત</u> છે.

૧) ખમીસ સીવવું <u>સહેલું</u> નથી.

૨) <u>ખોટા</u> દિલની પ્રાર્થના ફળતી નથી.

૩) ઘરમાં <u>અંધારું</u> નથી.

૪) હું <u>નસીબદાર</u> છું.

૫) ચોરી કરીએ તો ભગવાન <u>નારાજ</u> થાય.

**સ. ૫ શબ્દકોશની મદદથી નીચેના શબ્દસમૂહ કે રૂઢિપ્રયોગોના અર્થ શોધો.**

| | |
|---|---|
| ૧) અવાજ શમી જવો | ૫) ભારે હૈયે |
| ૨) મોઢું પડી જવું | ૬) જીવ બાળવો |
| ૩) મગજ અસ્થિર થઈ જવું | ૭) ચિત્તને ફોસલાવવું |
| ૪) રમત વાત હોવી | ૮) વહારે ધાવું |

♦ **સંભાષણ**

૧) શાળાના પર્યટનમાં ન જવા મળે, તો તમને જે લાગણી થાય તે ટૂંકમાં કહો.

**સ. ૬ નીચેનાં વાક્યો બોલનાર અને સાંભળનારનાં નામ લખો.**

૧) 'હશે, ઉજાણીએ નહિ જવાય, તો કંઈ નહિ...'

૨) 'કેમ રડે છે આનંદી ?'

૩) 'ભગવાન ચોરી કરાવે ખરો ?'

૪) 'કેમ બેટા, આજે મોઢું પડી ગયું છે ?'

૫) 'દરેક જણ બે રૂપિયા લાવજો.'

**સ. ૭ પાઠ વાંચીને નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યા પૂરો.**

૧) મુખ્ય શિક્ષિકા ............. પ્રાર્થનાના સમયે જાહેરાત કરી.

૨) આનંદીનું કુટુંબ એક મંદિરના ................ રહેતું હતું.

૩) ............. આંસુથી આનંદીનું ઓશીકું ભીંજાવા લાગ્યું.

૪) પાણીનું માટલું ભરવા તે ............. પર ગઈ.

૫) આનંદીએ .......... થી ........... સુધી બધી હકીકત કહી સંભળાવી.

**સ. ૮ નામ લખો.**

૧) આનંદીની બહેનો – .................. ..................

૨) આનંદીના ભાઈ – .................. ..................

૩) આનંદીની શાળાના મુખ્ય શિક્ષિકા – ......................

૪) આનંદીને જેની બે રૂપિયાની નોટ મળી હતી તે ગરીબ બાઈ – ..................

૫) આનંદી ગઈ હતી તે પર્યટનનું સ્થળ – ......................

**સ. ૯ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) પર્યટનનું નામ સાંભળી આનંદી બહુજ હરખાઈ ગઈ. કારણ કે .....................

અ) તેણે બાલારામ જોયું હતું.

બ) તે કદી આગગાડીમાં બેઠી નહોતી.

ક) ત્યાં રાત રોકાવાનું હતું.

૨) આનંદીએ બાને કંઈ જ કહ્યું નહિ. કારણ કે ....................................

અ) તેને બાની બીક લાગતી હતી.

બ) તેને બાની ચિંતા થતી હતી.

ક) બા જીવ બાળે તે આનંદી ઇચ્છતી નહોતી.

૩) આનંદીએ ભગવાન પાસે શું માંગ્યું ?

અ) ફક્ત બે રૂપિયા.

બ) ધન–દોલત અને હીરા–મોતી.

ક) પોતાની ગરીબાઈ દૂર કરવાનું.

૪) આનંદી પર્યટનમાં જવાના બે રૂપિયા ભરી શકી. કારણ કે ..........................

અ) તેની બાએ તેને બે રૂપિયા આપ્યા.

બ) ડૉક્ટરે તેને સાચું બોલવા માટે ઈનામ આપ્યું.

ક) તેણે મંગુબાઈના બે રૂપિયા ચોરી લીધાં હતાં.

**સ. ૧૦ તમારા પોતાના શબ્દોમાં લખો.**



૧) તમારા વર્ગની બહાર પડેલી પચાસ રૂપિયાની નોટ તમને મળી. તો તમે જે કરશો તે ટૂંકમાં લખો.

૨) તમે કોઈ પ્રવાસે ગયા હો તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

## પ્રકલ્પ



♦ 'મધ્યાહ્ન ભોજન યોજના' અંતર્ગત તમે જે નાસ્તો ખાઓ છો તે બનાવવા જે સામગ્રીનો ઉપયોગ થાય, તેનાં નામ લખી તક્તો બનાવો.

## હું વાંચું ..... તમે પણ વાંચો



### કુદરત સાથે નાતો

રાઘવ, સૌમ્ય, હેતા, પ્રીતા, નૂપુર, તમન્ના બોલે,
જલદી ચાલો ભવ્યા, અનિપ્રા, પંક્તિબેન પણ બોલે.
ટ્રેકિંગ કરીએ, ડુંગર ચઢીએ, કુદરત સાથે નાતો,
પંખી, ઝરણાં, પતંગિયાની સાથે, કરશું વાતો.
ઊંચા ઊંચા પર્વત જોઈ ડરી નહિ જવાનું,
બમબમ ભોલે બોલતા બોલતા ટોચ ઉપર ચઢવાનું.
આકાશ આપણો ટેન્ટ અને છે ધરતી સ્લીપિંગ બેગ,
ફૂલોની ચાદરને અહીંયા કોણ લગાડે ટેગ ?
પકડાપકડી કે થૂઈ થપ્પા અને સાંકળી રમશું,
જાતે રાંધી શાક–થેપલાં એક થાળીમાં જમશું.
મોલ, મૂવી, વીડિયોગેમ ને કમ્પ્યુટરને છોડો,
મસ્ત બનીને તમેય નાતો કુદરત સાથે જોડો.

– શ્રીમતી અર્ચના જે. શાહ



**અધ્યાપન સંકેત :** પ્રસ્તુત વાર્તા ઘણાં વર્ષો પહેલાં લખાઈ છે. તે સમયે બે રૂપિયાની કિંમત આજના ૨૦૦ કે ૨૦૦૦ રૂપિયા જેટલી હતી. આજે મોંઘવારી તે વખત કરતાં ૧૦૦ ગણી વધી ગઈ છે. તેથી પ્રસ્તુત વાર્તાનું વિષયવસ્તુ સમજાવવું. પરંતુ રૂપિયા પોતાની શાળામાંથી જતા પર્યટન પ્રમાણે કહી શકાય. આનંદીના ઘરની પરિસ્થિતિ કરતાં પણ તેના મનમાં ઊઠેલા પ્રશ્નો ઉપર ચર્ચા કરવાનો પ્રયત્ન કરવો. તેની નિખાલસતા, સત્યપ્રિયતા, સમજણ, ઉત્સાહ, ધગશ, શ્રમ વગેરે ગુણોને ખીલવવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.

**સત્યનો જ વિજય થાય છે.**

## ભાષિક સમજ

## વિશેષ ઉપક્રમ



- **જુઓ. વિચારો અને ધ્યાનમાં રાખો.**
  - લાભાલાભ = લાભ + અલાભ
  - સર્વ + ઉત્તમ = સર્વોત્તમ
  - કિશોરાવસ્થા = કિશોર + અવસ્થા
  - રજની + ઈશ = રજનીશ
  - મહેન્દ્ર = મહા + ઈન્દ્ર
  - રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર
  - મધુ + ઊર્મિ = મધુર્મિ
  - એક + અંત = એકાંત
  - વાત + આવરણ = વાતાવરણ
  - સ્વ + અધ્યાય = સ્વાધ્યાય

ઉપરના દરેક શબ્દમાં બે-બે શબ્દો જોડાયા છે. બે શબ્દોના જોડાણને અને એક શબ્દને ધ્યાનમાં રાખો.

- **નીચેના શબ્દોને બે શબ્દના રૂપમાં લખો.**

૧) સમાંતર  
૨) એકાકાર  
૩) વિદ્યાભ્યાસ  
૪) વિવેકાનંદ  
૫) જયેન્દ્ર  
૬) મહોદય  
૭) પરોપકાર  
૮) રામેશ્વર  
૯) ધર્મેન્દ્ર  
૧૦) કર્મેન્દ્રિય  
૧૧) પરીક્ષા  
૧૨) અવનીશ  
૧૩) મંત્રોચ્ચાર  
૧૪) ઉત્તમોત્તમ

- **નીચેના બે શબ્દોને જોડી એક શબ્દ બનાવો.**

૧) ચિંતા + આતુર  
૨) મહા + ઈશ  
૩) યોગ + ઈન્દ્ર  
૪) મહા + ઈચ્છા  
૫) કવિ + ઈશ્વર  
૬) લોક + ઉક્તિ  
૭) પુરુષ + ઉત્તમ  
૮) ભુવન + ઈશ્વર  
૯) નાગ + ઈશ્વર  
૧૦) રાજ + ઈશ્વર  
૧૧) જલ + આવરણ  
૧૨) બાહ્ય + આવરણ  
૧૩) આનંદ + ઊર્મિ  
૧૪) સિન્ધુ + ઊર્મિ

# કવિ-લેખક પરિચય

## ૧. જીવન અંજલિ થાજો

**કરસનદાસ માણેક :** ગાંધીયુગના સુપ્રસિદ્ધ કવિ અને કિર્તનકાર કરસનદાસ માણેકનો જન્મ ઈ. સ. ૧૯૦૨માં કરાંચીમાં થયો હતો. કવિ ઉપરાંત લેખક, પત્રકાર અને અનુવાદક તરીકે તેમણે ગુજરાતી સાહિત્યની સેવા કરી છે. ‘‘આલબેલ’’, ‘‘ખાખના પોયણા’’, ‘‘રામ તારો દીવડો’’ એ મુખ્ય કાવ્યસંગ્રહો છે. ઈ. સ. ૧૯૭૮માં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો હતો.

## ૨. અમારી કામધેનુ

**ચંદ્રકાંત પંડ્યા :** ચંદ્રકાંત જેઠાલાલ પંડ્યાનો જન્મ ઈ. સ. ૧૯૨૦માં વલસાડ જિલ્લાના ધરમપુર ગામમાં થયો છે. ‘જ્વાળા અને જ્યોત’, ‘બાનો ભીખુ’ અને ‘સુદામાએ દીઠી દ્વારામતી’ એ તેમનાં જાણીતાં પુસ્તકો છે. લેખકે લખેલા ‘બાનો ભીખુ’ પુસ્તકમાંથી પ્રસ્તુત પાઠ ‘અમારી કામધેનુ’ લીધેલો છે.

## ૩. થાયે છે થેઈથેઈકાર

**પ્રહ્‌લાદ પારેખ :** વર્ષાકાવ્યોના રચયિતા તરીકે જાણીતા કવિ પ્રહલાદનો જન્મ ઈ. સ. ૧૯૧૨માં ભાવનગરમાં થયો હતો. માત્ર ૫૦ વર્ષના તેમના જીવનકાળમાં તેમણે લખેલી કવિતાઓ ‘બારી બહાર’ અને ‘સરવાણી’ કાવ્યસંગ્રહોમાં સંગ્રહિત કરેલી છે. ગાંધીયુગ પછીના કવિઓમાં અગ્રગણ્ય ગણાતા આ કવિનો જીવનદીપ ઈ. સ. ૧૯૬૨માં બુઝાયો હતો.

## ૪. બુદ્ધિની કરામત

**જીવરામ જોષી :** સૌરાષ્ટ્રના ગરણી ગામમાં જુલાઈ મહિનાની છઠ્ઠી તારીખે જન્મેલા જીવરામ જોષીએ બાળકોના હૃદયમાં અનેરું સ્થાન મેળવેલું છે.

બાળ સાપ્તાહિક ‘ઝગમગ’ના સંપાદક અને ‘છુક છુક’ ગાડીના તંત્રી જીવરામ જોષી રચિત અનેક પાત્રોએ રંગભૂમિ પર ધમાલ મચાવી બાળકોને આનંદ કરાવ્યો છે. મિયાં ફૂસકી, અડૂકિયો–દડૂકિયો, છેલ–છબો વગેરે જેવા અમર પાત્રો આજે પણ બાળકોનાં હૃદયમાં જીવંત છે.

## ૫. લોકગીત

લોકગીત લોકસાહિત્યનો એક પ્રકાર છે. લોકગીત લોકમાનસનું પ્રતિબિંબ હોય છે. એનું સર્જન પણ લોકો દ્વારા જ થતું હોય છે. આથી એમાં લોકલાગણીનો પડઘો પડે છે. લોકજીવન તથા માનવ હૃદયની ભાવનાઓને લોકગીત વાચા આપે છે. લોકગીત સ્નેહ અને વ્યથા જેવા સૂક્ષ્મભાવોને ગેય બનાવી લોકોમાં કાવ્ય રૂપે વહેતા મૂકે છે. લોકગીતોમાં તળપદા લહેકાવાળી અને લોકમુખે રમતી ભાષા હોવાથી તે લાંબો સમય લોકકંઠે જળવાઈ રહે છે.

## ૬. ગુજરાતની પ્રવાસભૂમિ

**ડૉ. મીનાક્ષી ઠાકર :** બહુમુખી પ્રતિમા ધરાવતા ડૉ. મીનાક્ષી ઠાકર અંગ્રેજી અને હિન્દી ભાષાના વિદ્વાન હોવા સાથે પુરાતત્ત્વશાસ્ત્ર અને કાયદાશાસ્ત્રના નિષ્ણાત છે. પત્રકારત્વ ક્ષેત્રે કાર્ય કરવા સાથે આકાશવાણીમાં પણ પોતાની સેવાનું પ્રદાન કરનાર લેખિકાએ ૫ વર્ષ શિક્ષક તરીકે પણ કામગીરી બજાવી છે. ‘સંસ્કાર’, ‘અમૃતમ્’, ‘સરદાર પટેલ’ એવોર્ડ મેળવનાર લેખિકાનું સરસ્વતી સન્માન પણ થયું છે.

‘તીર્થભૂમિ ગુજરાત’, ‘ઉદ્‌ઘોષણા એક કલા’, ‘જિજ્ઞાસાનું જગત’, ‘આદિવાસી વિકાસ અને વન’, ‘આપણા કેળવણીકારો’, ‘બાળખજાનો’, ‘મેઘધનુષ’ અને ‘એકદંડિયો મહેલ’ જેવા અનેક તેમનાં પુસ્તકો છે.

## ૭. સરદાર કથા

**સાંઈરામ દવે :** સૌરાષ્ટ્રના જામનગરમાં ઈ. સ. ૧૯૭૭માં જન્મ્યા છે. ગુજરાતી વર્તમાન પત્ર ‘મિડ ડે’ અને ‘સંદેશ’માં હાસ્યલેખ તરીકે તેમની બે કોલમો અનુક્રમે ‘સાંઈરામનું હાયરામ’ અને ‘મસ્તીના પુર’ નિયમિત પ્રસિદ્ધ થાય છે. ગુજરાત સરકારે તેમને ‘ગુજરાત ગૌરવ પુરસ્કાર’થી નવાજ્યા છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘સાંઈરામના હસતા અક્ષર’ છે. તો ‘રંગ કસુંબલ ગુજરાતી’ અને ‘અક્ષરની આંગળિયું ઝાલો’ એ તેમનાં અન્ય પુસ્તકો છે. તેમના કંઠે ગવાયેલાં ગીતોની વિડિયો સીડી પણ બહાર પડેલી છે.

## ૮. ગોબરગૅસ

**દિલીપ રૉય :** તેમનો જન્મ ઈ. સ. ૧૯૩૮માં બાંગલાદેશમાં આવેલા નોઆખલી ગામમાં થયો હતો. પરંતુ તેમની કર્મભૂમિ ગુજરાત રહી છે. એટલું જ નહિ પરંતુ ગુજરાતીના શિક્ષક તરીકે તેમણે આપેલી સેવા અનન્ય છે. પોતાની માતૃભાષા બંગાળી હોવા છતાં તેમણે ગુજરાતી ભાષામાં ઘણી વાર્તાઓ લખી છે.

## ૯. નીંદરભરી

**ઝવેરચંદ મેઘાણી :** સ્વ. મેઘાણી લોકહૃદયના ભાવોને દિલ ભરીને ગાનારા અત્યંત લોકલાડીલા કવિ હતા. મેઘાણીના દેશપ્રેમ અને સ્વતંત્રતાની ભાવનાની પ્રેરણા આપતાં કાવ્યોને લીધે મહાત્મા ગાંધીજીએ તેમને ‘રાષ્ટ્રીય શાયર’નું બિરૂદ આપ્યું છે. કસુંબીનો રંગ, સ્વતંત્રતાની મીઠાશ, છેલ્લી પ્રાર્થના, શિવાજીનું હાલરડું, છેલ્લો કટોરો વગેરે કૃતિ જાણીતી છે. લોકસાહિત્ય પ્રકાશિત કરવામાં તેમનું અનન્ય યોગદાન છે.

## ૧૦. ડૉ. નીલકંઠરાય છત્રપતિ

**યશવંત મહેતા :** ગુજરાતી સાહિત્યમાં નવલકથા, જીવનચરિત્ર, બાળ સાહિત્ય, નિબંધ જેવાં વિવિધ સાહિત્ય સર્જન કરનાર શ્રી. યશવંત મહેતાનો જન્મ ૧૯.૬.૧૯૩૮માં થયો હતો. તેઓ ગુજરાત રાજ્ય તેમ જ ભારત સરકાર દ્વારા પુરસ્કૃત થયેલ છે. સરળ અને પ્રાસાદિક શૈલીમાં લખાયેલું એમનું લખાણ હૃદયસ્પર્શી છે.

## ૧૧. સ્વચ્છતા માટે થેંક્યું

**પ્રદીપકુમાર એસ. દોશી** : ગુજરાત રાજ્યના ભરુચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં પાનોલી નામના ગામમાં રહે છે. દેશમાં સ્વચ્છતા અભિયાન જ્યારે જોરશોરથી ચાલી રહ્યું છે ત્યારે તેમણે પોતાની સર્જનશીલતાને વાચા આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમના આ પ્રયત્નને લીધે સ્વચ્છતા માટે નાના–મોટા દરેકને પ્રેરણા મળે છે.

## ૧૨. અદ્‌ભુત નિશાનબાજ

**ચીમનભાઈ દવે** : ગુજરાતી સાહિત્યમાં ચીમનભાઈ દવે તેજસ્વી લેખક અને કવિ તરીકે જાણીતા છે. તેમનો જન્મ ૧૯૨૦ની સાલમાં સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં થયો. કેળવણીના ક્ષેત્રમાં તેમની સેવા નોંધપાત્ર છે. તેમની માનવતાભરી ગણનાપાત્ર સમાજસેવાની કદર કરવી જ રહી. કેળવણી, ધર્મ, માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને કવિતા એમના રસના વિષયો છે. તેમનો કાવ્યસંગ્રહ ‘પ્રભુની પ્યારી ગ્રીવામાં’ સારી પ્રશંસા અને આદર પામ્યો છે. એ ઉપરાંત કિશોરોના મનને ઘડે એવા કિશોર સાહિત્યના સર્જનમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે.

## ૧૩. મારો ચગે રે પતંગ

**બાલમુકુંદ દવે** : બાલમુકુંદ દવેનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તુપુરા ગામમાં થયો હતો. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં થોડો સમય કાર્ય કર્યા પછી તેઓ ‘નવજીવન’માં જોડાયા. ‘પરિક્રમા’, ‘કુંતલ’ તેમના કાવ્યસંગ્રહો છે. ‘સોનચંપો’, ‘ઝરમરિયાં’ તેમનાં બાળકાવ્યોના સંગ્રહ છે. ભાવની સહજ, સરળ અભિવ્યક્તિ તથા તાજગી એમનાં કાવ્યોની વિશેષતા છે.

## ૧૪. પાતળ (પતરાળાં)

**સાને ગરૂજી** : મહારાષ્ટ્રના એક ખૂબજ જાણીતા લેખકની સાથેસાથે તેઓ સમાજસુધારક, સ્વાતંત્ર્યસેનાની અને તત્ત્વજ્ઞાની પણ હતા તેમની આત્મકથા ‘શ્યામચી આઈ’ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ શ્રી. નટવરલાલ દવેએ કર્યો છે. ‘શ્યામચી આઈ’ પુસ્તક એટલું બધું પ્રસિદ્ધ બન્યું કે તેના ઉપરથી એક ચલચિત્ર બનાવવામાં આવ્યું છે. આ ચલચિત્રને સર્વોત્તમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

આ પુસ્તકનું એક પ્રકરણ ‘ભૂતદયા’ ચોથા ધોરણમાં, ‘મૂંગાં ફૂલ’ પાંચમા ધોરણમાં આપણે શીખી ગયા છીએ. હવે આ વર્ષે ‘પતરાળું’ અર્થાત ‘પાતળ’નું પ્રકરણ શીખીશું.

## ૧૫. ચલ મન મુંબઈ નગરી

**નિરંજન ભગત** : આધુનિક યુગના સંવેદનાના કવિ અને વિવેચક નિરંજન ભગતનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓની સર્જનશક્તિ ઉચ્ચ કોટિની હતી. ‘છંદોલય’, ‘કિન્નરી’, ‘અલ્પવિરામ’ તેમના કાવ્યસંગ્રહો છે. તેમને તેમનાં કાવ્યસર્જન માટે નર્મચંદ્રક, રણજિતરામ, સુવર્ણચંદ્રક, ભારતીય સાહિત્ય અકાદમીનો એવૉર્ડ વગેરે મળ્યા છે.

## ૧૬. બે રૂપિયા

**વિનોદિની નીલકંઠ** : ‘કદલીવન’ નામની નવલકથા અને ‘રસદ્વાર’ નામનો નિબંધસંગ્રહ તેમણે આપેલી ભેટ છે. ‘કાર્પાસી અને બીજી વાતો’ તેમજ ‘દિલ દરિયાવનાં મોતી’ તેમનાં વાર્તાસંગ્રહો છે. ‘ગુજરાત સમાચાર’ વર્તમાનપત્રમાં વર્ષો સુધી ‘ઘરઘરની જ્યોત’ નામે સાપ્તાહિક કોલમમાં કટારલેખન કરી તેમણે નારીજીવનના પ્રશ્નોની રજૂઆત કરી હતી. ‘ગુજરાતી અટકોનો ઈતિહાસ’ તેમનો સંશોધનગ્રંથ છે.

## ★★★★★ પરમવીર ચક્ર – આપણા વીરપુરુષો ★★★★★

તમે ભૂતકાળમાં અદ્‌ભુત વીરતા દાખવનારા અને અસામાન્ય વિલક્ષણ જવાંમર્દી, શૌર્ય દાખવનારા વીરપુરુષો વિષે સાંભળ્યું હશે. પરંતુ આજે પણ આપણા જીવનની સુરક્ષા માટે આપણા દેશના વીર સૈનિકો, જવાનો પોતાનું બલિદાન આપતા ગભરાતા નથી. તેમની વીરતાને બિરદાવવા માટે લશ્કરી માનચંદ્રક તેઓને એનાયત કરવામાં આવે છે.

પરમવીર ચક્ર એ ભારતનો સર્વોચ્ચ લશ્કરી માનચંદ્રક છે. તે અતિ ધ્યાનાકર્ષક વીરતા, કોઈ સાહસ, શત્રુ સામે દાખવેલા સર્વશ્રેષ્ઠ વીરતાભર્યા કાર્ય કે શત્રુની સામે લડતાં લડતાં આપેલ બલિદાન–પછી તે જમીન પરનું હોય, દરિયાઈ હોય કે અવકાશી હોય, આપવામાં આવે છે.

પરમવીર ચક્ર અતિ દુર્લભ સન્માન છે. જે અત્યાર સુધીમાં ફક્ત ૨૧ જણને જ આપવામાં આવ્યું છે. તેમાંનાં ૧૪ પુરસ્કાર મરણોત્તર આપવામાં આવ્યા છે.



આ ચંદ્રક (મેડલ) દેખાવમાં ઘણો જ સાદો હોય છે જે કાંસાનો બનેલો હોય છે. તેને ફરતી ચકરડીથી ઉપર ગોઠવવામાં આવે છે. તેના પર સાદા જાંબલી રંગની રિબિન હોય છે. મુખાકૃતિ પર બરાબર વચ્ચે રાષ્ટ્રીય મુદ્રા જે 'ઇંદ્ર વજ'ની ચાર પ્રતિકૃતિથી ઘેરાયેલી હોય છે. તેની પાછળની બાજુએ બે કમળનાં ફૂલની વચ્ચે હિંદી અને અંગ્રેજીમાં 'પરમવીર ચક્ર' કોતરેલું હોય છે.

સાવિત્રીબાઈ ખાનોલકર દ્વારા પરમવીર ચંદ્રકની આકૃતિ તૈયાર કરવામાં આવી હતી. તે યુરોપિયન સ્ત્રી હતી, જેણે ભારતીય ફોજના ઑફિસર વિક્રમ ખાનોલકર સાથે લગ્ન કર્યાં હતાં. સાવિત્રીબાઈ ભારતને ચાહતી હતી અને તેણે ભારતીય નાગરિકત્વ સ્વીકાર્યું હતું. તેઓ અટક્યા વિના સરળતાથી મરાઠી, સંસ્કૃત, હિંદી ભાષા બોલી શકતા અને તેઓએ ભારતીય કલા અને પ્રણાલીનો, પરંપરાનો અભ્યાસ કર્યો. યુગાનુયોગ પ્રથમ **PVC** પુરસ્કાર તેની મોટી દીકરીના દિયર, મેજર સોમનાથ શર્માને આપવામાં આવ્યો.

અતિવિનાશક આયુધ ઇંદ્રનું વજ અદ્વિતીય, અજોડ શસ્ત્ર માનવામાં આવે છે. ખરેખર, તો ઋષિ દધિચિએ આપેલ બલિદાનને કારણે આ આયુધ અજેય બન્યું છે.

પૌરાણિક કથા મુજબ, હજારો વર્ષ પહેલાં દૈત્યોએ (રાક્ષસોએ) દુનિયાનું બધું જ પાણી ચોરી લીધું. ભોળી જનતા પાણીના અભાવે તરસથી ટળવળીને મરવા લાગી. લાકડાં કે ધાતુમાંથી બનેલાં સાધારણ શસ્ત્રોથી આ દૈત્યો હાર્યા નહિ. એમને હણવા, મારવા માટે કોઈ અસાધારણ શસ્ત્રની જરૂર હતી. એવી ખબર પડી કે ઋષિ દધિચિનાં હાડકાંમાં અસાધારણ દિવ્ય શક્તિ છે. પરંતુ કોઈ જીવિત માણસનાં હાડકાં કેવી રીતે માગી શકાય? ઋષિ દધિચિ ઉમદા માણસ હતા. તેમણે જાતે જ પરોપકાર વૃત્તિથી પ્રેરાઈ બલિદાન આપ્યું અને જનતાને મદદરૂપ થવા પોતાનાં હાડકાં આપ્યાં. ઇંદ્ર વજ, અતિવિનાશક ઇંદ્રનું આયુધ જેને હાડકાંમાંથી ઘાટ આપી તૈયાર કરવામાં આવ્યું હતું, જેને કારણે દૈત્યો હારી ગયા.

જે રીતે ઋષિ દધિચિનાં હાડકાંમાંથી ઇંદ્ર વજ જેવી શક્તિ મેળવવામાં આવી તે જ રીતે ભારતીય લશ્કર, સૈનિકો જવાંમર્દોએ દાખવેલ શૌર્ય, જવાંમર્દીમાંથી ક્ષમતા અને શક્તિ મેળવે છે.

## મહાન એકવીસ પરમવીર

- મેજર સોમનાથ શર્મા
- લાન્સ નાઈક કરમ સિંઘ
- સેકન્ડ લેફ્ટેનન્ટ રામ રાઘોબા રાણે
- નાઈક જદુનાથ સિંઘ
- કંપની હવિલદાર મેજર પીરુ
- કેપ્ટન ગુરબચન સિંઘ સલારિયા
- મેજર ધન સિંઘ થાપા
- સુબેદાર જોગીન્દર સિંઘ
- મેજર શૈતાન સિંઘ
- કંપની ક્વાર્ટર માસ્ટર હવાલદાર અબ્દુલ હમીદ
- લેફ્ટેનન્ટ – કૉલોનેલ અર્દેશીર બરઝોરજી તારાપોર
- લાન્સ નાઈક અલબર્ટ એક્કા
- ૨/લેફ્ટેનન્ટ અરુણ ખેતરપાલ
- મેજર હોશિયાર સિંઘ
- નાયબ સુબેદાર બના સિંઘ
- મેજર રામસ્વામી પરમેશ્વરન
- લેફ્ટેનન્ટ મનોજ કુમાર પાંડેય
- ગ્રેનાડિઅર યોગેન્દર સિંઘ યાદવ
- રાઈફલમેન સંજય કુમાર
- કેપ્ટન વિક્રમ બત્રા
- ફ્લાઈંગ ઑફિસર નિર્મલજીત સિંઘ સેખોન

## હવાઈદળના અધિકારી નિર્મલજીત સિંઘ સેખોન ૧૦૮૭૭ F (P), PVC નંબર ૧૮ સ્કવેડ્રોન



૧૪ ડિસેમ્બર ૧૯૭૧માં શ્રીનગરના એયરફિલ્ડ પર દુશ્મનોના છ સાબ્રે વિમાનોએ ઓચિંતો હુમલો કર્યો હવાઈદળના ઑફિસર નિર્મલજીત સિંઘ એ સમયે ફરજ પર સજ્જ થઈ તૈયાર હતા. તેઓ તરત જ વિમાનને ઉપાડી શક્યા નહિ કારણ કે બીજા વિમાનને કારણે ધૂળની ડમરી હતી. થોડી ક્ષણમાં રનવે સાફ થઈ ગયો અને દુશ્મનોનાં છ વિમાનો માથા પર ઊંડતાં હતાં. તે નીચાં ઊડતાં હતાં અને સતત એઅરફિલ્ડ પર બોમ્બ ફેંકતા હતા, તોપમારો કરી હુમલો કરતાં હતાં. હવે લડાઈ છની સામે એકની હતી. તે છતાં હવાઈદળના ઑફિસર સેખોને એ ક્ષણે વિમાન ઉપાડ્યું અને હુમલા કરનાર બે સેબ્રેને લડાઈમાં બરાબરની ટક્કર આપી. તેણે બન્નેને સારી એવી હાનિ પહોંચાડી. તેમણે બાકી રહેલા વિમાન સાથે ઊંચાઈ પર અસંતુલિત લડત ચાલુ રાખી. છેવટે લડાઈના ઘટનાસ્થાન પરથી દુશ્મનોનાં વિમાન અદશ્ય થઈ ગયાં, નાસી ગયાં. એઅરફિલ્ડ અને શ્રીનગર શહેરને બચાવી લેવામાં આવ્યાં. પણ અરેરે ! આ શું ! હવાઈદળના ઑફિસર સેખોનનું વિમાન કડાકા સાથે તૂટી પડ્યું અને તેઓ મૃત્યુને ભેટ્યા.

વિમાનદળના ઑફિસર સેખોને ઊડાણનું શ્રેષ્ઠ કૌશલ્ય દાખવી પોતાનું નિશ્ચિત મૃત્યુનો હિંમતથી સામનો કર્યો. ફરજ પરનું કોઈ તેડું આવ્યું ન હોવા છતાં અદ્વિતીય અજોડ વીરત્વ બતાવ્યું એવા હવાઈદળના ઑફિસર નિર્મલજીત સિંઘ સેખોનને આપણી લાખો સલામ.

પોતાના દેશ માટે જીવન ન્યૌછાવર કરનાર અને શહીદ થનાર જવાંમર્દોએ જવાંમર્દી બતાવી પરમવીર ચક્ર (પીવીસી) પુરસ્કાર મેળવ્યો તે વિષેની માહિતી ઇંટરનેટ પરની વેબસાઈટ **www.paramvirchakra.com** પરથી મેળવી શકો છે.

જે આપણને સતત દેશદાઝની પ્રેરણા આપતા હોય છે, દેશપ્રેમની લાગણીની જ્યોત જલતી રાખતા હોય છે. તેઓએ જીવલેણ જખમો અને શારીરિક પીડાની પરવા કર્યા વિના દુશ્મનોનો કેવી રીતે સામનો કર્યો તે વિષે જરૂરથી જાણો.

## સ્વાધ્યાય



૧. 'પરમવીર ચક્ર' પાઠ વાંચીને નીચે આપેલા મુદ્દાઓ વિશે ત્રણથી ચાર વાક્યો લખો.

૧) પરમવીર ચક્ર

૨) દધિચી ઋષિ

૩) ઈન્દ્રનું આયુધ

૪) ઑફિસર નિર્મલજીત સિંઘ સેખોન

૫) સાવિત્રીબાઈ ખાનોલકર

૬) મેડલની ડિઝાઈન

૨. દેશના સંરક્ષણક્ષેત્રે શૌર્ય અને વીરતા દાખવનારને પરમવીર ચક્રનો પુરસ્કાર આપવામાં આવે છે. તેવી રીતે નીચેના ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી દર્શાવનારને કયા પુરસ્કારથી નવાજવામાં આવે છે, તેની માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવો.

૧) રમતગમત – ..........................................................................

૨) સાહિત્ય – ..........................................................................

૩) સામાજિક – ..........................................................................

૪) કલા – ..........................................................................

૫) શિક્ષણ – ..........................................................................

૬) ફિલ્મ – ..........................................................................

૩. ધ્રુવ, નચિકેત અને શ્રવણ વિશેની વાર્તાઓ પુસ્તકાલયમાં જઈને વાંચો.

૪. તમારા પાઠ્યપુસ્તકમાં પાના નં. ૨૧ ઉપર આપેલો સ્વયં અધ્યયનનો ઉપક્રમ જુઓ.

તેના માટે તમને ગમતી ડિઝાઈનવાળો મેડલ દોરી તેમાં રંગ પૂરો.

પછી આ જ મેડલ કાર્ડપેપર ઉપર દોરીને તૈયાર કરો.

તમારા મિત્રો સાથે અદલાબદલી કરી મેડલની નવી નવી ડિઝાઈનોનું નિરીક્ષણ કરો.

આ ચિત્રનું નિરીક્ષણ કરો.



# इयत्ता १ ली ते ८ वी साठीची पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पुस्तके

- मुलांसाठीच्या संस्कार कथा
- बालगीते
- उपयुक्त असा मराठी भाषा शब्दार्थ संग्रह
- सर्वांच्या संग्रही असावी अशी पुस्तके
- स्फूर्तीगीत
- गीतमंजुषा
- निवडक कवी, लेखक यांच्या कथांनी युक्त पुस्तक




















**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**

***साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.***

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૪૪.

बालभारती इयत्ता ६ वी (गुजराती)

₹ 46.00